# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 67 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 March 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૯ માર્ચ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## લોકસભા ચૂંટણી પહેલાં ચૂંટણીપંચની મોટી કાર્યવાહી

# બંગાળના ડીજીપી સહિત છ રાજ્યના ગૃહસચિવને હટાવ્યા

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણીમાં દરેક પક્ષને સમાન તક મળે તેની ખાતરી કરવા ચૂંટણીપંચે ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ગૃહ સચિવને હોદ્દા પરથી દૂર કરવાનો અને પ. બંગાળના ડીજીપી રાજીવકુમારની રાજ્યની બહાર ટ્રાન્સફર કરવાનો સોમવારે આદેશ આપ્યો હતો.

પ.બંગાળના ડીજીપીને હટાવ્યા પછી તરત જ નવા પોલીસ અધિકારીની નિમણૂંક કરી નાંખવામાં આવી છે. આઈપીએસ અધિકારી વિવેક સહાયને બંગાલના નવા ડીજીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મિઝોરમ અને હિમાચલ પ્રદેશના સામાન્ય વહીવટી ખાતાના સચિવને પણ હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

આ બાબત કાયદો અને વ્યવસ્થા, સુરક્ષાની ગોઠવણી, ચૂંટણીની તટસ્થતા તેમ જ ભેદભાવમુક્ત પ્રક્રિયા પર અસર કરી શકે એમ હોવાને કારણે આ નિણ૪ય લેવામાં આવ્યો હતો.

સંબંધિત રાજ્યમાં આ ગૃહસચિવો મુખ્ય પ્રધાનના કાર્યાલયમાં બે જવાબદારી સંભાળતા હોવાનું જણાઈ આવ્યા બાદ ઉપરોક્ત આદેશ આપવામાં આવ્યો હતો.

આવા અધિકારીઓ ચૂંટણીમાં હિતોના રક્ષણ સાથે સમાધાન તેમ જ તમામ પક્ષને સમાન તક આપવાની પ્રક્રિયા ખોરવી શકે એમ હોઈ ચૂંટણી સમિતિ સામાન્ય રીતે


(જુઓ પાનું ૨) ▸▸


## મુંબઈ પાલિકાના કમિશનરપદેથી ચહલને હટાવ્યા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણી પહેલા ચૂંટણી પંચ (ઈલેક્શન કમિશન) દ્વારા ઇકબાલસિંહ ચહલને મુંબઈ મહાપાલિકા (બીએમસી)ના કમિશનર તરીકેના પદ પરથી હટાવવાની કાર્યવાહી કરી છે.

મહારાષ્ટ્ર કેડરના ૧૯૮૯ની બેચના ઇકબાલ સિંહ ચહલની આઇએએસ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ચહલે તેમની કારકિર્દીમાં મહારાષ્ટ્ર સરકાર સાથે રાષ્ટ્રીયસ્તરે પણ અનેક જગ્યાએ મહત્ત્વની કામગીરી કરી હતી.

આજે ચૂંટણી પંચ દ્વારા પાલિકાના કમિશનર ઇકબાલસિંહ ચહલ અને નાયબ કમિશનરની બદલી કરવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચે ત્રણ વર્ષ પૂરા કરે અથવા ગૃહ જિલ્લામાં રહેલા અને મહારાષ્ટ્ર સરકારના ચૂંટણી સંબંધિત કામોમાં જોડાયેલા મહાપાલિકાના અધિકારીઓની બદલી કરવાનો આદેશ આપ્યો


(જુઓ પાનું ૨) ▸▸








પુતિન જ રશિયાના પ્રમુખ ૨










# કોલકાતામાં નિર્માણાધીન ઈમારત ધરાશાયી થતાં સાતનાં મોત

## ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ કડક કાર્યવાહીનું મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ આપ્યું આશ્વાસન

**ઈમારત તૂટીઃ** કોલકાતામાં સોમવારે વહેલી સવારે ગાર્ડન રિચ વિસ્તારમાં પાંચ માળની નિર્માણાધીન ઈમારત તૂટી પડ્યા બાદ ચાલી રહેલી રાહત કામગીરી. (એજન્સી)



કોલકાતાઃ પશ્ચિમ બંગાળના કોલકાતામાં એક મોટી દુર્ઘટના ઘટી છે. કોલકાતાના ગાર્ડન રીચ વિસ્તારમાં એક નિર્માણાધીન પાંચ માળની ઇમારત ધરાશાયી થતાં બે મહિલાઓ સહિત ઓછામાં ઓછા સાત લોકોના મોત અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

બચાવ કામગીરીમાં રોકાયેલા ફાયર સર્વિસના અધિકારીના જણાવ્યા અનુસાર ચાર લોકો કાટમાળ નીચે ફસાયેલા જોવા મળ્યા હતા અને તેમાંથી માત્ર એક જ વ્યક્તિ જીવિત હોવાના ચિહ્નો દેખાતા હોવાથી આંક વધી શકે છે. કોલકાતાના મેયર ફિરહાદ હકીમે જણાવ્યું હતું કે જે સ્થળે ગેરકાયદેસર રીતે ઇમારત બનાવવામાં આવી રહી હતી ત્યાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. જ્યારે બિલ્ડિંગના પ્રમોટર મોહમ્મદ વસીમની ધરપકડ કરવામાં આવી હતી. કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે, એમ મેયરે જણાવ્યું હતું.

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ શહેરના પશ્ચિમ પરિઘમાં અઝાન મોલ્લા લેન ખાતે બિલ્ડિંગ ધરાશાયી સ્થળની મુલાકાત લીધી હતી અને સ્થાનિકોને ગેરકાયદેસર બાંધકામ સામે સખત પગલાં લેવાની ખાતરી આપી હતી. હકીમે જણાવ્યું હતું કે એક ભયાનક અકસ્માતમાં નિર્માણાધીન પાંચ માળની ઇમારત મધ્યરાત્રિના સુમારે તૂટી પડી હતી. ફાયર સર્વિસના અધિકારીઓના જણાવ્યા અનુસાર અમે કાટમાળને સાફ કરવા અને નીચે ફસાયેલા લોકો સુધી પહોંચવા માટે ગૅસ કટર અને અન્ય સાધનોનો ઉપયોગ કરી રહ્યા છીએ. અમે પીડિતો તરફ સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છીએ તેમાં ઘણો સમય લાગી રહ્યો છે. એનડીઆરએફ, રાજ્ય અને કોલકાતા પોલીસની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના કર્મચારીઓ પણ સાથે મળીને કામ કરી રહ્યા હતા. કાટમાળના જંગી ઢગલાને કારણે બચાવકર્મીઓને ફસાયેલા છે તેઓ સુધી પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે એમ તેમણે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અમે ઇમારત ધરાશાયી થયાના બનાવમાં ભોગ બનેલા લોકોની યાદી તૈયારી કરી છે. સાત લોકોનાં મોત થયા છે અને તેમાં બે મહિલાઓ


(જુઓ પાનું ૨) ▸▸


### લોકસભા ચૂંટણી

# બીજેપીનું મિશન દક્ષિણ ભારત

## પાંચ રાજ્ય, ૧૨૯ બેઠક, ૧૨૦ કલાકનો એક્શન પ્લાન

નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાતની સાથે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે કેટલાક વિપક્ષી દળો પણ તૈયારીઓમાં લાગી ગયા છે. રેલીઓ ચાલુ થઈ ગઈ છે. ઈન્ડિયા ગઠબંધનની મુંબઈમાં રવિવારે એક રેલી થઈ ગઈ છે. બીજી તરફ મિશન દક્ષિણ ભારતને સર કરવા માટે મોદીનો એક્શન પ્લાન તૈયાર થઈ ગયો છે.

બીજેપી પોતાના મિશન અબ કી બાર, ૪૦૦ પારને પૂરો કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહી છે. વાસ્તવમાં બીજેપી ૪૦૦ પાર ત્યારે જ કરી શકશે જ્યારે તેઓ દક્ષિણમાં પણ વિજય મેળવે ખાસ કરીને તામિલનાડુ, આંધ્ર પ્રદેશ અને કેરળનો સમાવેશ થાય છે.

બીજેપીની કોશિશ છે કે આ રાજ્યોમાં બેઠકો વધારવાનો પ્રયાસ છે. આ પ્રયાસની શરૂઆત તો ચૂંટણીની જાહેરાત પહેલાં જ થઈ ગઈ છે. અહીં ઉલ્લેખનીય છે કે છેલ્લા ૭૭ દિવસોમાંથી ૨૩ દિવસો દક્ષિણના રાજ્યોમાં વિતાવ્યા છે.

આંકડા પર ધ્યાન આપવામાં આવે તો દક્ષિણના રાજ્યોમાં લોકસભાની ૧૨૯ બેઠકો છે. ૨૦૧૯માં આમાંથી બીજેપીને ફક્ત ૨૯ બેઠક પર વિજય મેળવ્યો હતો, જ્યારે વિપક્ષે ૧૦૦ બેઠક પર વિજય મેળવ્યો


(જુઓ પાનું ૨) ▸▸


# બિહારમાં ભાજપ ૧૭, જેડી (યુ) ૧૬ અને એલજેપી પાંચ બેઠક પર ચૂંટણી લડશે

નવી દિલ્હીઃ ભાજપના વડપણ હેઠળના એનડીએએ સોમવારે આવનારી લોકસભાની ચૂંટણી માટે બિહારમાં બેઠકોની ફાળવણીની જાહેરાત કરી હતી.

એનડીએએ કરેલી જાહેરાત મુજબ બિહારમાં ભાજપ ૧૭, જનતા દળ યુનાઈટેડ જેડી (યુ) ૧૬ અને ચિરાગ પાસવાનના વડપણ હેઠળની લોક જનશક્તિ પાર્ટી (એલજેપી) પાંચ બેઠક પર ચૂંટણી લડશે. એનડીએના અન્ય બે સાથીપક્ષ હિન્દુસ્તાની અવામ મોરચા (એચએએમ) અને ઉપેન્દ્ર કુશવાહના વડપણ હેઠળનો રાષ્ટ્રીય લોક મોરચો બંને એક એક બેઠક પર ચૂંટણી લડશે, એમ બિહારમાં ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ વિનોદ તાવડેએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

બિહાર લોકસભાની કુલ ૪૦ બેઠકમાં ભાજપ ૧૭, જેડી (યુ) ૧૬, એલજેપી પાંચ બેઠક પર ચૂંટણી લડશે, એમ તેમણે કહ્યું હતું. બિહાર એલજેપી (રામવિલાસ)ના વડા રાજુ તિવારીએ કહ્યું હતું કે ચિરાગ પાસવાન હાજીપુર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. (એજન્સી)■

# બિહારના ખગરિયામાં જીપ-ટ્રેક્ટર અથડાતાં નવનાં મોત

ખગરિયાઃ બિહારના ખગરિયા જિલ્લામાં સોમવારે સવારે ટ્રેક્ટર સાથે જીપ અથડાતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ બાળકો સહિત નવ લોકોનાં મોત થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પસરહા વિસ્તારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૧ પર પેટ્રોલ પંપ પાસે સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ થયેલા અકસ્માતમાં છ લોકો ઘાયલ પણ થયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જીપમાં મુસાફરી કરી રહેલા લોકો લગ્નમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. જ્યારે ટ્રેક્ટર ઓવરલોડ હતું. તેમણે કહ્યું કે ઘાયલ લોકોને નજીકના આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા છે.

મૃતકોની ઓળખ ગૌતમ ઠાકુર(૩૨), મોનુ કુમાર(૭), અમન


(જુઓ પાનું ૨) ▸▸


### ઈલેક્ટોરલ બોન્ડ પર એસબીઆઈને સુપ્રીમ કોર્ટની ફટકાર

# ૨૧ માર્ચ સાંજે પાંચ વાગ્યા સુધી તમામ જાણકારી આપો

નવી દિલ્હીઃ ઇલેક્ટોરલ બોન્ડ મામલે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે સોમવારે સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાને ફટકાર લગાવી હતી અને ૨૧ માર્ચ સુધીમાં યુનિક બોન્ડ નંબર સહિત ઈલેક્ટોરલ બોન્ડ સંબંધિત તમામ માહિતી જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. યુનિક બોન્ડ નંબરથી ખરીદનાર અને પ્રાપ્તકર્તા રાજકીય પક્ષ વચ્ચેના રાજકીય જોડાણનો ખુલાસો થશે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની પાંચ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે ''કોઈ શંકા નથી કે એસબીઆઇએ બોન્ડની તમામ વિગતો જાહેર કરવી પડશે. તેમણે એસબીઆઈના ચેરમેનને ૨૧ માર્ચે સાંજે પાંચ વાગ્યા સુધીમાં એફિડેવિટ દાખલ કરવાના નિર્દેશ આપ્યા હતા કે બૅન્કે તમામ વિગતો જાહેર કરી દીધી છે. ખંડપીઠમાં જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી.આર. ગવઈ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ છે.

ખંડપીઠે જણાવ્યું હતું કે એસબીઆઇ પસંદગીયુક્ત અભિગમ અપનાવી શકતી નથી અને તેણે ઇલેક્ટોરલ બોન્ડ વિશેની તમામ ''સંભવિત'' માહિતી જાહેર કરવી પડશે, જેમાં યુનિક બોન્ડ નંબરનો સમાવેશ થાય છે જે ખરીદનાર અને પ્રાપ્તકર્તા રાજકીય પક્ષ વચ્ચેના રાજકીય જોડાણોને જાહેર કરશે.

તેમણે કહ્યું કે ઇલેક્ટોરલ બોન્ડ કેસમાં સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં બૅન્કને બોન્ડની


(જુઓ પાનું ૨) ▸▸


# સાબરમતી-આગ્રા સુપર ફાસ્ટ ટ્રેન માલ ગાડી સાથે અથડાઈ, ચાર કોચ પાટા પરથી ઊતર્યા

અજમેરઃ ગત મોડી રાત્રે રાજસ્થાનના અજમેર પાસે આવેલા મદાર સ્ટેશન પાસે ગંભીર રેલ અકસ્માત સર્જાયો હતો. સાબરમતી આગ્રા કેન્ટ સુપર ફાસ્ટ ટ્રેનના ચાર ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા, અહેવાલો મુજબ આ અકસ્માત રાત્રે ૧ વાગ્યે થયો હતો. જોકે જાનહાનિના કોઈ અહેવાલ નથી, કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ છે.

મળતી માહિતી મુજબ, રવિવારે મોડી રાત્રે અજમેરના


(જુઓ પાનું ૨) ▸▸




**ટ્રેન ખડી પડીઃ** અજમેરમાં સોમવારે સાબરમતી-આગ્રા સુપરફાસ્ટ ટ્રેનના ચાર ડબા પાટા પરથી ખડી પડ્યા બાદ ચાલી રહેલી રેલસેવા પૂર્વવત્ કરવાની કામગીરી. (એજન્સી)

### મંત્રીપદની શપથ અપાવવાનો રાજ્યપાલનો ઈનકાર

# સુપ્રીમ કોર્ટે પહોંચી તમિલનાડુ સરકાર

નવી દિલ્હીઃ તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિએ કે.પોનમુડીને મંત્રી તરીકે શપથ અપાવવાનો ઇનકાર કર્યો હતો. જે બાદ તમિલનાડુ સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલના નિર્ણય સામે તમિલનાડુ સરકારની અરજી પર સુનાવણી કરવા માટે સહમતી આપી હતી.

તમિલનાડુ સરકાર તરફથી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી અને પી વિલ્સને આજે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની ખંડપીઠ સમક્ષ તમિલનાડુ સરકારની અરજીનો ઉલ્લેખ કર્યો હતો અને તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી. સિંઘવીએ કહ્યું કે આ એ જ દોષિત રાજ્યપાલ છે જેમની વિરુદ્ધ (અગાઉના) નિર્દેશો પસાર કરવામાં આવ્યા હતા. જેના પર ચીફ જસ્ટિસે વકીલને તરત જ લિસ્ટિંગ માટે ઈમેલ મોકલવાનો આદેશ આપ્યો હતો અને કહ્યું કે અમે તેની તપાસ કરીશું.

રાજ્ય દ્વારા તમિલનાડુ વિધાનસભા દ્વારા પસાર કરાયેલાં બિલોને મંજૂરી આપવામાં રાજ્યપાલના વિલંબ અને સરકારની ભલામણ છતાં કેદીઓને મુક્તિ ન


(જુઓ પાનું ૨) ▸▸



## અંક પ્રગટ થઈ ચૂક્યો છે



એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતે કેવા કાયદા બનાવવા એ અમેરિકા થોડું નક્કી કરે?

**દુનિયામાં** એક તરફ ચીન આર્થિક ને લશ્કરી બંને રીતે જબદરસ્ત તાકાત જમાવીને મહાશક્તિશાળી બની ગયું છે ત્યારે બીજી તરફ રશિયા પણ ભૂતકાળની પોચટ નીતિ છોડીને પાછું તેના અસલી રંગમાં આવી રહ્યું છે. રશિયા અને ચીન નવી ધરી રચીને સાઉદી અરેબિયા, યુએઈ, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ સહિતના દેશોને પોતાની તરફ વાળી રહ્યાં છે તેના કારણે અમેરિકાનાં વળતાં પાણી થઈ રહ્યાં છે તોય જગત જમાદાર બનવાના ધખારા જતા નથી.

અમેરિકા હજુ ભૂતકાળના એ ભવ્ય દિવસોમાં જ જીવે છે કે જ્યારે આખી દુનિયામાં તેનો પડ્યો બોલ ઝીલાતો અને અમેરિકા કહે એ સવા વીસ ગણાતું. દુનિયાના કોઈ પણ દેશમાં કંઈ પણ બને પણ તેના વિશે બોલવાનો પોતાને અબાધિત અધિકાર છે એવા ભ્રમમાં જ અમેરિકા રાચે છે ને તેનું તાજું ઉદાહરણ સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) અંગેની કોમેન્ટ છે.

અમેરિકાએ સીએએ અંગે ચિંતા વ્યક્ત કરીને ડહાપણ ડહોળ્યું છે કે, ભારતમાં સીએએના અમલ અંગે અમેરિકા ચિંતિત છે કેમ કે ધાર્મિક સ્વતંત્રતા અને સમાનતા એ લોકશાહીનો પાયો છે. યુએસ સીએએ અંગે પહેલેથી ચિંતિત છે અને તેનો અમલ કેવી રીતે થાય છે તેના પર નજર રાખી રહ્યું છે. અમેરિકાએ આડકતરી રીતે ભારતને ચીમકી પણ આપી છે કે, અમેરિકા ક્યારેય પોતાના સિદ્ધાંતો નહીં છોડે તેથી ભારત ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે કોઈ બાંધછોડ ના કરે કે કોઈને અન્યાય પણ ના કરે.

અમેરિકાની વાત તેના બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે. પહેલી વાત તો એ કે, સીએએ ભારતનો આંતરિક મામલો છે ને તેના વિશે અમરિકાને કે કોઈને પણ બોલવાનો અધિકાર જ નથી. ભારતે કોને નાગરિકતા આપવી ને કોને ના આપવી એ અમેરિકા કે બીજું કંઈ નક્કી ના કરી શકે.

ભારતની નરેન્દ્ર મોદી સરકારે સાડા ચાર વર્ષ પહેલાં સંસદમાં સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) પસાર કર્યો હતો. હવે સીએએ માટેના નિયમો ઘડ્યા છે અને ૧૧ માર્ચે સીએએના નિયમો અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ નિયમો અંતર્ગત સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)નો લાભ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બંગલાદેશના હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયોના લઘુમતીઓને મળશે.

૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલાં ભારતમાં આવેલા અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બંગલાદેશના હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયોના લોકોને ભારતની નાગરિકતા અપાશે. આ નાગરિકતા આપવામાં ધાર્મિક સ્વતંત્રતા ને સમાનતાની વાત ક્યાંથી આવી ? દુનિયાનો દરેક દેશ કોને નાગરિકતા આપવી અને કોને ના આપવી એ અંગે પોતાની પતે કાયદા બનાવે છે ને તેનો અમલ કરે છે. ભારતે પણ એવો કાયદો બનાવ્યો ને અમલ કર્યો કેમ કે ભારતનો આ અધિકાર છે. હવે ભારતે કાયદા પણ અમેરિકાને પૂછીને બનાવવાના ?

ભારતે આ કાયદો બનાવવો પડ્યો કેમ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બંગલાદેશમાં રહેતા લઘુમતીઓની હાલત દયનિય છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બંગલાદેશમાં ધાર્મિક આધાર પર લઘુમતીઓને નિશાન બનાવાય છે અને તેમના પર અત્યાચાર ગુજારાય છે તેથી એ લોકો ભાગીને ભારત આવે છે. આ રીતે ભારતમાં આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લોકોને નાગરિકતા આપવાનો નિર્ણય ભારતે લીધો કેમ કે તેમને હૂંફની જરૂર છે.

અમેરિકાએ ખરેખર તો પાકિસ્તાન, બંગલાદેશને અફઘાનિસ્તાનની સરકારોને લઘુમતીઓની દયનિય હાલત વિશે સવાલ કરવાનો હોય. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાં ધાર્મિક સ્વતંત્રતા ને સમાનતાની બોન પૈણાઈ ગઈ છે ને અમેરિકા બેન્ડવાજાં ભારતમાં વગાડે છે. આ ત્રણેય દેશોને ધાર્મિક સ્વતંત્રતા ને સમાનતા માટે કહેવાના બદલે અમેરિકા આપણને ઉપદેશ આપવા બેઠું છે.

અમેરિકાનું વલણ ડાહી સાસરે જાય નહીં ને ગાંડી ને શિખામણ આપે એવું છે. અમેરિકામાં આજેય બ્લેક લોકોને સેકન્ડ ક્લાસ સિટિઝનશિપ ગણવામાં આવે છે. ભલા માણસ, સમાનતાની એટલી જ ચિંતા હોય તો તેમને પહેલાં સમાન અધિકારો અપાવો. અમેરિકામાં વિદેશથી આવેલા લોકો સાથે કેવા વ્યવહાર ને કેવા ભેદભાવ થાય છે એ આપણી નજર સામે જ છે પણ બ્લેક પ્રજા તો ત્યાંની જ છે છતાં અમેરિકાના ગોરીયા તેમને ધૂત્કારે છે. એ વખતે અમેરિકાને સમાનતા કે સવિતા કશું યાદ આવતું નથી.

અમેરિકામાં ૨૦૨૧માં જ્યોર્જ ફ્લોયડનો કિસ્સો બહુ ગાજેલો. કાળી ચામડી હોવાના કારણે જ્યોર ફ્લોયડને ગોરા અધિકારીએ બરહેમીથી ફટકાર્યો અને તરફડીને મરવાની ફરજ પાડી. આ અમેરિકાની સમાનતા છે. આ તો એક કિસ્સાની વાત કરી પણ આવું તો છાસવારે બન્યા જ કરે છે. અત્યારે જ અમેરિકામાં હિંદુઓને નિશાન બનાવીને શીખ કટ્ટરવાદીઓ હુમલા કરાવે છે, હિંદુ ધર્મસ્થાનોને પણ નિશાન બનાવે છે. અમેરિકાની ધાર્મિક સ્વતંત્રતા ક્યાં જતી રહી છે? દુનિયાના બીજા દેશોને કઈ રીતે વર્તવું ને શું કરવું તેની શિખામણો આપવી છે ને પોતાને ત્યાં ચાલતું પોલંપોલ રોકવું નથી, આ અમેરિકા છે.

જો કે ભારતને કે દુનિયાના બીજા દેશોને પણ અમેરિકા શું કહે છે તેનાથી હવે કોઈ ફરક પડતો નથી કેમ કે આ ૧૯૮૦ કે ૧૯૯૦નો દાયકો નથી. આ એકવીસમી સદી છે ને એકવીસમી સદીમાં દુનિયા પણ બદલાઈ ગઇ છે, દુનિયાના દાદા પણ બદલાઈ ગયા છે.

અમેરિકાએ પહેલાં પણ સીએએની પારાયણ માંડી હતી. અમેરિકા દર વર્ષે ધાર્મિક સ્વાતંત્ર્ય અંગેનો રિપોર્ટ બહાર પાડે છે. ૨૦૧૯માં સીએએ પસાર કરાયો પછી ૨૦૨૧ના રિપોર્ટમાં સીએએ સામેના વિરોધમાં થયેલાં ધરણાંથી માંડીને તેના કારણે દિલ્હીમાં ફાટી નીકળેલા તોફાનો સુધીની વાતોનો ઉલ્લેખ કરાયો હતો. મોદી સરકારે પસાર કરેલા સીએએમાં શું છે, તેના વિશે ખ્રિસ્તી, મુસ્લિમ સંગઠનો શું માને છે તેની લાંબી લાંબી કથા અમેરિકાએ કરેલી. સીએએના વિરોધ મુદ્દે મોદી સરકારનું શું કહેવું છે એ બધી વાતો આ રીપોર્ટમાં લંબાણપૂર્વક આવરી લેવાઈ હતી.

આ બધી વાતોના અંતે અમેરિકાએ સીએએનો અમલ નહીં કરવા માટે આડકતરી ચીમકી આપેલી કે. ધાર્મિક લઘુમતીઓના અધિકારોનં જતન કરવાની જવાબદારી ભારત સરકારની છે ને તેમાં જરાય આમતેમ થશે તો અમેરિકા નહીં ચલાવી લે. અમેરિકા ધાર્મિક સ્વાતંત્ર્યના મામલે બહુ સંવેદનશીલ છે ને દુનિયામાં ક્યાંય પણ ધાર્મિક સ્વાતંત્ર્ય પર ખતરો હોય તો અમેરિકા ચૂપ ના રહે. ભારતમાં પણ અત્યારે આ જ સ્થિતિ છે તેથી અમેરિકા આ બધું નહીં ચલાવી લે.

અમેરિકાની ચીમકી છતાં મોદી સરકારે સીએએનો અમલ કરી નાંખ્યો. અમેરિકાએ હવે જે તોડવું હોય એ તોડી લે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), મંગળવાર, તા. ૧૯-૩-૨૦૨૪, ફાગુદશમી (ઓરિસ્સા)

- ભારતીય દિનાંક ૨૯, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ગાથા ૫ વહિશ્તોઈશ્ત
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર પુનર્વસુ રાત્રે ક. ૨૦-૦૯ સુધી, પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં બપોરે ક. ૧૩-૩૬ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૭-૧૩, રાત્રે ક. ૨૧-૨૬
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૧, મધ્યરાત્રે ક. ૦૩-૫૪ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - દસમી. ફાગુદશમી (ઓરિસ્સા).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અદિતિ પૂજન, વાંસ વાવવા, પરદેશગમનનું પસ્તાનું, ધાન્ય ભરવું, હજામત, બી વાવવું, લાલ વસ્રો, આભૂષણ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અનિવાર્ય હોતા ચંદ્ર બળ જોઈ સીમંત સંસ્કાર, વાંસ વાવવા, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, બગીચાના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન,
આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, બુધ-રાહુ યુતિ કઠોર મન, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ લોકોના માનીતા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, બુધ-રાહુ યુતિ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ (તા. ૨૦)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર. ■

# પરિવાર પછી હવે શક્તિ, મોદીએ ફરી વિપક્ષના હુમલાને પોતાનું હથિયાર બનાવી સિક્સર ફટકારી

નવી દિલ્હીઃ 'પરિવાર' બાદ હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'શક્તિ' શબ્દ દ્વારા કરવામાં આવેલા વિપક્ષના હુમલાને હથિયાર બનાવી દીધું છે. એક દિવસ પહેલા મુંબઈમાં ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન સમારોહમાં કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ભારતીય જનતા પાર્ટી પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે હિન્દુ ધર્મમાં એક શક્તિ હોય છે. અમારી લડાઈ એ 'શક્તિ' સામે છે.

પીએમ મોદીએ કૉંગ્રેસ શાસિત તેલંગાણામાંથી આના પર વળતો પ્રહાર કર્યો છે. તેલંગાણાના જગત્યાલમાં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે ગઈ કાલે મુંબઈમાં 'ઈન્ડિયા' એલાયન્સની રેલી હતી. ચૂંટણી જાહેર થયા બાદ 'ઈન્ડિયા' ગઠબંધનની આ પ્રથમ રેલી હતી અને તેમના માટે સૌથી મહત્ત્વપૂર્ણ રેલી હતી.

તેમણે કહ્યું કે તે (મુંબઈ) રેલીમાં વિપક્ષી ગઠબંધને તેમનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું છે કે 'ઈન્ડિયા' બ્લોકની લડાઈ 'શક્તિ' સામે છે. પીએમ મોદીએ કહ્યું કે એક તરફ એવા લોકો છે જેઓ શક્તિના વિનાશની વાત કરે છે તો બીજી તરફ એવા લોકો છે જેઓ શક્તિની પૂજા કરે છે. તેમણે કહ્યું કે કોણ શક્તિનો નાશ કરી શકે છે અને કોણ શક્તિના આશીર્વાદ મેળવી શકે છે તે જોવા માટે ૪ જૂને હરીફાઈ થશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે મારા માટે દરેક માતા શક્તિનું સ્વરૂપ છે, દરેક પુત્રી શક્તિનું સ્વરૂપ છે. હું તેમને શક્તિ તરીકે પૂજું છું અને આ શક્તિ જેવી માતાઓ અને બહેનોની રક્ષા માટે હું જાનની બાજી લગાવી દઇશ. પીએમ મોદીએ લોકોને સવાલ કરતા કહ્યું હતું કે, મને કહો, જેઓ સત્તા ખતમ કરવા માગે છે તેમને તમે તક આપશો?

પીએમ મોદીએ ભત્રીજાવાદ અને ભ્રષ્ટાચારના મુદ્દે વિપક્ષી પાર્ટીઓને આડે હાથ લીધી હતી અને તેમની પર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું હતું કે પરિવારવાદીઓનો આખો ઈતિહાસ જુઓ. દેશમાં જે પણ મોટાં કૌભાંડો થયા છે તેની પાછળ કોઈને કોઈ પરિવારવાદી પક્ષ જ જોવા મળશે.

નોંધનીય છે કે મુંબઈમાં ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન પ્રસંગે આયોજિત રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે લોકો એવું વિચારે છે કે આપણે બધા એક રાજકીય પક્ષ સામે લડી રહ્યા છીએ, પણ એવું નથી. આપણે એક વ્યક્તિ, ભાજપ કે મોદી સામે નથી લડી રહ્યા. હિન્દુ ધર્મમાં 'શક્તિ' શબ્દ છે. આપણે એ 'શક્તિ' સાથે લડી રહ્યા છીએ. તે 'શક્તિ' શું છે તે પણ તેમણે આગળ સમજાવ્યું હતું. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે રાજાનો આત્મા ઈવીએમમાં છે. રાજાની આત્મા ઈડી-સીબીઆઈ-આઈટી જેવી દરેક સંસ્થામાં છે.

વિપક્ષી પાર્ટીના મોદી પર આવા શાબ્દિક પ્રહારો હંમેશાં બુમરેંગ થયા છે. અગાઉ તેમણે મોદી માટે કહ્યું હતું કે 'ચોકીદાર ચોર હે'. પીએમ મોદીએ 'મૈં ભી ચોકીદાર' સૂત્ર આપ્યું હતું અને દેશવિદેશમાં લોકો સોશિયલ મીડિયા પર તેમના નામની સાથે 'મૈં ભી ચોકીદાર' શબ્દ ઉમેરવા માંડ્યા હતા.

થોડા સમય પહેલા લાલુ પ્રસાદ યાદવે મોદી પર નિશાન તાકતા કહ્યું હતું કે તેમનો પરિવાર નથી એટલે તેઓ બીજા પરિવારવાળા લોકો પર નિશાન સાધે છે. આ નિવેદનના બીજા જ દિવસે મોદીજીએ તેમના ભાષણમાં કહ્યું હતું આખો દેશ મારો પરિવાર છે અને દેશભરના અગણિત લોકોએ સોશિયલ મીડિયા પર તેમના નામની સાથે 'મોદી કા પરિવાર' શબ્દ ઉમેરી દીધો હતો અને વિપક્ષોની પીએમ મોદી પર હુમલો કરવાની બધી મહેનત પાણીમાં ગઇ હતી. હવે રાહુલ ગાંધી 'શક્તિ'ની વાત લઇ આવ્યા અને પીએમ મોદી પર પ્રહારો કર્યા અને પીએમ મોદીએ વિપક્ષના હુમલાને પોતાનું હથિયાર બનાવી સિક્સર ફટકારી દીધી છે. ■

વડા પ્રધાન મોદીને મત આપવાનાં '૧૦૧ કારણો'

# નવી રમૂજી ગ્રાફિક નોવેલ પ્રકાશિત કરાઈ

નવી દિલ્હીઃ લેખક શાંતનુ ગુપ્તાએ ''૧૦૧ કારણો, હું મોદીને કેમ મત આપીશ'' નામની એક નવી કોમિક નોવેલ બહાર પાડી છે,જે મતદારોને ૧૯ એપ્રિલથી શરૂ થતી આગામી લોકસભા ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મત આપવા માટે પ્રોત્સાહિત કરશે.

વિવિધ હાસ્ય કલા શૈલીઓના સંચય તરીકે કામ કરવા માટે પ્રતિબદ્ધ, પુસ્તકે તેના નિર્માણમાં ૧૦ જેટલી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલા શૈલીઓનો ઉપયોગ કર્યો છે, જેમાં અર્ધ-વાસ્તવિક શૈલી, મંગા શૈલી, ડિઝની શૈલી, પરંપરાગત ભારતીય કોમિક પુસ્તક શૈલી અને બ્લેક એન્ડ વ્હાઇટ શૈલીનો સમાવેશ થાય છે.

તેમાં મોદીનાં ટીકાકાર અને લેખક વચ્ચેની વાતચીત છે અને ચર્ચા દરમિયાન બાદમાં કેવી રીતે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં મોદીને મત આપવા માટે ટીકાકારને ૧૦૦થી વધુ કારણો પૂરા પાડે છે.

ગુપ્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મેં મોદી સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે સીધી વાત કર્યા પછી મોટાભાગની વાર્તાઓ એકત્ર કરી છે. ૧૦૧ કારણમાંથી દરેકમાં ૨૦૧૪ પહેલાના પરિદૃશ્યની અને મોદી સરકારની તે બાદની ચોક્કસ યોજનાની તુલનાત્મક અસરની માહિતી, તેમાં સામેલ માનવ વાર્તાઓ અને એક અંગ્રેજી કાવ્યાત્મક જોડી રજૂ કરવામાં આવી છે.

ધ રાઈટ ઓર્ડર પબ્લિકેશન્સ અનુસાર, પુસ્તક, તેના નવીન આર્ટ વર્ક દ્વારા, વડા પ્રધાન મોદીની ગરીબ તરફી નીતિઓ દ્વારા સામાન્ય લોકોના જીવનમાં આવેલા ઘણા ફેરફારો વિશે વાત કરે છે.

પુસ્તક આરોગ્ય સંભાળ, કૃષિ, શિક્ષણ, સશસ્ત્ર દળો, વિદેશ નીતિ, અર્થતંત્ર, નોકરીઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભારતના 'સાંસ્કૃતિક પુનરુજીવન' માટે વડા પ્રધાનના કાર્યના ક્ષેત્રમાં તેમના કાર્ય વિશે વાત કરે છે. તે નરેન્દ્ર મોદી પરિબળની ચર્ચા સાથે સમાપ્ત થાય છે. ગુપ્તાના અગાઉ લખાયેલા પુસ્તકોમાં ''ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર'' અને ''ભાજપઃ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય'' નો સમાવેશ થાય છે. ■

# પુતિન જ રશિયાના પ્રમુખ

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને અગાઉથી નિશ્ચિત એવા ચૂંટણીવિજયની પ્રશંસા કરી હતી. ચૂંટણીના આંશિક પરિણામોએ દર્શાવી દીધું છે કે દેશની રાજકીય યંત્રણા પર પુતિનનો સંપૂર્ણ અંકુશ છે. મામૂલી વિરોધ અને નિષ્ઠુરતાપૂર્વક વિરોધીઓનો અવાજ દબાવી દીધા બાદ પુતિને તેના લગભગ પચીસ જેટલા વર્ષના શાસનકાળને વધુ છ વર્ષ લંબાવી દીધો છે. પુતિનનો વિરોધ કરવા વિપક્ષે કરેલી હાકલને પગલે નજીવા વિરોધ સાથે રશિયનો રવિવારે એટલે કે ચૂંટણીના છેલ્લાં દિવસે બપોરે મતદાન મથકની બહાર એકઠાં થયા હતા. ચૂંટણીના આગોતરા પરિણામોને પુતિને જનતાએ તેમનામાં મૂકેલા વિશ્વાસ અને આશાના સંકેત લેખાવ્યા હતા.

જોકે ટીકાકારોએ ચૂંટણીના આ પરિણામોને અગાઉથી નક્કી કરેલા લેખાવ્યા હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ગણતરી કરવામાં આવેલા ૯૮ ટકા મતમાંથી પુતિને ૮૭ ટકા મત મેળવ્યા હતા. (એજન્સી)

# ગુજરાતના ગૃહ સચિવનો ચાર્જ એ. કે. રાકેશને સોંપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભા ચૂંટણી પહેલાં ચૂંટણીપંચે કડક કાર્યવાહી કરીને ૬ રાજ્યના ગૃહ સચિવોને હટાવવાના આદેશ બાદ હવે ગુજરાતના અધિક ગૃહ સચિવ તરીકે એ.કે. રાકેશને ગૃહ સચિવનો ચાર્જ સોંપાયો છે.

લોકસભા ચૂંટણી પહેલાં ચૂંટણી પંચે કડક કાર્યવાહી કરીને ૬ રાજ્યના ગૃહ સચિવોને હટાવવાનો આદેશ આપ્યા હતો. જેમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. કૃષિ, કિસાન કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે.રાકેશને ગુજરાતના અધિક ગૃહ સચિવનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

ગુજરાતના અધિક ગૃહ સચિવ પંકજ જોશી વર્ષ ૧૯૮૯ બેચના આઈએએસ છે. તેઓ અગાઉ નાણાં વિભાગ, એનર્જી અને પેટ્રોકેમિકલ વિભાગના પણ એસીએસ રહી ચૂક્યા છે. નિર્વિવાદિત છબિ ધરાવતા પંકજ જોશી તાજેતરમાં જ અધિક ગૃહ સચિવ તરીકે નિયુક્ત થયા હતા. તત્કાલીન આઈએએસ મુકેશ પુરી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થયા બાદ પંકજ જોશીને ગૃહ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

## મુંબઈ પાલિકાના

હતો. છેલ્લા કેટલાક વર્ષોથી મુંબઈ મહાપાલિકાના કમિશનર તરીકેની ફરજ બજાવતા ઇકબાલસિંહ ચહલ ચાર વર્ષ સુધી થાણે અને ઔરંગાબાદના કલેક્ટર તેમ જ મ્હાડાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે પણ કામ કરી ચૂક્યા છે.

૨૦૨૧માં ઇકબાલસિંહ ચહલને ન્યૂઝમેકર્સ અચિવર્સ એવૉર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. ઇકબાલસિંહ ચહલને તેમના અનેક ઉત્તમ પ્રયાસો માટે સન્માનિત કરવામાં આવ્યા હતા અને કોરોના મહામારીના સમયમાં મુંબઈનું નેતૃત્વ કરી અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા માટે તેઓ ચર્ચામાં રહ્યા હતા. ઇકબાલસિંહ ચહલ તેમ જ વધારાના ચૂંટણી કમિશનર અને નાયબ કમિશનરને પણ હટાવવાનો આદેશ આપ્યો છે. મહારાષ્ટ્રની અન્ય નગરપાલિકાના તમામ કમિશનરો અને નાયબ કમિશનરોની ટ્રાન્સફર કરવાનો પણ મુખ્ય સચિવને આદેશ આપવામાં આવ્યો છે. ■

## બીજેપીનું મિશન

હતો. કર્ણાટકમાં બીજેપીનો દેખાવ સારો હતો, જ્યાં ૨૮માંથી ૨૫ બેઠક પર વિજય મળ્યો હતો. તેલંગણામાં પણ ૧૭માંથી ચાર બેઠકો પર વિજય મેળવ્યો હતો. તામિલનાડુ, આંધ્ર પ્રદેશ અને કેરળમાં બીજેપીનું ખાતું પણ ખુલ્યું નહોતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણના ત્રણ રાજ્યોમાં વિજય મેળવવા માટે ૧૨૦ કલાકનું મિશન હાથ ધર્યું છે. શુક્રવારથી તેમનું મિશન ચાલુ થયું હતું. રવિવારે આંધ્ર પ્રદેશના પલનાડુમાં તેમણે રેલી કરી હતી. તેમની બીજી રેલીનું આયોજન આજે તેલંગણાના જગતિયાલમાં કરવામાં આવ્યું હતું.

૧૫ માર્ચથી શરૂ થયેલા મિશન દક્ષિણ ભારત હેઠળ તેઓ પાંચ રાજ્યોની ૧૨૯ બેઠક પર ભાજપને વિજય અપાવવાની ઝુંબેશ પર લાગ્યા છે. ■

## બંગાળના ડીજીપી

વિધાનસભા અને લોકસભાની ચૂંટણી વખતે તેમને હોદ્દા પરથી હટાવવાનો કે પછી તેમને ટ્રાન્સફર કરવાનો નિર્ણય લે છે.

ચૂંટણી સંબંધિત ફરજ બજાવતા અધિકારીઓએ ત્રણ વર્ષ પૂરા કર્યા હોય કે પછી તેમના વતનના જિલ્લામાં જ ફરજ પર હોય તેવા અધિકારીઓની ચૂંટણી અગાઉ બદલી કરવાનો સામાન્ય રીતે ચૂંટણી પંચ રાજ્યોને આદેશ આપે છે. જો રાજ્યો આવા અધિકારીઓની બદલી ન કરે તો તેવા સંજોગોમાં ચૂંટણીપંચ તેમને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ આપે છે.

સીઈસી રાજીવકુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુની સોમવારે મળેલી બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

અગાઉ વર્ષ ૨૦૧૬ની વિધાનસભાની ચૂંટણી અને વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે પણ પ. બંગાળના ડીજીપી રાજીવકુમારને અધિકારી તરીકે ચૂંટણી વ્યવસ્થાની ફરજ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૬ની વિધાનસભાની ચૂંટણી અને વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે રાજીવકુમારને ચૂંટણી સંબંધિત ફરજોથી દૂર રાખવાનો અને તેમના ડૅપ્યુટીની ચૂંટણીના વચગાળાના વ્યવસ્થાપક ડીજીપી તરીકે તાત્કાલિક અસરથી નિમવાનો રાજ્યના ગૃહ સચિવને ચૂંટણીપંચે આદેશ આપ્યો હતો.

૧૮મી લોકસભાની ચૂંટણી ૧૯ તેમ જ ૨૬ એપ્રિલ, સાત, ૧૩, ૨૦, પચીસ મે અને પહેલી જૂને એમ સાત તબક્કામાં યોજાશે. ચાર જૂને મતગણતરી કરવામાં આવશે. અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં અલગથી વિધાનસભાની ચૂંટણી યોજાશે. અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં બે જૂને મતગણતરી થશે. (એજન્સી)■

## બિહારના ખગરિયામાં

કુમાર(૨૫), બંટી કુમાર, અંશુ કુમાર(૨૩), પલ્ટુ ઠાકુર(૫૦), દિલો કિમાર(૧૦), પ્રકાશ સિંહ અને ધર્મેન્દ્ર શર્મા તરીકે થઇ છે. પોલીસના જણાવ્યા અનુસાર આ તમામ જીપમાં સવાર હતા. પોલીસ અધિક્ષક ચંદન કુશવાહાએ જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી રહ્યા છે. ■

## કોલકાતામાં નિર્માણાધીન

છે. ઘાયલ થયેલા ૧૫ લોકોમાંથી ૧૧ની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને ચાર લોકોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી છે. મુખ્ય પ્રધાને એક્સ પર જણાવ્યું કે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન રીચ વિસ્તારમાં એક નિર્માણાધીન બિલ્ડિંગના મકાન તૂટી પડવાની દુર્ઘટના વિશે જાણીને દુઃખ થયું. અમારા મેયર, ફાયર મિનિસ્ટર, સેક્રેટરીઓ અને પોલીસ કમિશનર, નાગરિક, પોલીસ, ફાયર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓ અને ટીમો(એનડીઆરએફ, કેએમસી અને કેપી ટીમો સહિત) આપત્તિને ઘટાડવા માટે આખી રાત સ્થળ પર રહ્યા છે. તેમણે કહ્યું કે સરકાર દરેક મૃતકોના નજીકના સંબંધીઓ અને ઘાયલ વ્યક્તિઓને વળતર આપશે. બેનર્જીએ વધુમાં જણાવ્યું કે અમે પીડિત પરિવારો સાથે ઊભા છીએ અને બચાવ કામગીરી ચાલુ રહેશે.■

## સુપ્રીમ કોર્ટ પહોંચી

આપવા અંગે કોર્ટ સમક્ષ પડતર અરજીમાં રાજ્ય દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ અરજી દાખલ કરવામાં આવી છે.

તમિલનાડુ સરકારે અરજી કરી અપ્રમાણસર સંપત્તિ કેસમાં સુપ્રીમ કોર્ટે ૧૧ માર્ચે સજાને સ્થગિત કર્યા પછી પોનમુડીને મંત્રી તરીકે નિયુક્ત કરવાના રાજ્યપાલના ઇનકારને પડકાર્યો હતો.

ડિસેમ્બર ૨૦૨૩ માં મદ્રાસ હાઈ કોર્ટ દ્વારા પોનમુડીને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવી તે પહેલાં પોનમુડી રાજ્યના ઉચ્ચ શિક્ષણ પ્રધાન હતા. દોષિત ઠેરવવાનો અર્થ એ થયો કે તેઓ ધારાસભ્ય તરીકે આપોઆપ ગેરલાયક ઠર્યા હતા જેના કારણે તેમને મંત્રીપદેથી હટાવવામાં આવ્યા હતા.

સિંઘવીએ અરજીમાં કહ્યું છે કે રાજ્યપાલે ફરી એવું જ કર્યું છે જે રીતે સુપ્રીમ કોર્ટે અગાઉ આ મામલાની સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટે પોનમુડીની સજા પર રોક લગાવી છે. મુખ્યમંત્રીએ તેમની મંત્રીપદ પર નિમણૂક માટે રાજ્યપાલને ભલામણ કરી હતી. આના પર રાજ્યપાલે પોનમુડીની મંત્રી તરીકેની નિમણૂકને ગેરબંધારણીય ગણાવીને મુખ્યમંત્રીની ભલામણ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ■

## ૨૧ માર્ચ સાંજે

તમામ વિગતો જાહેર કરવા કહ્યું હતું અને તેણે આ સંબંધમાં આગળના આદેશોની રાહ જોવી જોઈએ નહીં. બેન્ચે સુનાવણી દરમિયાન મૌખિક રીતે કહ્યું હતું કે ''અમે એસબીઆઇને ઇલેક્ટોરલ બોન્ડ નંબર સહિતની તમામ માહિતી જાહેર કરવા કહ્યું હતું. ''એસબીઆઇ વિગતો જાહેર કરવામાં પસંદગીયુક્ત ન હોવી જોઈએ.'' નોંધનીય છે કે ગયા સપ્તાહમાં સુપ્રીમ કોર્ટે બેન્કને તેના નિર્દેશોના પાલનમાં યુનિક અલ્ફા- ન્યુમેરિક નંબરો જાહેર ન કરવા બદલ 'કારણ બતાવો' નોટિસ જાહેર કરી હતી. ■

## સાબરમતી-આગ્રા

મદાર રેલવે સ્ટેશન પાસે એક ટ્રેક પર બે ટ્રેન આવી હતી. જેના કારણે એન્જિન સહિત સાબરમતી આગ્રા સુપર ફાસ્ટ ટ્રેનના ચાર જનરલ કોચ પાટા પરથી ઊતરી ગયા હતા. અકસ્માતની માહિતી મળતાં જ રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પાટા પરથી ઊતરેલા કોચ અને એન્જિનને પાટા પર લાવવા બચાવ કાર્ય શરૂ કર્યું હતું.

વરિષ્ઠ રેલવે અધિકારીના જણાવ્યા મુજબ અકસ્માતનો ભોગ બનેલી આગ્રા ફોર્ટ સાબરમતી સુપર ફાસ્ટ ટ્રેન ગઈકાલે સાંજે ૫:૦૦ વાગ્યે નિર્ધારિત સમયે રવાના થઇ હતી. રાત્રે લગભગ ૧:૦૦ વાગ્યે, આ પેસેન્જર ટ્રેન મદાર રેલવે સ્ટેશનથી થોડા અંતરે ટ્રેક બદલતી વખતે માલગાડી સાથે અથડાઈ હતી. જો કે અકસ્માત થવા પાછળનાં કારણો હજુ સુધી જાણવા મળ્યાં નથી. અકસ્માતને કારણે પાટા તેમની જગ્યાએથી ખસી ગયા છે.

રેલવે અધિકારીઓએ મુસાફરો માટે અજમેર રેલવે સ્ટેશન અને મદાર રેલવે સ્ટેશન પર ભોજન અને તબીબી વ્યવસ્થા કરી હતી અને રૂટ સામાન્ય થયા પછી, તમામ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને મોકલવામાં આવશે.

સાબરમતી આગ્રા સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટના બાદ રેલવે પ્રશાસને હેલ્પ ડેસ્ક નંબર ૦૧૪૫-૨૪૨૯૬૪૨ જાહેર કર્યો છે.■

## રોટરી ક્લબ ઓફ બોમ્બે દ્વારા વડીલો માટે સંગીતમય કાર્યક્રમનું આયોજન

મુંબઈઃ રોટરી ક્લબ ઓફ બોમ્બે અને તેમના પાર્ટનર ડિગ્નિટી ફાઉન્ડેશન દ્વારા રવિવારે વાય. બી. ચવ્હાણ ઓડિટોરિયમ મુંબઈ ખાતે ‘આનંદ હી આનંદ’ નામના તેમના વાર્ષિક સંગીત શોની ત્રીજી આવૃત્તિ યોજાઈ હતી. બોલીવૂડ ગીતો સાથેની એક સાંજ સાથે ઓડિટોરિયમ ભરચક હતું.

રોટરી ક્લબ ઓફ બોમ્બેના પ્રમુખ મનોજ પટોડિયાએ કહ્યું કે, આ વિચાર અમારા વંચિત વડીલોને સંગીત દ્વારા આનંદ આપવાનો  છે. આ અદ્ભુત કાર્યક્રમમાં અમારા ત્રણ વડીલ ડે કેર સેન્ટરના સભ્યો ઉપરાંત, પ્રેક્ષકોમાં ઘણા રોટેરિયનો અને શુભેચ્છકોનો સમાવેશ થાય છે. હું શંકર મહાદેવન એકેડેમીનો ભાયખલા ખાતે અમારા વડીલોને સંગીત શીખવવા બદલ જ નહીં, પરંતુ તેમના આઠ શિક્ષકોએ અમારા માટે સ્ટેજ પર પરફોર્મ કર્યું એ બદલ આભારી છું. અમે સોલફુલ શનિવારના પણ આભારી છીએ કે જેમના સભ્યોએ બીજા વર્ષે પણ પ્રેમથી ગાયું હતું.

આનંદ યાન અથવા મિશન ટુ હેપીનેસ મધ્ય મુંબઈમાં રહેતા વંચિત વડીલોના જીવનમાં ખુશીનું કિરણ લાવવાનો પ્રયાસ કરે છે. ૨૦૧૭માં ભાયખલામાં શરૂ થઇ અને ઈ મોસેસ રોડ અને મઝગાંવ ખાતે પણ કેન્દ્રો શરૂ કર્યા. વડીલો માટે અલગ અલગ કાર્યક્રમો હોય છે જેમાં અઠવાડિયામાં પાંચ દિવસ યોગ અને ઝુમ્બાનો સમાવેશ થાય છે. તેઓને પિકનિક અને ફરવા પણ લઈ જવામાં આવે છે અને જો જરૂરી હોય તો નિયમિત આરોગ્ય તપાસ અને દવાઓ તેમ જ મોતિયાની શસ્ત્રક્રિયા કરવામાં આવે છે. આ બધું નિઃશુલ્ક છે. ■

## ૭૧ વર્ષ બાદ પૃથ્વીથી ધૂમકેતનું અંતર ઘટશે

### નાના દૂરબીનથી પણ નિહાળી શકાશે

નાગપુરઃ ગ્રહ અને તારાની સાથે આપણને ક્યારેક ક્યારેક ધૂમકતેનાં પણ દર્શન થતાં હોય છે. આવો જ એક પ્રસંગ એટલે પોન્સ-બ્રુક્સ ધૂમકેતુ છે. ૨૧મી એપ્રિલના રોજ પશ્ચિમ તરફ ગગનમાં દેવયાની તારાઓનાં જૂથની નજીક આ ધૂમકેતુનાં ઉઘડતી આંખોએ દર્શનનો લ્હાવો માણી શકશો. આ ધૂમકેતુ ૭૧ વર્ષ બાદ પૃથ્વી અને સૂર્યની નજીક દેખાવાનો છે.ખગોળ અભ્યાસુ પ્રભાકર દોડે આપેલી માહિતી અનુસાર ખગોળશાસ્ત્રી જીન લુઈસ પોન્સ અને ત્યાર પછી વિલિયમ રોબર્ટ બ્રુકને અનુક્રમે ૧૮૧૨ અને ૧૮૮૩માં આ ધૂમકેતુ સાંપડ્યો હતો.

ખગોળશાસ્ત્રીઓએ આપેલી માહિતી અનુસાર જૂન મહિનામાં આ ધૂમકેતુ પૃથ્વીની વધુ નજીક રહેવાનો છે અને તેનું સુંદર સ્વરૂપ નાના દૂરબીનથી નિહાળી શકાશે. હેલી ધૂમકેતુની માફક પોન્સ-બ્રુક્સ ધૂમકેતુની લાંબી પૂંછડીનાં દર્શન રાતના સમયે પશ્ચિમ તરફ કરી શકાશે.

બાવીસમી માર્ચના રોજ તેજસ્વી શુક્ર અને વક્ર શનિ ગ્રહ યુતિ સ્વરૂપમાં ખૂબ નજીક જોવાની તક વહેલી સવારે પૂર્વના આકાશમાં સાંપડશે. વહેલી સવારે સાડાત્રણ વાગ્યે અંતર સૌથી ઓછું હશે. ૨૩મીના રોજ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર વધુ હોવાથી ચંદ્ર આકારમાં થોડો નાનો લાગશે. ■



### રસપ્રદ નજારાનું અઠવાડિયું

૨૦મી માર્ચના રોજ મહા સમપ્રકાશીય દિવસ હોઇ પૃથ્વીના બંને ગોળાર્ધમાં દિવસ-રાત સમાન હશે. આ દિવસે તે સૂર્ય સાથે પૂર્વ દિશામાં નિશ્ચિત હોય છે. તેને જ વસંતના અંતની મોસમ કહેવાય છે. ૨૧મી સૌર ચૈત્રનો આરંભ થતો હોઇ પર્યાવરણપૂરક એવા વૈશ્વિક દિન તરીકે ઊજવવામાં આવે છે. ■

### રાહુલ ગાંધીના દાવાને ફગાવ્યો

## હું સોનિયા ગાંધી સામે રડ્યો નથીઃ અશોક ચવ્હાણ

મુંબઈઃ કૉંગ્રેસમાંથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાયેલા અશોક ચવ્હાણ પર કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ તેમની ‘ભારત જોડો ન્યાય યાત્રા’ની મુંબઈમાં સભા દરમિયાન નિવેદન આપ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે પાર્ટી છોડ્યા પહેલા અશોક ચવ્હાણ મારી મમ્મી સોનિયા ગાંધીને મળ્યા અને તેમની સામે રડ્યા હતા. રાહુલ ગાંધીના આ નિવેદનને અશોક ચવ્હાણે પાયાવિહોણું ગણાવ્યું હતું.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અશોક ચવ્હાણે સોનિયા ગાંધીને મળીને કહ્યું હતું કે તે ભાજપ (ભારતીય જનતા પાર્ટી)ની તાકાત સામે નહીં લડી શકે અને તે જેલમાં જવા માગતા નથી. રાહુલ ગાંધીના આ નિવેદનને અશોક ચવ્હાણે ખોટું ગણાવી તેને ફગાવી કાઢ્યું હતું.

અશોક ચવ્હાણે સોમવારે કહ્યું હતું કે જો રાહુલ ગાંધી તેમની સભામાં મારી માટે આવું નિવેદન આપ્યું એ તો સાવ નિરાધાર અને ખોટું છે. કૉંગ્રેસમાંથી રાજીનામું આપવા સુધી મેં પાર્ટીની હેડ ઓફિસમાં કામ કર્યું હતું.

મેં વિધાનસભ્યના પદ પરથી રાજીનામું આપ્યા બાદ પાર્ટીમાંથી પણ રાજીનામું આપ્યું હતું. મારા રાજીનામા બાબતે પાર્ટીના કોઈ પણ નેતા કે સભ્યને ખબર નહોતી. મેં રાજીનામાં પહેલા સોનિયા ગાંધીને મળ્યો નથી. રાહુલ ગાંધીની મેં સોનિયા ગાંધીને મળીને મારી લાગણીઓ જણાવી તે ખોટી વાત છે. રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આવું રાજકીય નિવેદન આપ્યું છે, એવું ચવ્હાણે જણાવ્યું હતું. ■

## થાણેમાં બહુમાળીય ઈમારતમાં લાગેલી આગમાં ૫૦ મીટર બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના મુંબ્રામાં ગ્રાઉન્ડ પ્લસ સાત માળની બિલ્ડિંગમાં રવિવાર મધરાત બાદ લાગેલી આગમાં ૫૦ જેટલા મીટર બળીને ખાખ થઈ ગયા હતા. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મુંબ્રામાં જામા મસ્જિદ નજીક ગ્રાઉન્ડ પ્લસ સાત માળની રેડ રોઝ સોસાયટી નામની બિલ્ડિંગ આવેલી છે. રવિવારે મોડી રાતના ૧.૪૨ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા મીટર રૂમમાં આગ લાગી હતી.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને તેને ઉપરના માળા સુધી પહોંચતા અટકાવી હતી. લગભગ ૨.૩૦ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

આગમાં સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ ૫૦થી વધુ મીટર બોક્સ અને ઈલેક્ટ્રિક વાયરિંગ બળીને ખાખ થઈ ગઈ હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

## ભાયખલા પ્રાણીબાગમાં વર્ષભરમાં ૪૦ પ્રાણીઓનાં મૃત્યુ

મુંબઈઃ ભાયખલાના વીરમાતા જીજાબાઈ ભોસલે પ્રાણી સંગ્રહાલય ખાતે વર્ષ ૨૦૨૨ - ૨૩ દરમિયાન ૪૦ જેટલાં પ્રાણીઓ અને પક્ષીઓ મૃત્યુ પામ્યાં હોવાની માહિતી સેન્ટ્રલ ઝૂઓલોજિકલ મ્યુઝિયમ ઓથોરિટી (સીઝેટએ) દ્વારા પ્રસિદ્ધ કરાયેલા રિપોર્ટમાંથી મળી છે. આ રિપોર્ટ અનુસાર, ઘણાં પ્રાણીઓ કાર્ડિયાક અરેસ્ટ, શ્વસન નિષ્ફળતા, મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોરથી મૃત્યુ પામ્યાં હતાં. જોકે પ્રાણીઓ ઉંમર અનુસાર કુદરતી રીતે મૃત્યુ પામ્યાં હતાં અને મૃત્યુ દર વધ્યો ન હોવાનો દાવો પ્રશાસને કર્યો છે.વોચડોગ ફાઉન્ડેશને આ મામલે તપાસની માગ કરી છે. ફાઉન્ડેશનનો આરોપ છે કે મૃત પ્રાણીઓમાં સ્પોટેડ હરણ, બાર્કિંગ ડિયર, મકાઉ પોપટ, કાચબા જેવી લુપ્ત થતી પ્રજાતિઓનો સમાવેશ છે. તેમણે પશુઓનાં મોતની તપાસની માગણી કરી છે. ■

### મહારાષ્ટ્રનો પ્રથમ રિવર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ

## ગુજરાતના સાબરમતી રિવરફ્રંટની પાર્શ્વભૂમિ પર ચેના નદીનું સૌંદર્યીકરણ

### ઈકો સેન્સિટિવ ઝોન સમિતિની મળી મંજૂરીઃ ગાર્ડન પણ વિકસિત કરાશે

મુંબઈઃ ગુજરાતની સાબરમતી રિવરફ્રંટ ડેવલપમેન્ટની પાર્શ્વભૂમિ પર ઘોડબંદર રોડ સ્થિત આવેલી ચેના નદી પણ રિવર વોટર ફ્રંટ ડેવલપમેન્ટના કાર્ય માટે પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર નિયંત્રણ સમિતિ (ઈકો સેન્સિટિવ ઝોન)ની મંજૂરી મળી ગઇ છે. રૂ. ૫૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટને રાજ્ય સરકાર દ્વારા માન્યતા આપવામાં આવવાની હોવાની માહિતી શિવસેનાએ આપી હતી. આનાથી પ્રાકૃતિક વાતાવરણમાં નદીના સૌંદર્યીકરણ સાથે પર્યટનને પણ પ્રોત્સાહન મળશે અને મહારાષ્ટ્રનો આ પ્રથમ રિવર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હશે.

નદીના સૌંદર્યીકરણના કાર્યની ટેન્ડરપ્રક્રિયા પાલિકા આ પહેલાં જ પૂરી કરી ચૂકી છે. ઈકો સેન્સિટિવ જોનની મંજૂરી મળ્યા બાદ હવે રિવર ફ્રંટ વિકાસના કાર્યને ગતિ મળશે, એવી માહિતી ઉચ્ચ અધિકારીએ આપી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર વરસાદમાં નદીકિનારે પ્રકૃતિનો આનંદ માણવા માટે અનેક પર્યટકો અહીં આવે છે. કિનારા પર પર્યટકોને હરવા-ફરવા અને બેસવા સાથે આકર્ષક લાઈટિંગ, પર્યાવરણનો વિચાર કરીને ગાર્ડન વગેરે વિકસિત કરવામાં આવશે. આને કારણે પર્યટકોને પ્રાકૃતિક આનંદની અનુભૂતિ થશે.

આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. ૫૦ કરોડના ભંડોળને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. પહેલા તબક્કામાં રૂ. પાંચ કરોડનું ભંડોળ પાલિકાને હસ્તાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાલિકા દ્વારા વન વિભાગથી ઈકો સેન્સિટિવ ઝોનની મંજૂરી માગવામાં આવી હતી. ત્યાર બાદ થાણે વન વિભાગને લેટર મોકલવાની સમિતિ દ્વારા મંજૂરી આપવામાં હોવાની માહિતી મળી હતી. ■

## સીબીઆઈએ ઈપીએફઓ અધિકારી સામે ગુનો નોંધ્યો

મુંબઈઃ પોતાના ખાતામાંથી ૭૮ હજાર રૂપિયા કઢાવવાની ઈપીએફ લાભાર્થીની અરજીને મંજૂરી આપવા માટે કથિત લાંચ માગનારા ઈપીએફઓ (એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફન્ડ ઑર્ગેનાઈઝેશન)ના અધિકારી વિરુદ્ધ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ ગુરુવારે ગુનો નોંધ્યો હતો.

ફરિયાદી ૧૨ માર્ચે ઈપીએફઓની ઑફિસે ગયો અને આરોપી અધિકારી સાથે મુલાકાત કરી હતી. અધિકારીએ ફરિયાદીની અરજી મંજૂર કરવા માટે બે હજાર રૂપિયાની લાંચ માગી હતી. પુણેની ઈપીએફઓ ઑફિસમાં ફરજ બજાવતા અધિકારી વિરુદ્ધ પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટની કલમ ૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું સીબીઆઈનાં સૂત્રોએ જણાવ્યું હતું.

આ પ્રકરણે ભૂતપૂર્વ ડ્રાઈવરે ફરિયાદ નોંધાવી હતી. ઈપીએફના લાભાર્થી એવો ફરિયાદી તેનું ઈપીએફ ખાતું બંધ કરવા માગતો હતો. આ માટે તેણે ખાતામાંના ૭૮ હજાર રૂપિયા મેળવવા અરજી કરી હતી. ગયા વર્ષના ડિસેમ્બરમાં કરેલી અરજી નામંજૂર થઈ હતી. પરિણામે મહિના પછી ફરી અરજી કરવામાં આવી હતી. બીજી અરજી પણ નામંજૂર થતાં ફેબ્રુઆરીમાં ફરિયાદી ઈપીએફઓની પુણેની રિજનલ ઑફિસમાં ગયો હતો અને નવેસરથી અરજી કરી હતી.

ફરિયાદ અનુસાર ૧૨ માર્ચે અધિકારીને મળેલા ફરિયાદી પાસેથી અરજી મંજૂર કરવા માટે બે હજાર રૂપિયાની લાંચ માગવામાં આવી હતી. પોતાની પાસે રોકડ ન હોવાનું કહીને ફરિયાદીએ ઑનલાઈન ટ્રાન્સફર કરવાની તૈયારી દાખવી હતી. જોકે આરોપીએ ૧૪ માર્ચે રોકડ સ્વીકારવાની તૈયારી બતાવી હતી.■

## લોન પર ખરીદેલાં વાહનો વેચી મારનારી ટોળકી પકડાઈઃ ₹ ૨.૩૪ કરોડની ૧૨ કાર જપ્ત કરાઈ

પાલઘરઃ બનાવટી દસ્તાવેજોને આધારે વિવિધ બેન્કોમાંથી લોન મેળવીને ખરીદેલાં વાહનો બાદમાં વેચી મારનારી ટોળકીના સાત સભ્યોને પોલીસે ઝડપી પાડીને આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આરોપી પાસેથી બીએમડબ્લ્યુ, મહિન્દ્રા થાર, ટોયોટા, કિયા વિગેરે સહિત રૂ. ૨.૩૪ કરોડની ૧૨ કાર જપ્ત કરવામાં આવી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૨ વસઇ) પૂર્ણિમા ચૌગુલે શૃંગીએ જણાવ્યું હતું કે આરોપીએ રૂ. બે કરોડની લોન મેળવી આપી શકે એવું કહીંને ફરિયાદી પાસેથી દસ્તાવેજો લીધા હતા અને તેને આધારે ફરિયાદી અને તેની પત્નીના નામે ફેક ઇમેઇલ આઇડી તૈયાર કરીને આરોપીએ અનેક બેન્ક પાસેથી લોન લીધી હતો.

પોતાના નામે બેન્કમાંથી રૂ. ૨.૮૪ કરોડની લોન છેતરપિંડીથી લેવાઇ હોવાનું ફરિયાદીને જાણવા મળતાં તેણે સપ્ટેમ્બર, ૨૦૨૩માં આચોલે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસે આ પ્રકરણે તપાસ કરી હતી અને મુખ્ય આરોપી રાહુલ ગિરીશ શાહની ધરપકડ કરી હતી. રાહુલ કર્ણાટક, પશ્ચિમ બંગાળ, દિલ્હી અને નેપાળમાં અવરજવર કરવા માટે નકલી આધાર કાર્ડનો ઉપયો કરતો હતો. તે આલીશાન હોટેલમાં મુકામ કરીને આ રેકેટ ચલાવતો હતો. પોલીસ રાહુલને ૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ પવઇની હોટેલમાંથી ઝડપી પાડ્યો હતો.

આરોપી પાસેથી ત્રણ નકલી આધાર કાર્ડ, નવ સિમ કાર્ડ, ઇલેક્ટ્રોનિક વસ્તુઓ અને નકલી બેન્ક એનઓસી વિગેરે જપ્ત કરાયા હતા.

આ ટોળકી લોનની જરૂર હોય એવા લોકોને ટાર્ગેટ કરતી હતી. પોતાની અનેક બેન્કમાં ઓળખ છે એવું કહીંને તેઓ લોકો પાસેથી દસ્તાવેજો લેતા હતા, જેને આધારે તેઓ લોન લઇને આલીશાન કાર ખરીદતા હતા અને બાદમાં લોનની ચુકવણી કરી દેવાઇ છે એવું દર્શાવતા રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ)ના બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરીને કાર વેચી મારતા હતા, એમ ડીસીપી પૂર્ણિમા શૃંગીએ જણાવ્યું હતું.

પોલીસે ધરપકડ કરેલા આરોપીઓ મુંબઈ, થાણે અને મધ્ય પ્રદેશના ભોપાલના વતની છે. આ રેકેટ મુંબઈના અનેક ભાગ, આચોલે, થાણેના શિળ ડાયઘર, ગુજરાતના વડોદરા અને અંકલેશ્વર સુધી ફેલાયેલું હોવાનું તેમણે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## ધારાવી રિડેવલપમેન્ટ માટે સર્વેક્ષણ શરૂ



મુંબઈઃ મુંબઈને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા તરફનું પ્રથમ પગલું ગણાતા ધારાવી રિડેવલપમેન્ટ માટે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ, અદાણી રિયલ્ટી અને રાજ્ય સરકાર વચ્ચેના સંયુક્ત સાહસે, સોમવારે ધારાવીના લાખો રહેવાસીઓ પાસેથી ડેટા એકત્રિત કરવા માટે આ વિસ્તારમાં સર્વેક્ષણ શરૂ કર્યું હતું.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને મહારાષ્ટ્ર સરકાર સાથેનું સર્વેક્ષણ વિશ્વના સૌથી મોટા શહેરી કાયાકલ્પ પ્રોજેક્ટની શરૂઆત છે અને મુંબઈને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા તરફનું પ્રથમ પગલું છે. તે મુંબઈની અંદર એક અદ્યતન શહેર  ધારાવીને વિશ્વ કક્ષાની ટાઉનશિપમાં પરિવર્તિત કરવાની શરૂઆત છે. અમે તમામ ધારાવિકરોને આ કવાયતને સમર્થન આપવા વિનંતી કરીએ છીએ, જે અમને પુનર્વસન પ્રક્રિયાને અમલમાં મૂકવા સક્ષમ બનાવશે અને આખરે તેમને તેમના સપનાનું ઘર મળશે, ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું હતું. ■

## અજિત પવારના નાના ભાઈએ શરદ પવાર સાથે છેડો ફાડવા બદલ કરી ટીકા

પુણેઃ આજકાલ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નાના ભાઈ શ્રીનિવાસ પવારને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના સ્થાપક શરદ પવારનો પક્ષ છોડવા બદલ તેમની ટીકા કરતા સાંભળી શકાય છે.

વીડિયોમાં શ્રીનિવાસ પવારે (૬૦) બારામતીના કાટેવાડી ગામના રહેવાસીઓ સાથે વાત કરતા કહ્યું કે એનસીપીના સ્થાપક સારા અને ખરાબ સમયમાં  અજિત પવાર સાથે ઊભા હતા. શરદ પવારે અજિત પવારના નિર્ણયોનું સમર્થન કર્યું હતું, તેમને ચાર વખત ડેપ્યુટી મુખ્ય પ્રધાન બનાવ્યા હતા અને ૨૫ વર્ષ સુધી પ્રધાન બનાવ્યા હતા અને આવા પરોપકારી વ્યક્તિની વૃદ્ધાવસ્થા વિશે ખરાબ બોલવું ‘‘અયોગ્ય‘‘ છે. ‘‘જ્યારે અમે (શ્રીનિવાસ અને અજિત પવાર) વિભાજન પછી વાત કરી, ત્યારે મેં તેમને કહ્યું કે તમે બારામતી વિધાનસભા બેઠક પર લડવાનું ચાલુ રાખો અને અહીંથી લોકસભાની ચૂંટણી (શરદ) પવાર સાહેબના નેતૃત્વમાં લડવામાં આવશે,’’ શ્રીનિવાસ પવારને કહેતા સાંભળી શકાય છે. તેઓ ૮૩ વર્ષના હોવાને કારણે એનસીપીના સ્થાપકને છોડવા તૈયાર ન હોવાનું ભારપૂર્વક જણાવતા, શ્રીનિવાસ પવારે જણાવ્યું હતું કે તેમના કેટલાક મિત્રોએ તેમને અજિત પવારની સાથે રહેવાની સલાહ આપી હતી ‘‘કેમ કે ભવિષ્ય તેમની સાથે છે’’ સંજોગવશાત, અજિત પવારે ઘણી વખત વરિષ્ઠ પવારની ઉંમર વિશે વાત કરી છે અને તેમને નિવૃત્ત થવા અને એનસીપીનું નેતૃત્વ આગામી પેઢીને સોંપવા કહ્યું છે. તેમણે ડેપ્યુટી મુખ્ય પ્રધાન પર કટાક્ષ કરતા કહ્યું, ‘‘કોઈ વ્યક્તિ (શરદ પવાર)ને નિવૃત્ત થવા અને ઘરે રહેવાનું કહેવાની હિંમત કેવી રીતે કરી શકે? મને આવા વ્યક્તિ પસંદ નથી.’’ જેમ દરેક દવાની એક્સપાયરી ડેટ હોય છે તેમ દરેક સંબંધની પણ એક્સપાયરી ડેટ હોય છે. તેને એક્સપાયરી તરીકે ધ્યાનમાં લો અને જીવનમાં આગળ વધો,‘‘ તેમણે જુલાઈથી પાર્ટી અને તેના પ્રથમ પરિવારને અસર કરતી ઘટનાઓ વિશે કહ્યું. ‘‘મને આવા કાકા મળવાથી ખૂબ આનંદ છે’’, પક્ષ અને પરિવારમાં તિરાડ એ ‘‘પવાર સાહેબનું નામ સમાપ્ત કરવા માટે ભાજપ અને આરએસએસનું ષડયંત્ર’’ હોવાનું જણાય છે. ‘‘કોઈએ એવું ન માનવું જોઈએ કે તે વૃદ્ધ છે માટે નબળા છે’’ તેમણે ભારપૂર્વક જણાવ્યું. (પીટીઆઈ) ■

## લોકસભા ચૂંટણીઃ મહારાષ્ટ્રમાં ઓવૈસીની પાર્ટીએ ઉમેદવારના નામની કરી જાહેરાત

મુંબઈઃ લોકસભા ચૂંટણીની બેઠકોને લઈને દરેક રાજકીય પાર્ટી દ્વારા તેમના ઉમેદવારોના નામની ધીરે ધીરે જાહેરાત કરવામાં આવી રહી છે. હવે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઇએમઆઇએમ)ના પાર્ટી અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર (પૂર્વ ઔરંગાબાદ) લોકસભાની સીટ પર ઉમેદવારના નામની જાહેરાત કરી હતી.

છત્રપતિ સંભાજી નગરની સીટ પર સાંસદ અને મહારાષ્ટ્રના પાર્ટી અધ્યક્ષ ઇમ્તિયાઝ જલીલને ટિકિટ આપવાની જાહેરાત એઆઇએમઆઇએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ કરી હતી. જોકે બાકીની સીટ પર ઉમેદવારોની જાહેરાત હજી સુધી કરવામાં આવી નથી.

મહારાષ્ટ્રમાં લોકસભા સીટને લઈને જ્યાં બીજી પાર્ટીઓ વચ્ચે વિવાદ સર્જાયો છે એવામાં એઆઇએમઆઇએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ તેમની પાર્ટી મહારાષ્ટ્રની છ બેઠક પર ચૂંટણી લડશે એવો ખુલાસો કર્યો હતો.

લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી એઆઇએમઆઇએમએ પણ ઉમેદવારોના નામની જાહેરાત કરવાનું શરૂ કર્યું છે. ઓવૈસીએ કહ્યું હતું કે આગામી બેથી ત્રણ દિવસમાં એઆઇએમઆઇએમ તેના દરેક ઉમેદવારોની યાદી જાહેર કરી દેશે.

છત્રપતિ સંભાજી નગરની સીટથી ઇમ્તિયાઝ જલીલને પહેલા મુંબઈની છમાંથી એક સીટ પર ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે એવી ચર્ચા હતી, પણ છત્રપતિ સંભાજીનગરમાં એઆઇએમઆઇએમનો પક્ષ મજબૂત રહેતા તેમને આ સીટ પરથી ઉમેદવાર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

## નવી મુંબઈમાં બાર પર રેઈડઃ પચીસ લોકો સામે ગુનો

થાણેઃ નવી મુંબઈમાં બાર એન્ડ રેસ્ટોરામાં પોલીસે રેઇડ પાડી હતી અને અશ્લીલતા બદલ પચીસ લોકો સામે ગુનો દાખલ કર્યો હતો.

ખૈરાને ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે આવેલા બાર પર રવિવારે રાતે પોલીસ દ્વારા રેઇડ પાડવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.બારમાં રેઇડ દરમિયાન કેટલીક મહિલા અને ગ્રાહકો અશ્લીલ હરકત કરતા મળી આવ્યાં હતાં, એમ તુર્ભે પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રવીન્દ્ર દૌંડકરે કહ્યું હતું.આ પ્રકરણે ૧૨ મહિલા, ત્રણ વેઇટર, આઠ ગ્રાહક તથા બારના માલિક અને મેનેજર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

## નવી મુંબઈમાં ડમ્પરે અડફેટમાં લેતાં ફૂટબોલ કોચનું મૃત્યુ

થાણેઃ નવી મુંબઈમાં પુરપાટ વેગે આવેલા ડમ્પરે સ્કૂટરને અડફેટે લેતાં ૬૯ વર્ષના ફૂટબોલ કોચનું મૃત્યુ થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર વાશી વિસ્તારમાં શનિવારે સવારે ૧૦.૩૦ વાગ્યા આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા ફૂટબોલ કોચની ઓળખ સ્ટેનલી નાયર તરીકે થઇ હતી, જે રાજ્ય સ્તરનો ભૂતપૂર્વ ફૂટબોલ પ્લેયર હતો અને શનિવારે સ્કૂટર પર ખરીદી કરવા નીકળ્યો હતો. દરમિયાન વાશી વિસ્તારમાં ડમ્પરે નાયરના સ્કૂટરને અડફેટમાં લેતાં તેને ગંભીર ઇજા પહોંચી હતી. નાયરને હોસ્પિટલમાં લઇ જવાતાં તેને મૃત જાહેર કરાયો હતો.નાયરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. નાયરની પુત્રીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ડમ્પરચાલક ગોકર્ની સહાની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

## એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ દ્વારા માર્ગ અકસ્માતના ૭ પીડિતોને ₹ ૪૯ લાખનું વળતર

થાણેઃ થાણે મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ એસ બી અગ્રવાલે, ૭ માર્ચે, ૨૨ ડિસેમ્બર, ૨૦૧૮માં માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા બે અને અન્ય પાંચ ઘાયલ થયેલ વ્યક્તિઓના પરિવારોને ૪૯.૩૨ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે.

અરજદારોના એડવોકેટ એસએમ પવારે ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે પીડિત, સાંઈબાબાના તમામ ભક્તો, ’સાઈ પાલખી’ (પાલકી) સાથે શિરડી તરફ પગપાળા જઈ રહ્યા હતા ત્યારે સિન્નર-શિરડી રોડ પર દેવપુર ફાટા પાસે એક કારે તેમને પાછળથી ટક્કર મારી હતી . આ ઘટનામાં બે લોકોના મોત થયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. ઓર્ડરની નકલ સોમવારે ઉપલબ્ધ થઈ હતી.

ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે વળતર, વાર્ષિક ૭.૫૦ ના દરે વ્યાજ સહિત (દાવો દાખલ કર્યાની તારીખથી) શરૂઆતમાં અકસ્માત કરનાર વાહનની વીમા કંપની દ્વારા ચૂકવવામાં આવશે અને પછીથી તેના માલિક પાસેથી વસૂલ કરવામાં આવશે. ટ્રિબ્યુનલે એ પણ નિર્દેશ આપ્યો હતો કે વળતરની રકમનો અમુક હિસ્સો ચોક્કસ સમયગાળા માટે ફિક્સ ડિપોઝિટમાં રોકાણ કરવામાં આવે અને બાકીનો ભાગ દાવેદારોને સોંપવામાં આવે. (પીટીઆઈ) ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સાકીનાકામાં ધાર્મિક કટ્ટરપંથીનાં ગેરકાયદે બાંધકામ ઉપર પાલિકાનો હથોડો

મુંબઇઃ અંધેરીનાં સાકીનાકાના વિસ્તારમાં જરીમરીમાં એક સ્થાનિક હિંદુ પરિવારને પરેશાન કરનાર અસામાજીકોનાં ગેરકાયદે મકાનને ધરાશયી કરવાની કાર્યવાહી મહાપાલિકાએ શરૂ કરી હતી. આ ગેરકાયદે બાંધકામનાં પાંચ માળના મકાનનો હવે ગ્રાઉન્ડ ફ્લોર જ બાકી રહ્યો હોવાનું જણાય છે. આ અગાઉ સ્થાનિક હિન્દુ પરિવારો ઉપર હુમલો થયા બાદ આ સમગ્ર ઘટનાક્રમની શરૂઆત થઇ હતી. સાકીનાકામાં રહેતા હિન્દુ પરિવાર ઉપર ધાર્મિક તનાવ ઉશ્કેરતા કટ્ટરપંથી ગુંડા દ્વારા ગત ૧૪ મી માર્ચે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હિંદુ પરિવારો પર જીવલેણ હુમલા કરી રહેલા આ ગુંડાના અનધિકૃત પાંચ માળના મકાનને તોડી પાડવાનો નિર્દેશ સત્તાવાળાએ આપ્યો હતો. આ વિસ્તારમાં સ્થાનિક હિન્દુ પરિવાર પર હુમલો કરનાર ગુંડાએ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટની દિવાલ પર અતિક્રમણ કરીને પાંચ માળનું અનધિકૃત બાંધકામ કર્યું હતું. બાજુના મંદિરમાં નિયમિત પૂજા કરતા હિન્દુ નાગરિકોને આ ગુંડા દ્વારા ધાર્મિક વિખવાદ ઊભો કરવાના ઈરાદે બળજબરીથી હેરાન કરવામાં આવ્યા હતા. સ્થાનિક નાગરિકોએ ૪૦ જેટલી ફરિયાદો નોંધાવ્યા બાદ પણ પોલીસે આ ઘટના પ્રત્યે આંખ આડા કાન કર્યા હતા. ૧૪ માર્ચના રોજ, આ ગુંડાએ બદલાની ભાવનાથી તેની વિરુદ્ધ ફરિયાદ કરનારા હિન્દુ નાગરિકો પર જીવલેણ છરી વડે હુમલો કર્યો હતો.

# નંદુરબારમાં પ્રૌઢની હત્યાના કેસમાં ફરાર આરોપીઓ મુંબઈથી પકડાયા

## જમાઇએ આપી હતી હત્યા માટે ₹ ત્રણ લાખની સુપારી

મુંબઈઃ નંદુરબારમાં પ્રૌઢની હત્યા કરીને ફરાર થયેલા ચાર આરોપીને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ગોરાઇથી ઝડપી પાડ્યા હતા. આરોપીમાં બે સગીરનો સમાવેશ હોઇ તેમને બાદમાં નંદુરબાર ક્રાઇમ બ્રાન્ચને હવાલે કરવામાં આવ્યા હતા. પ્રૌઢની હત્યા માટે તેના જમાઇએ રૂ. ત્રણ લાખની સુપારી આપી હતી, એવું તપાસમાં બહાર આવ્યું હતું.

નંદુરબારના સદાશિવનગરમાં રહેતો રાજેન્દ્ર મરાઠે (૫૫) ૧૪ માર્ચે ખરીદી કરવા માટે નીકળ્યો હતો. જોકે મોડી રાત સુધી તે ઘરે પાછો ન ફરતાં પરિવારજનોએ તેની શોધ ચલાવી હતી અને બાદમાં સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ૧૬ માર્ચે નાંદર્ડેથી તળોદા રોડ પર પુલ પાસે પોલીસને રાજેન્દ્રનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને સળગાવવાનો પ્રયાસ કરાયો હતો.

દરમિયાન આ કેસની તપાસ ત્યાંની ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ હતી અને પોલીસે રાજેન્દ્રના જમાઈ ગોવિંદ સોનારને શંકાને આધારે તાબામાં લીધો હતો. પૂછપરછમાં ગોવિંદે કૌટુંબિક વિવાદને લઇ સસરાની હત્યા માટે રૂ. ત્રણ લાખની સુપારી આપી હોવાનું બહાર આવ્યું હતું. ચાર આરોપીઓએ રાજેન્દ્રનું ગળું દબાવીને તથા લોખંડના સળિયાથી હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. બાદમાં મૃતદેહ પર કેમિકલ નાખી સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. હત્યા કર્યા બાદ આરોપીઓ સુરત ભાગી છૂટ્યા હતા

# આચારસંહિતા લાગુ પડ્યા બાદ મુંબઈના તમામ હૉર્ડિંગ, પોસ્ટરો અને બૅનર હટાવવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી પહેલા આચાર સંહિતા લાગુ થવાના એક દિવસ બાદ મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને તમામ અધિકારીઓને આગામી ૨૪ કલાકમાં જાહેર અથવા ખાનગી સ્થળોએ લગાડવામાં આવેલા તમામ હૉર્ડિંગસ, પોસ્ટર, બૅનર તત્કાલિક દૂર કરવાની સૂચના આપી હતી. છેલ્લા બે દિવસમાં શહેરમાંથી ૧૨,૦૦૦થી વધુ પોસ્ટરો અને બેનરો દૂર કરવામાં આવ્યા છે.

પાલિકા મુખ્યાલયમાં સોમવારે પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલ દ્વારા આયોજિત બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં એડિશનલ કમિશન્ર સહિત મુંબઈ શહેરના કલેકટર સંજય યાદવ અને મુંબઈ ઉપનગરના કલેકટર રાજેન્દ્ર ક્ષીરસાગર સહિત પાલિકાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પાલિકાના તમામ ૨૫ એડમિનિસ્ટ્રેટીવ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરોને આગામી ૨૪ કલાકમાં તમામ પ્રકારના પોસ્ટરો અને બેનરો ઉતારી લેવાની સૂચના આપવામાં આવી હતી.

બેનરો હટાવ્યા બાદ તેને ફરીથી લગાડવામાં આવે નહીં તેના પર નજર રાખવા માટે પાલિકા કમિશનરે તમામ વોર્ડ ઓફિસરોને એક મોનિટરિંગ ટીમ બનાવવાની પણ સૂચના આપી હતી, જેઓ બારીકાઈથી આ પ્રવૃતિ પર નજર રાખશે. નિયમોનો ભંગ કરીને પોસ્ટરો લગાડનારા સામે પાલિકા ફરિયાદ પણ નોંધાવી શકશે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવશે અને ચૂંટણીના સમયગાળા દરમિયાન રાજકીય હોર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરો લગાડવા મંજૂરી આપવા માટે પાલિકાના વોર્ડમાં નોડલ ઓફિસરોની નિમણૂક કરવામાં આવશે. પાલિકાએ ગયા વર્ષ દરમિયાન ખાસ કરીને તહેવારોની મોસમ દરમિયાન ગેરકાયદે બેનરો અને હૉર્ડિંગ્સ સામે અનેક વખત ઝુંબેશ હાથ ધરી હતી. સપ્ટેમ્બરમાં સૌથી વધુ ૯,૮૦૨ અને ઑક્ટોબરમાં ૮,૨૨૬ ગેરકાયદે બેનરો હટાવ્યા હતા.

# બારામતી સીટ પર ચાલી રહેલા વિવાદ વચ્ચે શિવસેનાના નેતા વિજય શિવતારે શિંદેને મળ્યા

મુંબઈઃ શિવસેનાના નેતા વિજય શિવતારેએ બારામતી બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડવાની તેમની એકપક્ષીય જાહેરાત કર્યાના એક દિવસ પછી, સોમવારે તેઓ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળ્યા હતા.

શિંદેએ દેખીતી રીતે જ શિવતારેને મેદાનમાંથી ખસી જવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમણે કોઈ ખાતરી આપી ન હતી.

ઉલ્લેખનીય છે કે, એનસીપી નેતા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની પત્ની સુનેત્રા પવાર તેમની નણંદ અને વર્તમાન સાંસદ સુપ્રિયા સુળે સામે બારામતીથી ઉમેદવાર બને તેવી શક્યતા છે. અજિત પવારની આગેવાની હેઠળ ભાજપ, શિવસેના અને એનસીપી મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનના ઘટક છે. ભૂતપૂર્વ વિધાનસભ્યએ પત્રકારોને જણાવ્યું હતું કે તેમને પવાર સામે લોકસભાની ચૂંટણી લડવા માટે લોકોનું વિશાળ સમર્થન મળ્યું છે.

શિવતારેએ કહ્યું કે તેઓ તેમના ભાવિ પગલાં વિશે તરત જ નિર્ણય લેશે નહીં, મારે મારા સમર્થકોને મળવાની અને તેમની સાથે આ બાબતે ચર્ચા કરવાની જરૂર છે. હું અત્યારે કંઈપણ નક્કી કરીશ નહીં, એમ તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)

## છેલ્લા પાનાનું ચાલુ

### ઉત્તર પ્રદેશમાં

અંતરિયાળ ગામડા ભગવતીપુરમાં આવેલા કારખાના પર કાર્યવાહી કરી હતી. કારખાનામાંથી અતુલ અશોકકુમાર સિંહ (૩૬) અને સંતોષ હડબડી ગુપ્તા (૩૮)ની ધરપકડ કરવામાં આવી હતી. વારાણસી કોર્ટમાંથી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી બન્નેને થાણે લાવવામાં આવ્યા હતા.

થાણે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓએ ગયા મહિને વસઈમાં રહેતા ચાર આરોપી આફતાબ મલાડા (૨૨), જયનાથ યાદવ ઉર્ફે કાંચા (૨૭), શેરબહાદુર સિંહ ઉર્ફે અંકિત (૨૩) અને હુસેન સલીમ સૈયદ (૪૮)ની ધરપકડ કરી હતી. તેમની પાસેથી અંદાજે ૧૪ લાખ રૂપિયાનું એમડી જપ્ત કરવામાં આવ્યું હતું. આ એમડી ઓમ ગુપ્તા ઉર્ફે મોનુ પાસેથી પ્રાપ્ત કરવામાં આવ્યું હોવાની કબૂલાત આરોપીઓએ કરી હતી. ઓમ ગુપ્તા ઉત્તર પ્રદેશના ભગવતીપુરમાં સાથીઓની મદદથી ડ્રગ્સનું કારખાનું ચલાવતો હોવાનું તપાસમાં સામે આવતાં પોલીસની ટીમ યુપી પહોંચી હતી. વેશપલટો કરી પોલીસે અંતરિયાળ ગામડામાં સતત મહિના સુધી નજર રાખી હતી. આખરે એસટીએફની મદદથી કારખાના પર દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસને કારખાના બહાર ઊભેલી કારમાંથી અંદાજે ૨.૬૪ કરોડ રૂપિયાનું એમડી મળી આવ્યું હતું. સપ્લાય થવા પહેલાં જ એમડી પોલીસને હાથ લાગ્યું હતું. વિવિધ પ્રકારનાં રસાયણોના મિશ્રણથી એમડી બનાવવામાં આવતું હોવાનું આરોપીઓનું કહેવું છે. કારખાનામાંથી મોટા પ્રમાણમાં રસાયણનું મિશ્રણ મળી આવ્યું હતું, જેમાંથી અંદાજે પચીસ કરોડનું એમડી આરોપીઓ તૈયાર કરવાના હતા. કારખાનામાંથી ડ્રગ્સ બનાવવાનાં ૮.૬૨ લાખનાં સાધનો પણ તાબામાં લેવાયાં હતાં. પકડાયેલા આરોપીઓની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

### ૧૫ ટકા પાણી કાપ

હાથ ધરવામાં આવ્યું હતું. ભાતસા બંધમાંથી ફરી પાણી ચાલુ કરવામાં આવ્યું હતું. પરંતુ બંધના પાણીની સપાટી પૂર્વવત્ લાવવા માટે સમય લાગવાનો હોવાથી મંગળવાર, ૧૯ માર્ચ, ૨૦૨૪ના એક દિવસ માટે સમગ્ર મુંબઈમાં ૧૫ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે. ભાતસા બંધમાંથી છોડવામાં આવેલું પાણી પિસેમાં બંધ બાંધી તૈયાર કરવામાં આવેલા જળાશયમાં સ્ટોર કરવામાં આવે છે. પાલિકાના પાંજરાપૂરમાં આવેલા ફિલ્ટરેશન પ્લાન્ટમાં પ્રક્રિયા કરીને યેવઈમાં આવેલા મોટા જળાશય મારફત મુંબઈગરાને આ પાણીપુરવઠો કરવામાં આવે છે. પિસે બંધના ગેટના રબરના બ્લાડરમાં ૧૬ માર્ચના અચાનક ખામી સર્જાઈ હતી અને પાણીનું ગળતર ચાલુ થઈ ગયું હતું. બંધનું પાણીનું સ્તર ૩૧ મીટર સુધી લાવ્યા બાદ સમારકામ કરવામાં આવ્યું હતું. સોમવારે સમારકામ પૂરું કરી નાખવામાં આવ્યું હતું. એ બાદ ભાતસા બંધમાંથી પિસે માટે પાણી છોડવામાં આવ્યું હતું. ભાતસા બંધ પિસેથી ૪૮ કિલોમીટર લાંબુ છે. તેથી પિસે બંધમાં પાણીનું સ્તર વધવામાં સમય લાગવાનો છે. તેથી મંગળવાર, ૧૯ માર્ચ સુધી એક દિવસ માટે ૧૫ ટકા પાણી કાપ રાખવાની ફરજ પડી હોવાનો દાવો પ્રશાસને કર્યો હતો. ભાંડુપ ફિલ્ટરેશન પ્લાન્ટમાં ફિલ્ટરેશન પ્લાન્ટમાં પાણીના શુદ્ધીકરણની પ્રક્રિયા કરવામાં આવે છે તે ટાંકીઓના ઈન્સ્પેકશનનું કામ ચાલી રહ્યું છે. તેથી મુંબઈમાં ૧૪ માર્ચથી ૨૪ એપ્રિલ, ૨૦૨૪ સુધી પાંચ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે. તેથી આ પાંચ ટકા સહિત મંગળવારના એક દિવસનો ૧૫ ટકા કાપ એમ કુલ ૨૦ ટકા પાણીકાપ એક દિવસ પૂરતો રહેશે.

### મુંબઈ-નાસિક હાઈવે

સમયસૂચકતા રાખીને કારમાંથી ઊતરી ગયો હતો અને આગની ચપેટમાં કાર આવી ગઈ હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડની એક ગાડી, એક રેસ્ક્યુ વેહિકલ, એક વોટર મિક્સ ફાયર ટેન્ડર વેહિકલ, એક વોટર ટેન્કર અને ટ્રાફિક પોલીસે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. કારમાં મોટા પ્રમાણમાં ડેકોરેશનનું સામન હોવાથી આગ ઝડપભેર ફેલાઈ હતી .આગને કારણે જોકે મુંબઈ-નાશિક હાઈવે પરનો ટ્રાફિક લગભગ પોણો કલાક સુધી ઠપ્પ થઈ ગયો હતો. સાંજે પાંચ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગ બુઝાઈ ગયા બાદ થાણે ટ્રાફિક પોલીસે ટોઈંગ વાહનની મદદથી કારને રસ્તાની એક તરફ કરી હતી અને બાદમાં રસ્તો ટ્રાફિક માટે ખુલ્લો મુક્યો હતો.

### કોસ્ટલ રોડ પર

કારણો વિશે વાત કરતાં એક અન્ય અધિકારીએ જણાવ્યું હતું કે માત્ર જોયરાઈડ માટે એટલે કે કોસ્ટલ રોડ કેવો છે, આ રોડ પર પ્રવાસ કરવાનો અનુભવ કેવો છે એની માહિતી મેળવવા માગતા લોકોને કારણે જ બપોરના સમયે આ ટ્રાફિકજામની સમસ્યા જોવા મળે છે. આ રોડનો ઉપયોગ કરનારાઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે એ સારી બાબત છે પણ માત્ર ફરવા માટે આવનારા વાહનોની સંખ્યા ઘટશે ત્યારે જ સાચા આંકડાઓ બહાર આવશે, એવું તેમણે વધુમાં જણાવ્યું હતું. આ સિવાય વરલીથી હાજીઅલી ઈન્ટરચેન્જ શરૂ થયા બાદ વરલીની ટ્રાફિકની સમસ્યામાં સુધારો જોવા મળશે, એવી આશા પણ વ્યક્ત કરાઈ રહી છે.

### સુરત- ચેન્નઈ

તે તાલુકાઓને સંપાદન માટે જરૂરી ભંડોળ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેથી ટૂંક સમયમાં હાઇવેનું કામ શરૂ થશે તેવું અનુમાન લગાવવામાં આવ્યું હતું. જોકે, પ્રોજેક્ટના નિર્માણની જવાબદારી સંભાળતા નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા હાલ પૂરતું કામ અટકાવી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેથી, સમગ્ર પ્રોજેક્ટનું ભવિષ્ય શંકાસ્પદ છે. ચૂંટણીની આચારસંહિતાના કારણે આગામી ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવા પર નિયંત્રણો રહેશે. આવા સંજોગોમાં સુરત-ચેન્નાઈ હાઈવે અંગેનો નિર્ણય ઠંડા કલેજે આવશે. કેન્દ્રમાં નવી સરકાર બન્યા બાદ પ્રોજેક્ટના નિર્માણ અંગે નિર્ણય લેવામાં આવશે.

### રાજ ઠાકરે દિલ્હી

પણ રાહ જોવામાં આવી રહી છે, જેમાંથી મહારાષ્ટ્રની ૨૦ બેઠકના ઉમેદવાર જાહેર કર્યાં છે. મહારાષ્ટ્રમાં મનસેનું એકનાથ શિંદે-ફડણવીસ જૂથ સાથે ગઠબંધન થાય તો ભવિષ્યમાં પાલિકાની ચૂંટણીમાં પણ ફાયદો થઈ શકે છે, એમ વર્તુળોએ જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક દિવસોથી મનસેના રાજકીય ભવિષ્યને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. એક તરફ, મનસે (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)ના પ્રમુખ રાજ ઠાકરેએ તેઓ લોકસભાની ચૂંટણી લડશે કે નહીં તે અંગે કંઈ જાહેર કર્યું નથી. તો બીજી તરફ, મનસે મહાગઠબંધનમાં જોડાશે એવું કહેવામાં આવી રહ્યું છે. આ મામલે બંને પક્ષના નેતાઓના નિવેદનો ટાંકવામાં આવી રહ્યા છે.

### વડાલામાં પાલિકાના

વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે વડાલાના સુભાષ નગર સ્થિત ઝૂંપડપટ્ટીમાં પત્ની અને પાંચ સંતાન સાથે રહેતો મનોજ વાઘરી પરિવારના ગુજરાન માટે માટીનાં વાસણ બનાવીને વેચે છે. રવિવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ મનોજના પુત્રો અર્જુન અને અંકુશ રમવા માટે નજીકના મહર્ષિ કર્વે ગાર્ડનમાં ગયા હતા. મોડી સાંજ બન્ને પાછા ન ફરતાં વડીલોએ તેમની શોધખોળ શરૂ કરી હતી.

બન્ને બાળકની કોઈ ભાળ ન મળતાં વડીલોએ રાતે માટુંગા પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન આરએકે માર્ગ પોલીસની હદમાં આવેલા ગાર્ડનની અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકીમાંથી સોમવારે સવારે બન્નેના મૃતદેહ મળી આવ્યા હતા. ગાર્ડનની પાછળની બાજુએ સુરક્ષા દીવાલ અને તારની વાડ વચ્ચેના ખાંચામાંથી બન્ને બાળક ગાર્ડનમાં પ્રવેશ્યા હતા. ગાર્ડન સામેના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પરથી આ વાત સ્પષ્ટ થઈ હતી.

કહેવાય છે કે અન્ડરગ્રાઉન્ડ ટાંકી પર ઢાંકણ નહોતાં. ઢાંકણની જગ્યાએ પ્લાસ્ટિક રાખવામાં આવ્યું હતું. રમતાં રમતાં બાળકો પ્લાસ્ટિક પર ગયા હશે અને પાણી ભરેલી ટાંકીમાં પડ્યા હશે. શંકાને આધારે રહેવાસીઓએ સોમવારે સવારે ટાંકીમાં તપાસ કરતાં બાળકોના મૃતદેહ નજરે પડ્યા હતા. પોસ્ટમોર્ટમ માટે તેમનાં શબ કેઈએમ હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં.

### શરદ જીદ મનાવવામાં

જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ''એમવીએ ત્રણ ભાગીદારો પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી માટે પોતપોતાના ક્વોટામાંથી ઓછામાં ઓછી ચાર બેઠકો અને રાજુ શેટ્ટીની આગેવાની હેઠળના સ્વાભિમાની શેતકરી સંગઠન માટે એક બેઠક છોડવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે.''

**કૉંગ્રેસ કઈ બેઠક પર?:** સૂત્રોના જણાવ્યા અનુસાર, કૉંગ્રેસને જે ૧૬ બેઠકો મળી છે તેમાં નાગપુર, ભંડારા-ગોંદિયા, ચંદ્રપુર, ગઢચિરોલી, રામટેક, અમરાવતી, અકોલા, લાતુર, નાંદેડ, જાલના, ધુળે, નંદુરબાર, પુણે, સોલાપુર, કોલ્હાપુર અને મુંબઈ ઉત્તરનો સમાવેશ થાય છે.

**શરદ પવારની પાર્ટી ક્યાં?:** આ સિવાય એનસીપી-એસપીને ૧૦ બેઠકો મળી છે, જેમાં બારામતી, શિરુર, બીડ, દિંડોરી, રાવેર, અહમદનગર, માઢા, સાતારા, વર્ધા અને ભિવંડીનો સમાવેશ થાય છે. એનસીપી-એસપી માઢા સીટ પર રાષ્ટ્રીય સમાજ પક્ષ પાર્ટીના સંસ્થાપક મહાદેવ જાનકરને સમર્થન આપી શકે છે. તમને જણાવી દઈએ કે, રવિવારે મુંબઈમાં રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનું સમાપન થયું હતું. કૉંગ્રેસે શિવાજી પાર્કમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ જાહેરસભામાં વિપક્ષના અનેક મોટા નેતાઓએ ભાગ લીધો હતો.

**ઉદ્ધવ જૂથને કંઈ બેઠક મળી?:** શિવસેના-યુબીટીની ૨૨ સીટોમાં રત્નાગીરી-સિંધુદુર્ગ, રાયગઢ, થાણે, કલ્યાણ, પાલઘર, નાસિક, શિરડી, જલગાંવ, માવળ, ધારાશિવ, પરભણી, સંભાજીનગર, બુલઢાણા, હિંગોલી, યવતમાળ, હાથકણંગલે, સાંગલી, મુંબઈ દક્ષિણ, મધ્ય મુંબઈ ઉત્તર પશ્ચિમ, મુંબઈ ઉત્તર મધ્ય અને મુંબઈ ઉત્તર પૂર્વનો સમાવેશ થાય છે. પરંતુ શિવસેના-યુબીટી રાજુ શેટ્ટી માટે હાથકણંગલે સીટ છોડી શકે છે.

## જૈન મરણ

અમૃતલાલ શાહ- બાબુભાઈ (કચ્છ ભુજ) હાલે ચેનૈ, (ઉં. વ. ૯૭) તે ગં.સ્વ. માણેકબેન દેવરાજભાઈ નેણસી શાહના સુપુત્ર. ગં સ્વ.રંભાબેન રવિલાલ મકનજીના જમાઈ. સ્વ. ભાગ્યવતીબેનના પતિ. સ્વ.યોગેશભાઈ, મુકેશભાઈ, કેતનભાઇના પિતાશ્રી. ભાવનાબેન રીટાબેન તથા પ્રીતીબેનના સસરા. તન્વી, અભય, તનય, મલય, અક્ષય, અચીરાના દાદા તા. ૧૭.૦૩.૨૦૨૪ના ચેનૈ મધ્યે અરિહંતશરણ પામેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજા હાલે સોલાપુરના જયંતીલાલ સાવલા (ઉં. વ. ૭૩) તા.૧૬-૩ના અવસાન પામેલ છે. કસ્તુર, હેમલતા ડુંગરશીના પુત્ર. નયનાના પતિ. શીતલ, પાયલ, કુણાલના પિતાજી. અરવિંદ, વાંકી સરલા મુલચંદ, બિદડા મંજુલા રમેશ, પત્રી ભાવના ભરતના ભાઈ. મોટી ખાખર રતન દામજી ટોકરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. કુણાલ સાવલા, ૮, વર્ધમાન એપા., ૧૦૩, રેલવે લાઈન, સોલાપુર.

ડુમરાના માતુશ્રી ગુણવંતી ટોકરશી વેરશી ગોસર (ઉં. વ. ૮૧) તા. ૧૬-૩-૨૪ ના અવસાન પામેલ છે. રતનબાઇ વેરશીના પુત્રવધૂ. સ્વ. ટોકરશીના પત્ની. મીના, ભરત, કેતનના માતુશ્રી. મો. ઉનડોઠ ખેતબાઇ ધનજીના પુત્રી. ગોધરાના વેજબાઇ કલ્યાણજી, નિર્મળા પોપટ, કોટડી (મ.)ના નાનબાઇ હીરજી, ડુમરાના ઝવેર મેઘજી, ડોણના પ્રેમીલા વસંત, નવાવાસના લક્ષ્મી ચંદ્રકાંતના બેન. પ્રાર્થના : યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. ૪ થી ૫.૩૦. (ચક્ષુદાન કરેલ છે.) નિ. કેતન ગોસર, સી/૬૦૧, રેડવુડ, વસંત ગાર્ડન રોડ, મુલુંડ (વે), મું. ૮૦.

રાયધણજરના પદમશી ખીમજી ગડા (ઉં. વ. ૭૧) તા. ૧૭-૩-૨૪ના અવસાન પામ્યા છે. વેજબાઈ ખીમજીના પુત્ર. વિજ્યાબેનના પતિ. મિનલ, હેતલ, સચિન, વિરેનના પિતા. સોનબાઈ, ધનબાઈ, વસંત, વિમલા, રંજન, લક્ષ્મીચંદ, પ્રવિણના ભાઈ. વિઢ કુંવરબાઈ લીલાધર આશારીયાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ : નારાણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦. નિ. પદમશી ગડા : ૪૦૪, અરવિંદ એપાર્ટમેન્ટ, એલ.ટી. રોડ, બોરીવલી (વે.), મું-૯૨.

મોટા આસંબીયાના નાનબાઇ લાલજી ગાલા (ઉં. વ. ૯૭) તા. ૧૬-૦૩-૨૪ના અવસાન પામ્યા છે. મેઘબાઇ ઠાકરશીના પુત્રવધૂ. લાલજી ઠાકરશીના ધર્મપત્ની. મણીલાલ, મધુ (ભાવના), અશોકના માતુશ્રી. નાના આસંબીયાના વીરબાઇ કેશવજીના સુપુત્રી. જીવરાજ, શામજી, સુરજી, જેઠાલાલ, હરખચંદ, હંસરાજ, મણીબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અશોક લાલજી ગાલા, ત્રીજે માળે, રૂમ નં. ૧૮, ગુસ્તીન બિલ્ડીંગ, એસ.વી. રોડ, ગોરેગામ (વે.), મું. ૧૦૪.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડિયાના સ્વ. હિતેષ રાઘવજી રણમલ ગાલા (ઉં.વ. ૪૮) રવિવાર, તા. ૧૭-૩-૨૪ના મુંબઈ (બોરીવલી) મધ્યે અવસાન પામેલ છે. નામાબેન રણમલ હિરજી ગાલા (કચ્છા)ના પૌત્ર અને કોરઈબેન રાઘવજીના સુપુત્ર. મનસુખના ભાઈ. ભારતીના દિયર. સ્વ. નાથીબેન રણમલ ગાંગજી ગડાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠેઃ મનસુખ રાઘવજી ગાલા, હરિ ઓમ એપાર્ટમેન્ટ, બી-૪, ૩૦૧, વિજય સેલ્સની પાછળ, એસ.વી. રોડ, શાસ્ત્રી નગર, બોરીવલી (વેસ્ટ).

**અમદાવાદ વીશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

અમદાવાદ નિવાસી હાલ અંધેરી, મુંબઇ અ. સૌ. કુસુમબેન ભરતભાઇ શાહ (ઉં. વ. ૮૨) તે મનીષ, રીતેશના માતુશ્રી. સેજલ, ઋષિનાનાં સાસુ. કેવિનના દાદી. સ્વ. ચંદુલાલ નાથાલાલ ભરૂચીના પુત્રી. સ્વ. ગુણવંતભાઇ, સ્વ. જયેન્દ્રભાઇ, વિરેન્દ્ર અને સ્વ. ભારતભૂષણના તેમ જ માલતીબેનના બહેન. સ્વ. સુબોધભાઇ, સ્વ. હસમુખભાઇના ભાભી. તે ૧૭મી માર્ચ ૨૪ (રવિવાર)ના અરિહંતશરણ પામલે છે. લૌકિક વ્યવહાર, પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠેઃ ૧, અરારત ટાવર, જયભવાની રોડ, આંબોલી, અંધેરી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ સ્વ. ધીરજલાલ રામચંદ શાહના સુપુત્ર જયેશભાઇ (ઉં. વ.૫૯) જશ્મીનાબેનના પતિ. પ્રણય તથા ગ્રીષ્માના પિતા. નિધિ તથા પ્રણવકુમારના સસરા. સ્વ. જીતેશભાઇ, ભાવનાબેનના ભાઇ. શ્વસુર પક્ષે સ્વ.રમણીકભાઇ ચત્રભુજભાઇ અગીયાળીવાળા હાલ કાંદિવલીના જમાઇ તા. ૧૭-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. દરેક પક્ષની સાદડી તા. ૧૯-૩-૨૪ના મંગળવારે ૩થી ૫. ઠે. એ-૫૦૧,સાઇધામ લોયલા, નાહુર ગાંવ, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર હાલ મુલુંડ મુંબઇ સ્વ. ચીમનલાલ વનમાળીદાસ શેઠના ધર્મપત્ની કાન્તાબેન (ઉં. વ. ૮૫) તે વિરેન, સંજય, રાજેનના માતુશ્રી. તે મનીષા, મીતા, કોમલના સાસુ. અવની-નંદન, પાર્શવ ધર્મિત, તનયના દાદી. પિયર પક્ષે ભાવનગર નિવાસી સ્વ. વૃજલાલ જીવનલાલ શાહની દીકરી. સ્વ. રમેશભાઇ, સ્વ. રસીલાબેન, સ્વ. હીરાબેનના બહેન તા. ૧૬-૩-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ ગોરેગાંવ જયાબેન વિનોદચંદ્ર ચોકસી (ઉં. વ. ૮૨) તે મનીષ, આસીત, નીતાના માતુશ્રી. અર્પણા, સ્મીતા, રાજેશકુમારના સાસુ. તે જંબુભાઇ ફકીરચંદ ગાંધીના દીકરી. તે શ્રેયસ, જય, હિમીત, સમકિત, કિંજલ, રીશીતના દાદી. સ્વ. પુષ્પાબેન, હંસાબેન, સ્વ.બિપીનભાઇ, નરેન્દ્રભાઇ, સ્વ. અશ્વીનભાઇ, દક્ષાબેનના ભાભી. તા. ૧૭-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૪ના મંગળવાર ૬થી ૮. ઠે. રાજસ્થાન હોલ, ચિંતામણી દેરાસરની બાજુમાં, આરે. રોડ, ગોરેગાંવ (વેસ્ટ).

**કાંઠા સતાવીસ વીસા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

આગલોડ નિવાસી હાલ મુલુંડ સ્વ. શાંતાબેન ચીમનલાલ શાહના સુપુત્ર કિરીટભાઇ શાહ (ઉં. વ. ૭૦) બીનાબેનના પતિ. નીરવ અને બિનલના પિતા. શીતલ અને ચિરાગના સસરા. વિમળાબેન બાબુલાલ શાહના જમાઇ. સ્વ. નરેન્દ્રભાઇ, દીપકભાઇ તથા પ્રફૂલાબેન, સ્વ. પિનીકાબેન, સૂર્યાબેનના ભાઇ તા. ૧૨-૩-૨૪ના શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વસંતબેન હરીલાલ શેઠના પુત્રવધૂ અ.સૌ. ચંદ્રિકાબેન (ઉં.વ. ૭૦) તે હરેનભાઈના ધર્મપત્ની. ફાલ્ગુની અને અપૂર્વના માતુશ્રી. નિરવ રશ્મિકાંત દોશી તથા શાલિનીના સાસુજી. સાનવીના નાની. સ્વ. કલ્પનાબેન પ્રવીણચંદ્ર કપાસી, બિપિનભાઈ, જયશ્રીબેન જયંતભાઈ મહેતા અને હિતેશભાઈના ભાભી. મોરબી નિવાસી સ્વ. જસવંતીબેન ચંદુલાલ દફતરીના સુપુત્રી. શુક્રવાર, તા. ૧૫-૩-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૯-૩-૨૪ના ૪થી ૬ ઠેઃ લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

પરસી પીરોજશા દલાલ તે ઓસ્તી ફરીદા પરસી દલાલના ધણી. તે મરહુમો પીલામાય અને એરવદ પીરોજશા રતનજી દલાલના દીકરા. તે એરવદ જુબીન પરસી દલાલ તથા દેલનાજ શહેઝાદ ગોલીમારના બાવાજી. તે ઓસ્તી શેહેરનાજ જુબીન દલાલ તથા શેહઝાદ માનેકશા ગોલીમારના સસરાજી. તે મરહુમો એરવદ નરીમન, એરવદ દાલી તથા ફ્રેની સોલી કોદીયાના ભાઇ. તે એરવદ ફરશીદ અને ઓસ્તા કીયાનુશના બપાવાજી. (ઉં. વ. ૭૮) રે. ઠે. ઘર ન.૧૨/૨૮૫૦, બીબીની વાડી, સયદપુરા, સુરત.

જરીન જમશેદ ભાઠેના તે મરહુમ જમશેદ કાવસ ભાઠેનાના ધણિયાની. તે મરહુમો હીલામાય અને નદીરશા પટેલના દીકરી. તે ફ્રેયા ભાઠેનાના માતાજી. તે જહાનબઝ પટેલ, દોલી સુખકડીયા તથા મરહુમ રતનના બહેન. તે વહીસતાના મમઇજી. તે મરહુમ કાવસહા ભાઠેનાના વહુ. (ઉં. વ. ૭૪) રે. ઠે. એ/૬૦૩, સૂર્ય દર્શન, સી. એચ. એસ. આનંદ મહલ રોડ, અદજાન સુરત સીટી, નવયુગ કોલેજ, ગુજરાત-૩૦૫૦૦૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૩-૨૪ના બપોરે ૩-૪૫ વાગે મીઠાવાલા અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**નવગામ વિશાનાગર વણિક**

ગામ વસઇ (ડાભલા) હાલ મુંબઇ (દાદર) કંચનબેન (ઉં. વ. ૮૮) તા. ૧૭-૩-૨૪ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બાબુલાલ ગોકળદાસ શાહના પત્ની. સ્વ. ગોકળદાસ, સ્વ. કમળાબેનના પુત્રવધૂ. સ્વ.વાડીલાલ મણીલાલ શાહ તેમ જ સ્વ. હીરાબેનના પુત્રી. તે સુનીલ, લીના, છાયા, સોનલના માતા. પારૂલબેન જયેશભાઇ, અજયભાઇ, પ્રદીપભાઇના સાસુ. વિવેક, ચૈતાલીના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૪ના મંગળવાર ૫થી ૭. ઠે. હાલારી વિશા ઓશવાલ સમાજ, ૧૧૮/૧૨૨, દાદાસાહેબ ફાલકે માર્ગ, રણજીત સ્ટુડિયોની સામે, દાદર (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભદ્રક નિવાસી હાલ મીરારોડ સુરેશચંદ્ર ચંપકલાલ મહેતા (ઉં. વ. ૯૪) તા. ૧૪.૩.૨૦૨૪ ગુરુવારના દેવલોક પામ્યા છે. તે. સ્વ. કુસુમબેનના પતિ. સ્વ. રાકેશ અને અ. સૌ. નિશાબેન જાનકી મહાપાત્રના પિતા. અંકિત, પાલકના દાદા. સ્વ. જગમોહનદાસ, જશુભાઈ, ભુપતભાઇ, અનંતરાય, સ્વ. અનસુયાબેન, સ્વ. પુષ્પાબેન, સ્વ. મંજુબેન અને અ. સૌ. નાનુબેનના ભાઈ. મહુવાવાળા નંદલાલ વલ્લભદાસ મોદીના જમાઈ. (લૌકિક વ્યવહાર બંધ તથા પ્રાર્થના સભા રાખેલ નથી.)

**ઘોઘારી લોહાણા**

ગામ સાવરકુંડલા હાલ ન્યૂઝીલેન્ડ નિવાસી પ્રતાપરાય મસરાણી (ઉં. વ. ૮૮) ૧૬-૦૩-૨૦૨૪ના શ્રીજી ચરણ પામ્યા છે. તે સ્વ. ડાયાભાઈ તથા સ્વ. જમકુબેનના પુત્ર. સ્વ. રમીલાબેનના પતિ. તે રાજીવ, રાકેશના પિતા. તે જસ્મીન તથા એકતાના સસરા. તે સ્વ. વિઠ્ઠલદાસ મોહનલાલ વિઠલાણીના જમાઈ. (લૌકિક વ્યવહાર બંધ તથા પ્રાર્થના સભા રાખેલ નથી.)

**ચારણ - ગઢવી**

સ્વ. પ્રવીણ અશાભાઈ બારોટ, (ઉં. વ. ૮૦) મૂળ ગામ નાના લાયજા કઠડા હાલે (મુંબઈ) તે કમલબેનના પતિ. જયશ્રી, અજીત તથા અમિતાના પિતા. કરમશી આશાભાઈના મોટા ભાઈ તા. ૧૫.૦૩.૨૦૨૪ ના રામશરણ પામ્યા છે.

**હાલાઈ લોહાણા**

ભાયાવદરવાળા હાલ બોરીવલી, મુંબઈ નિવાસી સ્વ. રાધાબેન ઓધવજી ચંદારાણાના સુપુત્ર રમણીકલાલ (બાબુલાલભાઈ) (ઉં. વ. ૮૫) રવિવાર તા. ૧૭/૦૩/૨૦૨૪ના શ્રીજી ચરણ પામેલ છે તે પુષ્પાબેનના પતિ. તે સ્વ. નર્મદાબેન, સ્વ. તુલસીદાસ, સ્વ. રંજનબેન, અ.સૌ હંસાબેનના ભાઈ. તેમજ સ્વ હિતેશ, જીજ્ઞેશ, ધર્મેશ તથા મયુરીબેન રશ્મિકાંત મોદીના પિતાશ્રી તેમજ નયના તથા મનીષાના સસરા. જયના દાદા. તેમજ સ્વ. ગોદાવરીબેન જમનાદાસ ગોરખના જમાઈ. પ્રાર્થનાસભા મંગળવાર તા ૧૯/૦૩/૨૦૨૪ના ૪.૩૦ થી ૬.૩૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ.વી.રોડ, પહેલે માળે કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા હાલ કોચીન ગં.સ્વ. દમયંતીબેન સંઘવી (ઉં.વ. ૮૫) તે સ્વ. ભૂપેન્દ્રભાઈ મૂળજીભાઈ સંઘવીના પત્ની. સ્વ. જગમોહનદાસ દામોદરદાસ વોરા દેલવાડાવાળાના દીકરી. સુરેશભાઈ, સ્વ. કિશોરભાઈ, દિનેશભાઈ, સ્વ. સુશીલાબેન નરેન્દ્રભાઈ મહેતા, ગં.સ્વ. કનકબેન પ્રવીણભાઈ સંઘવી, સૌ. રેખાબેન રાજેન્દ્રકુમાર ગાંધીના બહેન. સૌ. માલતીબેન, ગં.સ્વ. મીનાક્ષીબેન, સૌ. નીલાબેનના નણંદ. સૌ. પ્રજ્ઞા ઉમેશ ભુવા, સૌ. કેતના પાર્થિવ થાણાવાળાના માતુશ્રી તા. ૧૭-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રેમાબેન રતનશી જાદવજી સ્વારના પુત્ર રમેશભાઇના ધર્મપત્ની અ. સૌ. જયોતિબેન (ઉં. વ. ૬૭) કચ્છ ગામ વરાડીયા હાલ મુલુંડ તે નેહા જીનલ જોષી અને કોમલ જય ઠક્કરના માતાજી. સ્વ. ભચીબેન મુળજીભાઇ ગઢિયાના પુત્રી. સ્વ. ધનજીભાઇ, સ્વ. નારાયણજીભાઇ, સ્વ. મોરારજીભાઇ, સ્વ. ચત્રભુજભાઇ, સ્વ. વલ્લભદાસ, સ્વ. દામોદરભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. રોહિતભાઇ, ઉર્મિલાબેન નરેન્દ્ર ચોથાનીના બહેન. નરેન્દ્રભાઇ, શશીકાંતભાઇ, સ્વ. સાકરબેન, સ્વ. ગોદાવરીબેનના ભાભી. રવિવાર, તા. ૧૭-૩-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૯-૩-૨૪ના સારસ્વત વાડી, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ), ૫થી ૭, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી કડવા પાટીદાર**

કચ્છમાં લક્ષ્મીપુર (નેત્રા) હાલ કોન કલ્યાણના સ્વ. જીવાબેન છાભૈયા (ઉં. વ. ૯૬) તા. ૧૭-૩-૨૪ના પ્રભુશરણ થયેલ છે. તે સ્વ. પ્રેમજી કરસન છાભૈયાના ધર્મપત્ની. રામજીભાઇ, નરસિંહભાઇ, મણીબેન, દમયંતીબેન, કંચનબેન, મંજુલાબેનના માતુશ્રી. શાંતાબેન, ગીતાબેન, સ્વ.હરજીભાઇ, સ્વ. ઇશ્વરભાઇ, મહેન્દ્રભાઇ, રમેશભાઇના સાસુ. રાજેશ, મહેશ, કોમલ, હેતલ, આરતી, શ્રદ્ધા, દર્ષનીના દાદીમા. ભક્તિના દાદી-સાસુ. પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૪ના બપોરે ૪થી ૫.૩૦. ઠે. સેરેમની બેન્કવેટ હોલ, રામ મંદિરની સામે, કોન કલ્યાણ.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

રાજુભાઇ કલોલા (ઉં. વ. ૫૬) હાલ થાણે સ્વ. હર્ષદરાય ત્રિભુવનદાસ કલોલા તથા સ્વ. સવિતાબેન હર્ષદરાય કલોલાના પુત્ર. તે વસંતભાઇ, દક્ષાબેન, નીનાબેનના ભાઇ. અર્ચનાના પતિ. જયંતીલાલ ઉનડકટના જમાઇ. ધારાના પિતા. વિરાજના કાકા. તા. ૧૬-૩-૨૪ના સ્વર્ગલોક પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૯-૩-૨૪ હિરાનંદાની મેડોસ કલબ હાઉસ, માનપાડા, થાણે સાંજે ૪થી ૬.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. કમલાકુમાર અંજારિયા (ઉં. વ. ૯૧) તે ગં. સ્વ. ચંદ્રમણિ ઠાકરશી અંજારિયાના પુત્રવધૂ. ગં. સ્વ. વસાબાઇ મેથાનમલ જાવાના દીકરી. મયંક, સ્મીતાના માતા. અનિતા અંજારિયા, ડો. અમર ભાટિયાના સાસુ. કિરીટભાઇ, કમલેશભાઇ, દત્તા પ્રતાપસિંહ પુરેચા, વર્ષા વિજયસિંહ કજરિયાના ભાભી તા. ૧૬-૩-૨૪ના શનિવારે અમદાવાદ મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જેઠાલાલ પાનાચંદ દોશીના પુત્ર કિરિટભાઈ તે સ્વ. હીરાલાલ ગીરધરલાલ શાહના જમાઈ. તે જ્યોતિબેનના પતિ. (ઉં.વ. ૭૯) તા. ૧૫-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મધુભાઈ, પ્રકાશભાઈ, નિકુંજભાઈ, કેતનભાઈ તથા સ્વ. માલતીબેન દિલીપકુમાર શાહના મોટાભાઈ. તે કુંજ, કોરાલના પિતાશ્રી. તે અ.સૌ. કિંજલ તથા અ.સૌ. સુરભી (સ્વ. હિમમાના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|






# યોગ મટાડે મનના રોગ

# અધ્યાત્મપથના પ્રધાન યોગમાર્ગો

(ગતાંકથી ચાલુ)

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
ભાણદેવ

### ૩. અધ્યાત્મપથનાં સોપાન

કોઈ પણ સાધનપથનાં ત્રણ સોપાન હોય છે

**(૧) પ્રયોગ :**

સાધનાનું પ્રથમ સોપાન. આ ભૂમિકામાં ક્રિયા પ્રધાન છે. આ સાધનાની ક્રિયાત્મક અવસ્થા છે. આ અવસ્થાને 'કર્મ' પણ કહે છે. અહીં to do પ્રધાન છે. પૂજાપાઠ, હોમહવન, આસન, પ્રાણાયામ, વાચિક નામજપ આદિ સાધનો પ્રયોગપ્રધાન સાધનો છે અને તેમને 'પ્રયોગ' ગણવામાં આવે છે.

**(૨) સંપ્રયોગ :**

પ્રયોગમાંથી સંપ્રયોગ નિષ્પન્ન થાય છે. ક્રિયા કે કર્મપ્રધાન સાધનામાંથી કોઈક સ્વરૂપનો અનુભવ મળે છે. આ અનુભવપ્રધાન સોપાનને સંપ્રયોગ કહેવામાં આવે છે. આ ભૂમિકામાં feel મુખ્ય છે. આ ભૂમિકાને જ ઉપાસના પણ કહેવામાં આવે છે. આ અવસ્થામાં ક્રિયા ગૌણ અને અનુભવ પ્રધાન બને છે. વળી ક્રિયા સૂક્ષ્મ સ્વરૂપ પણ ધારણ કરે છે.

**(૩) સંપ્રસાદઃ**

જ્યારે કરવું (કર્મ) અને અનુભવવું (ઉપાસના) બંને ગૌણ બની જાય અને માત્ર 'હોવું' પ્રધાન બની જાય ત્યારે તે અવસ્થાને 'સંપ્રસાદ' ગણવામાં આવે છે. આ અવસ્થામાં to be મુખ્ય છે. ધ્યાન, સમાધિ આદિ ઉચ્ચતર સાધનાઓનો સમાવેશ આ કક્ષામાં થાય છે.

સાધના સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રવેશે છે, અર્થાત્ પ્રયોગથી પ્રારંભ પામેલ સાધના સંપ્રસાદમાં પરિણમે છે.

યોગાભ્યાસીએ કે અધ્યાત્મપથના કોઈ પણ સ્વરૂપના પથિકે અધ્યાત્મનાં આ ત્રણ સોપાન નજર સમક્ષ રાખવાં જોઈએ અને યાદ રાખવું જોઈએ કે પ્રયોગ સંપ્રયોગ માટે છે અને સંપ્રયોગ સંપ્રસાદ માટે છે. જ્યારે આપણે 'યોગ' શબ્દનો વ્યાપકતમ અર્થ કરીએ ત્યારે યોગનો અર્થ થાય છે અધ્યાત્મપથ. આ અર્થ પ્રમાણે અધ્યાત્મના કોઈ પણ પથને યોગ ગણી શકાય.

પરંતુ પરંપરાગત રીતે સામાન્ય વ્યવહારમાં 'યોગ' શબ્દ દ્વારા હઠયોગ અને રાજયોગ જ સૂચિત થાય છે. આ દૃષ્ટિકોણથી યોગની વ્યાખ્યા આ પ્રમાણે થશે - યોગ એટલે હઠયોગ અને રાજયોગના સમન્વયમાંથી બનતો આધ્યાત્મપથ. હઠયોગ અને રાજયોગની સાધનપદ્ધતિઓના સમન્વય દ્વારા એક સાધનાપથ તૈયાર થાય છે. આ પથને આપણે વ્યવહારમાં 'યોગ' ગણીએ છીએ અને પરંપરાગત રીતે પણ રાજયોગ, હઠયોગ અને તેમના સમન્વયમાંથી નિષ્પન્ન સાધનપથને જ 'યોગ' કહેવામાં આવે છે.

આમ આપણી પાસે યોગની બે વ્યાખ્યાઓ છે. વ્યાપક અર્થની વ્યાખ્યા છે - યોગ એટલે પરમ સત્યને પ્રાપ્ત કરવા માટેની સાધનપદ્ધતિ.

પરંપરાગત અર્થની વ્યાખ્યા છે - યોગ એટલે હઠયોગ, રાજયોગ અને તેમના સમન્વય દ્વારા સિદ્ધ થતી સાધનપદ્ધતિ.

સામાન્ય વ્યવહારમાં આ દ્વિતીય વ્યાખ્યાનો જ પ્રસાર અને સ્વીકાર છે. આપણને પણ આ દ્વિતીય વ્યાખ્યા જ અભિપ્રેત છે, તેથી હવેથી આપણે 'યોગ' શબ્દનો પ્રયોગ આ દ્વિતીય અર્થમાં કરશું, અર્થાત્ યોગ એટલે હઠયોગ, રાજયોગ અને તેમના સમન્વય દ્વારા સિદ્ધ થતી સાધનપદ્ધતિ.

હવે જ્યારે આપણે યોગનો અર્થ વિશેષતઃ હઠયોગ અને રાજયોગ ગણીએ છીએ ત્યારે આ બંને યોગમાર્ગનો વિશેષ વિચાર કરવાનું આવશ્યક બની જાય છે, તેથી અહીં આપણે આ બંને સાધનપથનો વિશેષ સ્વરૂપે વિચાર કરશું.

**૪. હઠયોગ :**

'હઠયોગ' શબ્દમાં આવતા 'હઠ' પદનો અર્થ જીદ નથી, તેથી હઠયોગ એટલે જીદપૂર્વક કે હઠપૂર્વક કરવાનો યોગ તેવી સમજણ સાચી નથી. હઠયોગ શરીરકેન્દ્રી સાધના નથી, દીર્ઘાયુષ માટેની જ સાધના પણ નથી કે ચમત્કારક શક્તિઓ પ્રાપ્ત કરવાની સાધના પણ નથી. હઠયોગ એક અધ્યાત્મપથ છે અને કુંડલિની-જાગરણ દ્વારા સમાધિ-અવસ્થા પ્રાપ્ત કરવાની તે સાધનપદ્ધતિ છે.

હઠયોગની વ્યાખ્યા આપતાં ગોરક્ષનાથ 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ'માં કહે છે :

हकार: कीर्तित: सूर्यष्ठकारश्चन्द्र उच्यते ।
सूर्यचन्द्रमसोर्योगात् हठयोगो निगघते ।।

''હ-કાર સૂર્ય અને ઠ-કાર ચંદ્ર કહેવાય છે. સૂર્ય અને ચંદ્રનો યોગ - ઐક્ય સિદ્ધ કરવાનું સાધન હોવાથી આ સાધનાને હઠયોગ કહે છે.''

નાભિસ્થ સૂર્ય અને શિરસ્થ ચંદ્રનું મિલન તે હઠયોગ છે અથવા ઈડા અને પિંગલાની સમઅવસ્થા સિદ્ધ થવી તે હઠયોગ છે.

હઠયોગની સાધનાનો પ્રારંભ શરીરથી થાય છે, છતાં વિશેષતઃ હઠયોગ પ્રાણાયામ શરીરની સાધના છે. હઠયોગની સાધનપદ્ધતિ સમજવા માટે પ્રાણયામ શરીરની રચના અને કાર્યપદ્ધતિની સમજ મેળવવી અનિવાર્ય છે. હઠયોગના પ્રાણવિજ્ઞાન પ્રમાણે પ્રાણયામ શરીરની રચના અને કાર્યપદ્ધતિ આ પ્રમાણે છે :

**(૧) પ્રાણ :** પ્રાણ એટલે જીવનશક્તિ. શરીર અને ચિત્તને જોડનારી વચલી કડી પ્રાણ છે. આપણું સમગ્ર શરીર પ્રાણથી વ્યાપ્ત અને અનુપ્રાણિત છે. શરીર અને મનની ક્રિયાઓ પ્રાણ વિના થઈ શકતી નથી. હઠયોગ પ્રમાણે શરીર અને મનનાં આરોગ્ય અને અનારોગ્ય પ્રાણ પર અવલંબે છે, તેથી પ્રાણયામ શરીરના સ્વાસ્થ્ય દ્વારા શરીર-મનને સ્વસ્થ રાખી શકાય છે.

પ્રાણ મૂલતઃ એક હોવા છતાં કાર્યભેદે તેનાં પાંચ સ્વરૂપો છે :

પ્રાણ : પાંચે પ્રાણમાં મુખ્ય છે. જીવનધારણ તેનું કાર્ય છે. સ્થાન હૃદયમાં છે.

અપાન : ઉત્સર્ગ તેનું કાર્ય છે. નાભિથી નીચેના પ્રદેશમાં તેનું સ્થાન છે.

ઉદાન : ઉન્નયન તેનું કાર્ય છે. કંઠમાં તેનું સ્થાન છે.

વ્યાન : પરિનયન તેનું કાર્ય છે. સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલ છે.

**(૨) નાડીઓ :** નાભિસ્થાનમાં રહેલ કંદમાંથી ૭૨,૦૦૦ નાડીઓ સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલી છે. આ નાડીઓને પ્રાણવહા નાડીઓ પણ કહે છે. આ નાડીઓના માધ્યમ દ્વારા સમગ્ર શરીરમાં પ્રાણનું સંચરણ થાય છે. નાડીઓમાં ત્રણ મુખ્ય છે : ઈડા, પિંગલા અને સુષુમ્ણા. આ ત્રણે નાડીઓ પૃષ્ઠવંશમાંથી પસાર થાય છે. સુષુમ્ણા વચ્ચે છે, ઈડા ડાબી બાજુ છે અને પિંગલા જમણી બાજુ છે. સામાન્ય રીતે સુષુમ્ણા બંધ હોય છે.

**(૩) ચક્રોઃ** મેરુદંડના નીચેના છેડાથી ટોચ (મસ્તક) સુધીમાં સાત ચક્રો આવેલાં છે. સૌથી નીચેથી લેતાં મૂલાધાર (યોનિસ્થાન), સ્વાધિષ્ઠાન (મેઢ્ર), મણિપુર (નાભિ), અનાહત (હૃદય), વિશુદ્ધ (કંઠ), આજ્ઞા (ભ્રૂમધ્ય) અને સહસ્રાર (મસ્તક) - આ ક્રમે રહેલાં છે.

આ દરેક ચક્રનાં આકાર, રંગ, પાંખડીઓ વર્ણો, ધ્યાનની રીત, જાગૃતિનાં લક્ષણો વગેરે વિશે યોગશાસ્ત્રમાં વિસ્તૃત વર્ણન મળે છે.

**(૪) ગ્રંથિ અને મંડલ :** ગ્રંથિઓ ત્રણ છે. નાભિસ્થાનમાં બ્રહ્મગ્રંથિ, હૃદયમાં વિષ્ણુગ્રંથિ અને ભ્રૂમધ્યમાં રુદ્રગ્રંથિ રહેલ છે. આ ગ્રંથિભેદનની ઘટનાનું એક વિશિષ્ટ આધ્યાત્મિક મૂલ્ય છે.

નાભિવિસ્તારને યોનિમંડલ, હૃદયપ્રદેશને વહ્નિમંડલ અને મસ્તકને સોમમંડલ કહે છે.

**(૫) કુંડલિની અને તેનું જાગરણ :** કુંડલિની અત્યંત રહસ્યપૂર્ણ શક્તિ છે. હઠયોગની સાધના કુંડલિનીના જાગરણ માટેની સાધના છે. કુંડલિનીશક્તિના જાગરણ દ્વારા સમગ્ર જીવનનું રૂપાંતર શક્ય બને છે. કુંડલિની સૌથી નીચેના મૂલાધારચક્રમાં (અન્ય મતે મણિપુરમાં) ગૂંચળું વળીને સુષુપ્ત-અવસ્થામાં પડેલી છે. યૌગિક ક્રિયાઓના અભ્યાસથી

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com
આરોગ્ય + પ્લસ
સ્મૃતિ શાહ-મહેતા



# આવાં ટેન્શનનું જરાય ટેન્શન ન રાખો..!

## એને નિવારવાના છે કેટલાક અકસીર ઉપચાર એને અજમાવો



ટેન્શન..

આ નામના વિચાર માત્રથી માણસમાત્રના ચિત્તતંત્રમાં જલ્દી ન સમજાવી શકાય એવી માનસિક ઊથલપાથલ શરૂ થઈ જાય...

હકીકતમાં ટેન્શન એટલે શું?

આ એક એવી માનસિક અવસ્થા છે, જે દરમિયાન કોઈ પણ નિર્ણય લેવામાં અવઢવ રહે-મુશ્કેલી વર્તાય. આવું ટેન્શન આપણને માનસિક -શારીરિક રીતે પજવી જાય. આવા માનસિક તણાવને લીધે પેદા થતા કોટિસોલ નામના હાર્મોન શરીરમાં વ્યાપી જાય છે. આની આડ-અસર રૂપે હતાશા ઉપજે- પેનિક એટેક આવે અર્થાત કોઈ પણ અજાણ્યો ભય પેદા થાય.આના કારણે રાતની નિદ્રા પણ વેરણ થય

સામન્ય રીતે તમે ટેન્શનમાં હો તો સૌપ્રથમ તમારું માથું દુખવાનું શરૂ થાય. હકીકતમાં ટેન્શન માત્ર માથાનું જ નથી હોતું. શરીરના કોઈપણ અંગનું પણ એ ટેન્શન હોઇ શકે. જ્યારે તમે આવા કોઈ માનસિક તણાવમાં હો ત્યારે એની એક પ્રતિક્રિયારુપે તમે જાણતા-અજાણતા માથાની આસપાસ રહેલા સ્નાયુઓને ખેંચો એમાં તમારી આંખો પણ ખેંચાય. ચિંતા કે ગુસ્સામાં હો ત્યારે ભવાં પણ ચડી જાય છે. તમે ટીવી જોતી વખતે સ્ક્રિન પરનું કોઈ દ્રશ્ય જોવામાં એવા ઓતપ્રોત થઈ જાવ કે તમે સોફા કે બેડ પર કઈ રીત બેઠાં છે એનો પણ ખ્યાલ ન રહે. એમાં ખોટી રીતે રીતે બેસવા કે લાંબા થવા વગેરેથી પણ ટેન્શન ઊભું થઈ શકે છે.

આ બધાં સ્નાયુનાં ટેન્શન થોડીક તકેદારી સાથે હળવાં કરવાના થોડા ઉપાય પણ છે, જેમ કે, લખતાં-વાંચતા -મોબાઈલ પર કોઈની સાથે વાત કરતાં કે ટીવી, ઈત્યાદિ જોતી વેળા સૌથી પહેલા તો તમારા શરીરને સરખી પોઝિશનમાં ગોઠવો. શરીરને આડું અવળું કરી જેમતેમ બેસવાથી- મોબાઇલ પર વાત કરવાથી કે ટીવી જોવાથી બધા અંગોને તકલીફ થાય છે. સ્નાયુઓને આવી તકલીફ ન થાય એનો ખ્યાલ રાખો..

આ પ્રકારની આવનારી તકલીફ દૂર કરવા માટે તમારે 'આર્ગોનોમિક્સ' એટલે કે હ્યુમન એન્જિનિયરિંગ સાયન્સની મદદથી લેવી પડશે. આમાં તમે કઈ રીતે બેસવું - કઈ રીતે ઊભા રહેવું અને કઈ રીતે સુઈ રહેવું એ બધાની ટેક્નિક દર્શાવામાં આવે છે.

ન્યુયોર્કના ટેન્શન 'હેડક સેન્ટર' ના વડા એલેકઝાન્ડર વાલ્કેર કહે છે કે કોઈ પણ પ્રકારની એરોબિક એક્સરસાઇઝ તમારે નિયમિત કરવી જોઈએ, જેથી તમારા સ્નાયુઓને વધારેમાં વધારે ઓક્સિજન મળી શકે અને એનાથી સ્નાયુ રિલેક્સ થાય છે. કોઈ પણ પ્રકારની કસરત તમે પસંદ કરો પછી એને એક સાથે ન વધારતા ધીરે ધીરે વધારો અને નિયમિત કરો. ઉદાહરણ તરીકે, ઝડપથી ચાલવું- દોડવું - દાદર ચઢવા- ઉતારવા કે પછી સાઈકલ ચલાવવી, વગેરે તમને ગમતી એક્સરસાઇઝ તમે પસંદ કરીને અમલમાં મૂકી શકો.

બીજી તરફ, વર્જિનિયા 'સ્કૂલ ઓફ મેડિસિન'ના 'પેએન મેનેજમેન્ટ સેન્ટર'ના વડા ડો. ડગલાસ માત્ર ત્રણ શબ્દમાં આવા ટેન્શનનો ઉપાય ચીંધતા કહે છે કે 'મગજ ઠેકાણે રાખો.!'

આપણે ખરા અર્થમાં મગજ ઠેકાણે રાખવું જોઈએ' કારણ કે મગજના વિચારો પોઝિટિવ હોય તો તમારું હેડક દૂર થાય છે.

હવે પ્રશ્ન એ છે કે પોઝિટિવ - સકારાત્મક વિચાર કેવી રીતે કરવા?

તમારા મગજને તમારા જ મનથી દોરવણી આપો. જેવો કોઈ વિચાર આવે કે તરત જ શરીર તે પ્રમાણે દોરશે ને સ્નાયુ કડક થઈ જશે....

દાખલા તરીકે ટ્રાફિક જામમાં ફસાઈ જાવ એટલે વિચાર આવશે કે ઓફિસ જતાં મોડું થશે અથવા તો કામ અટકી જશે... બીજા સહયોગી (ને કદાચ તમારા બોસ પણ !) તમારી રાહ જોતા હશે... એ વખતે તમારો શરીરના- ખાસ કરીને જડબાં અને લમણાંનાં સ્નાયુ સ્ટેન્સ થઈ જશે ને માથું દુખવા માંડશે...

આવા માહોલમાં આંખો બંધ કરીને મનમાં પેલા ખોટા વિચાર કરવાને બદલે કલ્પના કરો કે, ટ્રાફિક ક્લિયર થઈ જશે પછી તમે બની શકે એટલાં વહેલા પહોંચી શકશો અને પછી બાકીનાં કામ કઈ રીતે કરશો એ વિચારો તો સ્નાયુ ખેંચાશે નહીં એ રિલેક્સ થઈ જશે ને તમારું ટેન્શન હળવું થઈ જશે.

આવો તણાવ ઘટાડવાનો બીજો પણ એક ઉપાય છે... ચેર- ટેબલ પર વાંચવા-લખવાની પ્રવૃત્તિ આપણે કરીએ

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
મુકેશ પડ્યા

# હોળીને બહાને અગ્નિની નજીક જાવ, તનમનથી અચૂક સ્વસ્થ થાવ!

## હોળીની પ્રદક્ષિણા કરવામાં શરમાતા નહીં એ અંધશ્રદ્ધા નહીં પણ આરોગ્યની ચાવી છે

આ રવિવારે હોળી છે અને સોમવારે ધુળેટી. આજની પેઢીને તો એટલી જ ખબર હોય છે કે ધુળેટીના દિવસે બેન્ક હોલીડે છે અને મિત્રો જોડે રંગ ભરી મસ્તી કરવાની છે, ખાવાનું છે પીવાનું છે. હોળીના દિવસે રજા હોતી નથી. એટલે પણ હવે હોળી દર્શન કે પ્રદક્ષિણા માટે તેમને સમય કે રસ હતો નથી.

હાલતા ચાલતા મિનરલ વોટરની બોટલ પકડીને ફરતા, વાતવાતમાં ડૉક્ટર પાસે દોડી જતાં અને પોતાની જાતને હેલ્થ કોન્સિયસ ગણાવતા આ યુવાનોને માલૂમ થાય કે ધર્મની કે સંસ્કૃતિની દ્રષ્ટિએ નહીં, પરંતુ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ હોળી પ્રગટી હોય તેની આસપાસ જવું જરૂરી છે. તેની પ્રદક્ષિણા જરૂરી છે.

સામાન્ય રીતે હોળીના દિવસોમાં મુંબઈ જેવા શહેરમાં ૨૪થી ૨૭ ડિગ્રી ઉષ્ણતામાન હોય છે, પરંતુ આજનું વિજ્ઞાન કહે છે કે જો આ તાપમાન થોડીવાર માટે ૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય તો વાતાવરણમાંથી હાનિકારક જીવ જંતુઓ, બેક્ટેરિયા અને વિષાણુઓનો નાશ થાય છે. હવે આ હોળીના દિવસો એટલે ઠંડી અને ગરમીનો સંધિકાળ. આ દિવસોમાં માણસ ઘડીક ઠંડી તો ઘડીકમાં ગરમી એમ બે ઋતુનો ભોગ બને છે અને બીમાર પડે છે. ડૉક્ટર પાસે જાવ ત્યારે એ પણ કહે છે કે તમે ડબલ સિઝનનો ભોગ બન્યા છો. આવા પલટાતા ગરમ ઠંડા



વાતાવરણમાં બેક્ટેરિયા ઝડપથી વૃદ્ધિ પામે છે. આવો જ સમય શરદ ઋતુ ( ભાદરવો- આસો ) માં પણ આવતો હોય છે. આવા સમયમાં વધી જતા રોગાણુઓથી બચવા વતાવરણને ગરમ કરવુ જરૂરી છે. એટલે જ નવરાત્રિમાં હવન અને વસંત ઋતુમાં હોળી દહન કરીને વાતાવરણને જંતુ મુક્ત કરવાનો સરસ રિવાજ આપણા ઋષિમુનિઓએ, આપણા પૂર્વજોએ આપણને આપ્યો છે. પરંતુ અફસોસ એ વાતનો છે કે આવા પ્રકારના જ્ઞાન-વિજ્ઞાન આપણી શાળા કૉલેજોમાં ભણાવવામાં આવતા નથી એટલે નવી પેઢીને આવી પ્રથામાં વિશ્વાસ બેસતો નથી.

પ્રગટેલી હોળીની નજીકના વાયુમંડળમાં ઉષ્ણતામાન ૪૫થી ૫૦ ડિગ્રી હોય છે જે રોગાણુઓનો નાશ કરવા સક્ષમ તો છે જ આ ઉપરાંત આપણું શરીર પણ આ તાપમાન પ્રમાણે ગરમ થતાં શિયાળામાં આપણા શરીરમાં જો કફ જામી ગયો હોય તો તે છૂટો પડી જાય છે અને આપણને અનેક પ્રકારની સમસ્યાથી બચાવે છે. હોળીની આસપાસ નવા જન્મેલા શિશુને હાથમાં રાખીને ફેરવવામાં આવે છે (જેને ઢૂંઢ કહેવામાં આવે છે) તેની પાછળ આ જ કારણ છે. નાનપણમાં આપણને કફ સતાવે છે. યુવાનીમાં વ્યક્તિ પિત્તનો ભોગ બને છે તો વૃદ્ધાવસ્થામાં માણસને વાયુની બીમારી સતાવે છે. બાળકોને હોળીની પ્રદક્ષિણા કરાવવાથી તેમને કફજન્ય રોગોથી રાહત મળે છે.

હોળીમાં ગાયના છાણાં અને ઘી મિશ્રિત કરીને પ્રજ્વલિત કરવામાં આવે તો તેમાંથી જે ઓષધિયુક્ત વાયુઓ નીકળે છે તે વાતાવરણ અને આપણા તનમનને સ્વસ્થ કરી દે છે. હોળીમાં નાળિયેર હોમવાનો જે રિવાજ છે તે પણ વૈજ્ઞાનિક છે. નાળિયેરના વૃક્ષને આપણે કલ્પવૃક્ષ કહીને નવાજીએ છીએ. નાળિયેરમાં અનેક જાતના મિનરલ્સ હોય છે જે આપણા શરીરને શક્તિ અને સ્ફૂર્તિથી ભરી દે છે. કોઇ વ્યક્તિ બીમાર હોય તો ડૉક્ટર તેને નાળિયેર પાણી પીવાની અચૂક સલાહ આપે છે. આપણે કોઇ બીમાર વ્યક્તિને મળવા જઇએ છીએ ત્યારે નાળિયેર પાણી અચૂક લઇ જઇએ છીએ. આવું શ્રીફળ જ્યારે અગ્નિમાં હોમાય અને તેનું વાયુમાં રૂપાંતર થાય ત્યારે આસપાસના સહુ માણસો, ઢોરઢાંખર અને વનસ્પતિ સુદ્ધાંને તેના ગુણધર્મોનો લાભ મળે છે. આ ઉપરાંત આ ઋતુમાં છૂટથી મળતા ધાણી, ખજૂર પધરાવવાથી તેના સત્ત્વો તત્ત્વોનો પણ ભરપૂર લાભ

(જુઓ પાનું ૬) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| છાંટવું | HEMORRHAGE |
| ચાસોણી | PYORRHOEA |
| લોહીનું ગંઠાવું | SPRINKLE |
| રક્તસ્ત્રાવ | CLOT |
| દંતરોગ | SYRUP |

## ઓળખાણ પડી?



ઇન્ટરનેશનલ કમિટી ઓફ રેડ ક્રોસ તેમજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને યુનાઇટેડ નેશન્સ જેવી સંસ્થાઓ કયા શહેરમાં કાર્યાલય ધરાવે છે એ કહી શકશો?

અ) ફ્રાંસ બ) જીનીવા ક) સિંગાપોર ડ) એડીસ અબાબા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | વ | ૨ ર | ણ | ■ | ૩ જ | ૪ વા | બ | ૫ દા | ૬ રી |
| ત્મ | ■ | સ | ■ | ૭ સુ | ત | ર | ■ | ૮ ગ | ત |
| ૯ ક | ૧૦ સ | મ | ■ | ધા | ■ | ૧૧ ક | ળા | ■ | ભા |
| ૧૨ થ | ડ | ■ | ૧૩ ખ | રા | ૧૪ ખ | રી | ■ | ૧૫ સ | ત |
| ૧૬ ન | ક | ૧૭ લ | ■ | ૧૮ વ | ગ | ■ | ૧૯ ખા | રો | ■ |
| ■ | ૨૦ છા | પ | ■ | ધા | ■ | ૨૦અ હું | ■ | ૨૧ વ | ૨૨ ધ |
| ૨૩ જી | પ | ■ | ૨૪ ગો | રા | ણી | ■ | ૨૫ અ | ર | ર |
| દ | ■ | ૨૬ ટે | પ | ■ | ■ | ૨૭ જ | મા | ■ | તી |
| ■ | ■ | રો | ■ | ૨૮ ચ | ૨૯ શો | ગા | ન | ■ | કં |
| ૩૦ ટ | પા | ટ | પી | ■ | ર | ■ | ૩૧ ત | લ | પ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | | ■ | ૯ | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | ૧૪ | ■ | |
| | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | ■ | |
| ■ | ૧૭ | | | ■ | ૧૮ | | | ૧૯ | ■ |
| ૨૦ | ■ | | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ■ | | ■ | ૨૫ | ■ | ૨૬ | |
| | ■ | ■ | ૨૭ | | ૨૮ | | | ■ | |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | |
| ■ | ૩૨ | | | | | ■ | ૩૩ | | ■ |

### આડી ચાવી

૧. ---- બોલવું એટલે બેહદ બોલવું (૬)
૫. મુરબ્બી, મોટી ઉંમરની વ્યક્તિ (૩)
૮. વૈરાગ્ય, વિરામ, નિવૃત્તિ (૩)
૧૦. શરમ, કલંક, મર્યાદા (૨)
૧૧. બાતલ, કેન્સલ (૨)
૧૩. હોલો, એક પંખી (૩)
૧૫. એક ફળ (૩)
૧૬. જાસૂસ (૨)
૧૭. ચિનગારી (૩)
૧૮. એક રમત (૪)
૨૧. યોગ, સભ્ય, અવયવ (૨)
૨૨. આબુનું તળાવ (૨)
૨૪. સૂર્યપત્ની (૩)
૨૬. --, --, અંબરચુંબી મહેલો રચો (૨)
૨૭. ઘોર અંધારી રાત (૫)
૨૯. સોળે ----, વીસે વાન (૨)
૩૦. કપડાંની ---- કરીને મૂકો (૨)
૩૧. મોતિયો, ઉપરત્ન, દર્પણ (૨)
૩૨. અનુચિત આચરણ (૫)
૩૩. કપાળ (૩)

### ઊભી ચાવી

૧. સતત, એકધારું (૪)
૨. એક પત્રકાર ઋષિ (૩)
૩. ---- થયો એ પતી ગયો - ગુ.નાટક (૨)
૪. શ્વાસ લેવાનો અવયવ (૨)
૬. શરીર, કાયા, તન (૨)
૭. બેશરમ (૪)
૯. તંગ, ઝટઝટ, તસતસતું (૪)
૧૨. કંચુકી, ચોળી (૩)
૧૪. પ્યાસી (૩)
૧૫. દેવરો ---- - લોકકથાનાં પ્રેમીઓ (૪)
૧૮. કિંમતી લાકડું (૨)
૧૯. સાંજનું ભોજન -અંગ્રેજી (૩)
૨૦. કારભારનો કાળ, જીવનનું કાર્ય (૪)
૨૧. શૈલી, પદ્ધતિ, રીત (૩)
૨૩. ગીચોગીચ, ભરચક, ઠાંસી ઠાંસીને (૪)
૨૫. માથાભારે, જબરું (૩)
૨૭. હું માનવી ---- થાઉં તો ઘણું (૩)
૨૮. રત, લીન (૩)
૨૯. બોધ, સત્વ (૨)
૩૧. શું ચાલે છે આજ ----? (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'રસ્તો જોઈને ચાલીએ અને કંથ જોઈને મ્હાલીએ' કહેવતમાં કંથનો અર્થ જણાવો. ગજા પ્રમાણે કામ કરવું એ આ કહેવતનો ભાવાર્થ છે.

અ) ગળું બ) કાથો ક) પતિ ડ) મહેલ

## માતૃભાષાની મહેક

વાલ એટલે એક જાતનું કઠોળ જે ઝાલર અથવા ઓળિયા તરીકે પણ ઓળખાય છે. શાકની અવેજીમાં તેનો ભોજનમાં ઉપયોગ કરવામાં આવે છે. ગુણમાં તે સારક, પિત્તહર અને વાતહર છે. વાલ ચડવાના નથી એટલે કાર્ય સિદ્ધિ થવાનું નથી અથવા તો ધાર્યું કંઈ થવાનું નથી. સોનાના વજનનો મામૂલી હિસ્સો પણ વાલ તરીકે ઓળખાય છે. ત્રણ રતીનું વજન, તોલાનો ૩૨મો ભાગ વાલ કહેવાય છે.

## સુડોકુ-૫૦૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | | | ૮ | | | ૫ | ૭ |
| ૭ | ૮ | ૧ | | | | ૨ | ૬ | ૯ |
| | | | ૬ | | ૭ | | | |
| ૩ | | | ૭ | | ૪ | | | ૨ |
| | | | | | | | | |
| ૨ | | | ૩ | | ૧ | | | ૪ |
| | | | ૨ | | ૯ | | | |
| ૬ | ૭ | ૯ | | | | ૧ | ૨ | ૫ |
| ૧ | ૪ | | | ૭ | | | ૯ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૯ |
| ૪ | ૯ | ૭ | ૩ | ૮ | ૫ | ૧ | ૨ | ૬ |
| ૧ | ૨ | ૩ | ૬ | ૯ | ૪ | ૫ | ૭ | ૮ |
| ૭ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૪ | ૯ | ૫ |
| ૯ | ૮ | ૬ | ૫ | ૪ | ૧ | ૨ | ૩ | ૭ |
| ૫ | ૩ | ૪ | ૯ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ |
| ૨ | ૭ | ૯ | ૪ | ૫ | ૮ | ૬ | ૧ | ૩ |
| ૮ | ૬ | ૧ | ૨ | ૭ | ૩ | ૯ | ૫ | ૪ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૬ | ૯ | ૭ | ૮ | ૨ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ દર્દી ટોન્સિલાઇટિસથી પીડાય છે એમ જો કોઈ ડોક્ટર દ્વારા નિદાન કરવામાં આવે તો એ દરદીની તકલીફનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પગ બ) માથું ક) પેટ ડ) ગળું

## ઈર્શાદ

અમીર દોસ્ત! આ પૈસાના ઢગ નીચેથી,
ખમીર તારું જો નીકળ્યું, ગરીબડું નીકળ્યું.

--- રઈશ મનીઆર

## માઈન્ડ ગેમ

અહીં આપેલી બધી સંખ્યા ધ્યાનથી જુઓ અને એનો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હશે એ જણાવો.

૬, ૧૫, ૩૩, ૬૯, -----

અ) ૯૯ બ) ૧૧૮
ક) ૧૩૨ ડ) ૧૪૧

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઉકાળવું | BOIL |
| ચાળવું | SIEVE |
| ફીણવું | WHISK |
| તળવું | FRY |
| પલાળવું | SOAK |

માઈન્ડ ગેમ
૭૮

ઓળખાણ પડી?
યુએસએ

ગુજરાત મોરી મોરી રે
સ્મરણ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પીણું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મૂળરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૫) નીતા દેસાઈ (૬) શ્રદ્ધા આશર (૭) સુભાષ મોમાયા (૮) ડો. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) નિખીલ બંગાળી (૧૨) અમીષી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) મહેન્દ્ર લોઢાવીયા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) પ્રવીણ વોરા (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) સુરેખા દેસાઈ (૨૨) નંદકિશોર સંજાણવાળા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) ભાવના કર્વે (૨૫) હર્ષા મહેતા (૨૬) અંજના પરીખ (૨૭) રજનીકાંત પટવા (૨૮) સુનીતા પટવા (૨૯) જગદીશ ઠક્કર (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વીણા સંપટ (૩૨) મહેશ દોશી (૩૩) મહેશ સંઘવી (૩૪) તાહેર ઔરંગાબાદવાલા (૩૫) શીરીન ઔરંગાબાદવાલા (૩૬) અબ્દુલા એફ. મુનીમ (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) દિલીપ પરીખ (૩૯) હરીશ મનુભાઈ મિસ્ત્રી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) હીના દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૬) નિતીન જે. બજેરીયા (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) અરવિંદ કામદાર (૪૯) અલકા વાણી (૫૦) અલકા વાણી

---

feedback@bombaysamachar.com

આરોગ્ય

કિરણ ભાસ્કર

# સાવધાન! હોળી રમવા જૂના કપડાં નહીં વાપરતા તમારા સ્વાસ્થ્યને અસર થઇ શકે છે



સાધારણ રીતે મોટા ભાગના લોકો હોળીને બીજે દિવસે ધુળેટી મનાવે છે ત્યારે જૂના કે આગલા વર્ષના વધુ ન વપરાતા હોય એવા કપડા પહેરે છે. બીજી બાજુ ટીવી સિરિયલ્સમાં આપણે જોઇએ છીએ કે દરેક પુરુષ પાત્રો સફેદ લેંઘા-ઝભ્ભા કે શર્ટ-પેન્ટ પહેરીને રંગોથી રમતા હોય છે તો મહિલા પાત્રો પણ સફેદ સલવાર-કમીઝ કે સાડીમાં સજ્જ થઇને રમતા હોય છે. કપડા બગડી જશે એ ભયે જૂના કપડા પહેરવા કે પછી ભલે કપડા બગડે પણ સ્વચ્છ કપડા પહેરીને રમવું- આ બેમાંથી સાચી રીત કઇ એવો ઘણા લોકોને પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. જો સ્વાસ્થ્યની દૃષ્ટિએ વિચારીએ તો કેટલાક આરોગ્ય નિષ્ણાતો એમ કહે છે કે જૂના-પુરાણા કપડામાં અનેક જાતના નરી આંખે ન દેખાય એવા જીવજંતુઓ અને હાનિકારક વિષાણુ છુપાયેલા હોય છે. આ કીટાણુંઓ જો લગાતાર પાણીના સંસર્ગમાં આવે તો આપણને અસરગ્રસ્ત કરી શકે છે. આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. જ્યોતિષની દૃષ્ટિએ જોઇએ તો નિષ્ણાતો કહે છે કે સાફ-સૂથરા અને બની શકે તો સફેદ વસ્ત્રો ધારણ કરીને જ હોળી-દહનની પ્રક્રિયામાં ભાગ લેવો જોઇએ. સફેદ રંગના ઉપયોગથી ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે છે. સફેદ રંગના વસ્ત્રો પર જ્યારે વિવિધ રંગોનો છંટકાવ થાય ત્યારે જાણે આકાશમાં ઇન્દ્રધનુષ રચાતું હોય એવા દૃશ્યો રચાય છે. જે જોઇને આપણો ઉમંગ અને આનંદ બમણો થઇ જાય છે.

સંસ્કૃતિની દૃષ્ટિએ જોઇએ તો આપણે ત્યાં કોઇ પણ અવસર પ્રસંગ હોય, લગ્ન હોય કે જનોઇ હોય, વાસ્તુ હોય કે સીમંત હોય કે પછી કોઇ પણ પ્રકારના ધાર્મિક કે સામાજિક તહેવાર હોય આપણે સુંદર અને સ્વચ્છ કપડા પહેરવાનો આગ્રહ રાખીએ છીએ. ઘણા ધર્મોમાં તો ભાવિકો પૂજા-પ્રસંગે નવા નક્કોર કોરા વસ્ત્રો પહેરીને જ વિધિ કરે છે. તો હોળીના તહેવારને જ શા માટે જૂના-પુરાણા કપડા પહેરીને મલિન કરવો? સારા, સ્વચ્છ અને શ્વેત વસ્ત્રો ધારણ કરવા એ અતિ ઉત્તમ વ્યવસ્થા હોઇ શકે પણ જો કોઇ કારણસર સફેદ કપડા ન વાપરવા હોય તો પીળા કે લાલ રંગના વસ્ત્રો પણ ધારણ કરી શકાય પણ હા એ વાતનું ધ્યાન રાખવું કે કપડા બહુ જૂના ન હોય, ધોયેલા અને સ્વચ્છ હોય. જંતુરહિત હોય. ■

# ઘણા કામનો છે આ કેસૂડો



હોળી નજીક આવી રહી છે ત્યારે વનવગડામાં માત્રને માત્ર લાલ-કેસરી-પીળા રંગના ફૂલોથી લચી પડેલા અનેક વૃક્ષો તમે જોયા હશે. આવા કેસૂડાને પાણી સાથે મેળવીએ તો સરસ મજાનો લાલ કે પીળો રંગ તમે સરળતાથી મેળવી શકો. ભૂતકાળમાં આ કેસૂડાના પાણીથી જ હોળી રમાતી હતી. જે શરીર-મનને ઠંડક તો આપતી હતી. સાથે સાથે આરોગ્ય પણ જાળવતી. આજકાલ આપણે એવા રંગો વાપરીએ છીએ જે આપણી ચામડી અને આંખોને નુકસાન પહોંચાડી શકે છે. પરંતુ કેસૂડાના રંગીન પાણીથી રમશો તો આવી કોઇ સમસ્યા નહીં નડે. કેસુડાનું પાણી અગર આંખમાં કે મોં વાટે પેટમાં ગયું તો પણ કોઇ ભય રહેતો નથી. ઉલટાનું તે શરીરને કફ અને પિત્તથી બચાવે છે. તમે કેળુ ખાવ તો કફ વધી શકે અને પિત્ત ઘટી શકે. તમે મરચા ખાવ તો પિત્ત વધી શકે. કફ ઘટી શકે. પરંતુ કેસૂડો કફ અને પિત્ત નાશક બેઉ ગુણધર્મો ધરાવે છે. આ સિઝનામાં ઘડીકમાં ઠંડી તો ઘડીકમાં ગરમી સતાવતી હોય છે જેને કારણે કફ કે પિત્તનો પ્રકોપ થઇ શકે છે. આ બેઉ પ્રકૃતિના પ્રકોપથી બચવા જ કેસૂડાના પાણીથી નહાવું હિતાવહ છે. આવા સ્નાનથી ગરમીમાં વકરતા ચામડીના દર્દો જેમ કે ફોડલી, ગુમડા કે અળાઇઓમાં પણ રાહત થાય છે. તાવની સમસ્યામાં કેસૂડાના પાણીના પોતાં શરીર પર મૂકવાથી રાહત થાય છે. ગરમીના દિવસોમાં આવા પોતાં આંખો પર મૂકવાથી બળતી આંખોમાં પણ રાહત થાય છે. ■

---

## કવર સ્ટોરી (પાંચમાં પાનાનું ચાલુ)

અવસ્થાને પામે છે અને હઠયોગની સાધનાનું લક્ષ્ય સિદ્ધ થાય છે.

પ્રાણ, નાડીઓ, ચક્રો, ગ્રંથિઓ, મંડલ, કુંડલિની, કુંડલિનીનું જાગરણ - આ બધી ઘટનાઓને આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજાવી શકાય તેમ નથી. પ્રાણમય શરીરમાં આ બધી ઘટનાઓ ઘટે છે અને માનવચેતનાના રૂપાંતરમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે.

હઠયોગમાં સાધનપદ્ધતિનો ઘણો વિકાસ થયો છે. અહીં આપણે સંક્ષેપમાં હઠયોગની સાધનાનાં અંગોનો વિચાર કરીએ. હઠયોગની સાધનાનાં ચાર અંગો છે.

**(૧) આસન:** આસન શરીરની વિશિષ્ટ અવસ્થા છે. આ અવસ્થા પર્યાપ્ત સમય સુધી ધારણ કરી રાખવાથી તેની અસર પ્રાણમય અને મનોમય શરીર સુધી પહોંચે છે. આસનના અભ્યાસથી પ્રાણના પ્રવાહો યોગાનુકૂલ બને છે અને કુંડલિનીજાગરણની ભૂમિકા તૈયાર થાય છે.

આસનના અભ્યાસનો હેતુ પ્રાણસંચાર છે. આ સત્ય સદા સ્મરણમાં રાખવું જોઈએ.

શીર્ષાસન, સર્વાંગાસન, મત્સ્યાસન, હલાસન, ભુજંગાસન, શલભાસન, ધનુરાસન, મત્સ્યેન્દ્રાસન, વજ્રાસન, પશ્ચિમતાનાસન, મયૂરાસન, સિદ્ધાસન, પદ્માસન આદિ મહત્ત્વનાં આસનો છે.

**(૨) પ્રાણાયામ :** આસનના અભ્યાસથી કુંડલિનીજાગરણની ભૂમિકા તૈયાર થાય છે, પરંતુ પ્રાણાયામ તો કુંડલિનીજાગરણનું સાક્ષાત્ સાધન છે. પ્રાણાયામ હઠયોગની કેન્દ્રસ્થ સાધના છે. પ્રાણાયામ = પ્રાણ + આયામ, અર્થાત્ પ્રાણનું નિયંત્રણ. પ્રાણનું નિયંત્રણ કઠિન અને સૂક્ષ્મ સાધના છે. હઠયોગમાં પ્રાણનું નિયંત્રણ શ્વાસના નિયંત્રણ દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. શ્વાસનિયંત્રણ દ્વારા પ્રાણનિયંત્રણ અને પ્રાણનિયંત્રણ દ્વારા કુંડલિનીજાગરણ - આવી હઠયોગની સાધનપ્રક્રિયા છે. આ સાધના તે જ પ્રાણાયામ છે.

સૂર્યભેદન, ઉજ્જાયી, સત્કારી, શીતલી, ભસ્ત્રિકા, ભ્રામરી, મૂર્છા, પ્લાવિની, અનુલોમવિલોમ, ચંદ્રભેદન - આ પ્રધાન પ્રાણાયામ છે.

પ્રાણાયામમાં પણ કુંભક અને કુંભકમાં પણ કેવલકુંભક સર્વોચ્ચ મહત્ત્વ ધરાવે છે.

**(૩) : મુદ્રા :** આસન અને પ્રાણાયામની જેમ મુદ્રા પણ કુંડલિનીજાગરણ માટેની જ સાધના છે. આસનમાં શરીરની વિશિષ્ટ અવસ્થા ધારણ કરવામાં આવે છે. પ્રાણાયામમાં શ્વાસનિરોધ દ્વારા પ્રાણનિરોધ સાધવામાં આવે છે. મુદ્રામાં આ બંને તત્ત્વોનો સમન્વય સાધવામાં આવ્યો હોવાથી મુદ્રાનો અભ્યાસ વધુ અસરકારક પણ જોખમી છે. સામાન્યતઃ આસન તથા પ્રાણાયામનો પર્યાપ્ત અભ્યાસ કર્યા પછી મુદ્રાનો અભ્યાસ કરવામાં આવે છે. મુદ્રાનો અભ્યાસ જરૂર લાગે તો જ ગુરુના માર્ગદર્શન હેઠળ જ અને ખૂબ સાવધાનીપૂર્વક જ કરવો જોઈએ.

મહામુદ્રા, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરીતકરણી, શક્તિચાલિની, અશ્વિની, ષણ્મુખી, તડાગી, માંડુકી, ભુજંગી - આ પ્રધાન મુદ્રાઓ છે.

**(૪) સમાધિ:** સમાધિ હઠયોગનું અંતિમ અંગ છે અને વસ્તુતઃ સાધના નહીં, પણ સાધનાનું પરિણામ છે. હઠયોગના સિદ્ધાંત પ્રમાણે આસન, પ્રાણાયામ અને મુદ્રાઓના અભ્યાસથી કુંડલિનીશક્તિનું જાગરણ થાય છે અને ઉત્થિત કુંડલિની સહસ્રારમાં પહોંચે ત્યારે સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે.

'યોગસૂત્ર'માં સમાધિનાં અનેક સ્વરૂપોનું વર્ણન છે. ■

## તંદુરસ્તી-મનદુરસ્તી (પાંચમાં પાનાનું ચાલુ)

આપણા તનમનને મળે છે.

હોળી પ્રગટાવી દીધા પછી આપણને બાયપ્રોડક્ટ તરીકે જે રાખ મળે છે તે પણ કલ્યાણકારી ઔષધ છે. જૂના સમયમાં સાબુનું ચલણ ન હોતું ત્યારે આ રાખ જ જંતુનાશક તરીકે વપરાતી જે વાસણોમાં રહેલી ચિકાશને દૂર કરી ચમકાવી દેતી. જૂના સમયમાં ઘરે ટોઇલેટ ન હતાં ત્યારે માણસો લોટે જવા જંગલે જતા અને પાછા ફરીને આ રાખથી જ હાથ ધોતા. રાખ ખરબચડી હોવાથી સાબુ અને સ્ક્રબર બેઉના કામ કરે છે. આ જંતુનાશક રાખ ચોળીને ન્હાવાથી શરીર અને ચામડીના અનેક દર્દોથી બચી શકાય છે. જૂના સમયમાં હોળીની આ રાખ, હોળીની આ ધૂળને જ શરીર પર રગડીને પછી સ્નાન કરવામાં આવતું જેને ધુળેટી કહેવાતી. આજે વિશ્વભરમાં ઘણાં ઉત્પાદકો રાખમાંથી સાબુ અને અનેક પ્રકારની આરોગ્યપ્રદ વસ્તુઓ બનાવે છે ત્યારે આપણે રાખની ઉપેક્ષા કરીએ છીએ. આજે આપણે રસાયણયુક્ત રંગોથી હોળી રમીએ છીએ તે તો ચામડી અને આંખોને ઊલટા નુકસાન કરે છે. હવે ગરમી વધતી જશે ત્યારે આપણને ટીવી પર અનેક પ્રકારની ફેસ-પાઉડરની જાહેરાતો જોવા મળશે. અરે બંધુઓ હોળીની આ ભસ્મ, આ રાખ એ બીજું કંઇ નહીં, પણ હોળી માતાએ આપેલો ટેલકમ પાઉડર છે.

બ્રહ્માંડમાં જે પાંચ તત્ત્વો છે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમાંથી અગ્નિ મધ્યનું સ્થાન શોભાવે છે. પૃથ્વી, જળ, વાયુ કે આકાશ પ્રદૂષિત થઇ શકે પણ અગ્નિ કોઇને ગાંઠતો નથી. એ ક્યારેય પ્રદૂષિત થતો નથી. ઉલટાનું તેની નજીક જે જાય છે તે તનમનથી શુદ્ધ થાય છે. પાણી કે દૂધ જેવી ચીજો ઉકાળીને પીવાથી શરીરને નુકસાન થતું નથી એ જ રીતે હોળી કે હવનમાં પ્રગટેલો અગ્નિ એટલે આસપાસના વાયુઓને ઉકાળીને જંતુરહિત બનાવતું ઉત્તમ તત્ત્વ. ઉત્તમ ઊર્જા. સોનું પણ અગ્નિમાં તપીને જ શુદ્ધ થાય છે. આપણે સીધા તો અગ્નિમાં પ્રવેશ ન કરી શકીએ પરંતુ તેમાંથી ઉત્પન્ન થયેલી રાખનો ઉપયોગ કરીને શરીરને શુદ્ધ કરી શકીએ. આ ઉપરાંત કેસૂડાના ફૂલ અને કુદરતી ગુલાલથી હોળી રમવામાં આવતી તે શરીર માટે ખૂબ જ ફાયદાકારક હતું. આજના યુવાનો જો આવી પરંપરાગત હોળી-ધુળેટી રમે તો તહેવાર ઉજવવાનો આનંદ તો આવે જ સાથે સાથે તેઓ તનમનથી સ્વસ્થ રહે અને આવનારી ગરમી અને ગરમીથી થતી અનેક પ્રકારની બીમારીઓથી અચૂક બચી શકે.

આ વખતે હોળી રવિવારે આવે છે. જાહેરરજા જ છે. તો સહુ કોઇ યુવા ભાઇબહેનોએ હોળીની પ્રદક્ષિણા કરવા જવું જોઇએ અને ઉપર જણાવ્યું તેમ પરંપરાગત રીતે તહેવાર ઉજવવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ. તેમણે શરીરની બીમારી અને મનની અસ્વસ્થતા સિવાય કશું જ ગુમાવવું નહીં પડે તેની ગેરંટી. ■

## આરોગ્ય + પ્લસ (પાંચમાં પાનાનું ચાલુ)

છીએ. આવાં કામ દરમિયાન દર અડધા - પોણા કલાકે ફરજિયાત વિસામો લો... ઊંડા શ્વાસ લો... ડોકને ડાબે- જમણે ફેરવો ... જ્યારે પણ આવું ટેન્શન હેડેક થાય ત્યારે સ્નાયુઓને રિલેક્સ કરવાથી જ એ હેડેક ગાયબ થઈ જશે !

જો હવે આ ટેન્શન હેડેક નિયમિત શા માટે થાય છે અને આ દુખાવનાં કારણ શું છે એનું તમે લિસ્ટ બનાવો. વારાફરતી એક એક કારણ લખો પછી કયા સંભવિત કારણે એ થતું હશે એનું મનોમન પૃથક્કરણ કરો, ઉદાહરણ તરીખે....

તમે જમવામાં અનિયમિત છો અથવા તો ક્યારેક જમવાનું ટાળો છો ત્યારે માથું દુખે છે ...?

તમારી ઊંઘ પૂરતી નથી થતી એટલે માથું દુખે છે ?

કેબિનની અંદર સતત પ્રકાશમાં- ફ્લોરોસન્ટ લાઈટમાં બેસીને કામ કરો છે એટલે માથું દુખે ?

કોઈ ખોરાક કે પ્રવાહી લીધા પછી કે ચા-કોફીના વધુ પીધા પછી માથું દુખે છે ?

આ બધાં કારણ વારાફરતી તમે લખતા જાવ... ઘણીવાર તો કોઈ સુગંધ- પરફ્યુમના કારણે પણ માથું દુખવા માંડે. એ પણ તમે નોંધી રાખો.

ક્યારેક તો ઓચિંતુ વાતાવરણ- મોસમમાં પલટાવ આવે તો પણ માથું દુખી શકે . એ જ રીતે સિગરેટનો ધુમાડો કે અગરબત્તી કે ધૂપ પણ તમારું માથું દુખાડી શકે છે.

ટેન્શ થઈ જવાનું હજું પણ એક કારણ છે...ધારો કે હજુ કમ્પ્યુટર પર કામ કરતાં કરતાં વારંવાર એક કે બીજી ફાઈલ લેવા ઊભું થવું પડે અથવા તો કામ દરમિયાન કોઈ કોઈના ફોન આવતા રહે તો તમે ધ્યાન ભંગ થઈ જાવ અને એ કારણે તમે અકળાઈ જાવ તો પણ તમારું ટેન્શન વધી શકે છે - માથાનો દુખાવો થઈ શકે છે...

હવે તમે નોંધેલા મુદ્દાને એક પછી એક વિચારીને ટેન્શન સર્જતા મુદ્દાને તમે દૂર કરતા જશો અથવા તો એના ઉપાય કરતા જશો તો ટેન્શન હેડેકના બંધનમાંથી તમને મુક્તિ મળી જશે...

હા, ક્યારેક માથાનો દુખાવો અચાનક વધી જાય તો એને તાત્કાલિક મટાડવા પેઈન કિલર દવા લેવી પણ પડે, પણ આવી પીડાશામક દવાની આદત ન પડે એની તકેદારી રાખવી જરૂરી છે.

આવા દુખાવા વખતે દવા લેવાને બદલે થોડી વાર બહાર ફરી આવો- ઊંડા શ્વાસ લો અને માથા પર એકદમ ગરમ કે ઠંડાં પાણીની કોથળી અથવા તો આઈસ પેકનો શેક કરવો. એનાથી માથાનાં સ્નાયુ હળવા થશે ને તમારું ટેન્શન દૂર થશે...

બીજા શબ્દોમાં કહીએ તો ટેન્શન હેડેક ભગાડવા બીજાં ખોટાં ટેન્શન ઊભાં કરવાની જરૂર નથી.થોડીક તબીબી સલાહ ને થોડાક ઘરગથ્થુ ઉપચાર અમલમાં મૂકો તો ટેન્શન ગાયબ! ■

feedback@bombaysamachar.com

## ટૂંકી વાર્તા

ડૉ. નવીન વિભાકર

# ઉઘાડી બારી



ક્યારેક સમુદ્રની ઉછળતી લહેરો ને ક્યારેક શાંત સ્થિર લહેરોને ઊભા ઊભા જોઈ રહેવાનું ઊર્મિને ખૂબ ગમતું. આ લહેરો પણ મન જેની જ છે ને? ક્યારેક શાંત તો ક્યારેક ખળભળાટ!

મંદ મંદ સમીર તેની લટોને ઉડાડી રહ્યો હતો. શું નો' તું તેની પાસે? મલબાર હિલ પરનો રચરચીલાથી સજ્જ વૈભવશાળી બંગલો, પેટીયોના પાંચ પગથિયાં ઉતરતાં, પાણીનો ઠંડો સ્પર્શ નાની બીચ પર થતો. અપાર શાંતિ તેને મળતી. આમેય તે થોડી અંતમૂર્ખ તો હતી જ. જીવનમાં આમ સ્રીને પામવું જોઈએ તેવું સુખ, ગાડી, બંગલા, પરિવાર, બધું જ હતું. દસ વર્ષનો હોશિયાર પુત્ર અક્ષત હતો ને કામદેવ જેવો પતિ મનોજ! કામદેવ!

હા, સોહામણા હતો. પ્રેમાળ પણ એટલો જ હતો. શરૂઆતમાં તેનો પડ્યો બોલ ઝીલી લેતો. અક્ષતને પણ એટલો જ પ્યાર કરતો, પોતાની કઈ એષણાઓ તેણે પૂરી નો'તી પાડી!

ગઈકાલે સાંજે મનોજ ઘરે આવ્યો. અક્ષત સાથે પ્યારભરી વાતો કરી છતાં જાણે તે મુંઝાયેલો હોય તેવું ઊર્મિને લાગ્યું. પણ તેનો સ્વભાવ શાંત હતો.પતિ થાક્યો પાક્યો આવ્યો હોય તો પ્રશ્નોની ઝડીથી તેને પરેશાન ન કરવો જોઈએ તે સમજતી હતી અને મનોજ પતિ થોડો હતો? પ્રિયતમ હતો. બંનેએ સ્નેહલગ્ન કર્યા હતા. આજે મિત્રવર્તુળમાં બંને પ્રેમની મિસાલ ગણાતા!

ડાઈનિંગ ટેબલ પર બેઠો. ચૂપચાપ ઊર્મિએ મહારાજને કહી બધું પીરસાવ્યું. ''અક્ષત તેના રૂમમાં પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છે.'' ઋજુ સ્વરે ઊર્મિ બોલી.

''હા! હું ગયો હતો તેની પાસે.'' આગળ વાત બહુ ન ચાલી. હમણાં એવું જ થતું એ ઊર્મિ જોઈ શકી હતી. ડિનર લગભગ પૂરું થવા આવ્યું હતું. ''હમણાં કંઈ પરેશાન રહો છો? ઓફિસે, બિઝનેસમાં કંઈ...''

''ના, એવું કંઈ નથી.'' કહી નેપકીનથી તેણે મોં લૂછ્યું ને પછી આસ્તેથી- ઘણા વખત પછી- મનોજે ઊર્મિનો હાથ હાથમાં લીધો. સ્નેહ હતો એ હાથમાં? ''ઊર્મિ! એક વાત કરવી છે.'' ને ઝડપથી મનનો બોજ ઉતારી નાખતો હોય તેમ બોલી પડ્યો, ''ઊર્મિ! મને ડાયવોર્સ જોઈએ છે.'' તેણે ધરતીકંપની આશા રાખી હતી પણ શાંતિથી, ધીમા, ધ્રૂજતા સ્વરે બોલી. ''શું કામ?''

મનોજ જવાબ ન આપી શક્યો. આખી સાંજ બંને કશું ન બોલ્યા, રાત્રે પલંગમાં સુવા ઊર્મિ ન આવી. મનોજ જાણતો હતો કે ઊર્મિ ન આવી. મનોજ જાણતો હતો કે ઊર્મિને જાણવું હતું 'શું કામ?' કેવી રીતે કહે કે તે પંદર વર્ષના લગ્નજીવન પછી મેનકાના પ્યારમાં પડ્યો હતો!

વાતાવરણમાં શાંતિ -રાતની શાંતિ હતી. પણ ઊર્મિના મનમાં જે કોલાહલ- ખળભળાટ થઈ રહ્યો હતો તે કોણ સાંભળે?

મનોજના કહેવાથી તેના દિલની ધડકન થંભી કેમ ન ગઈ? જીવનના આટલા ભરપૂર પ્યારની આપ-લે પછી આ શું થયું! આ ઉઘાડી બારીમાંથી એ પ્યાર-પ્રેમ સાવ ઊડી ગયો? ફક્ત પંદર જ વર્ષમાં? શું નો' તું આપ્યું મનોજ ને! આ ભર્યુંભાદર્યુ ઘર! સમાજમાં પ્રતિષ્ઠા, ન કહી કોઈ માગ, ગીલા કે શિકવા! તો? મનોજની કઈ એવી જરૂરિયાત તેણે સંભાળી-સતોષી નો' તી? એ પ્રશ્ન તે ચમકી ગઈ. હા, અક્ષતના જન્મથી અત્યાર સુધી તેણે અક્ષતના ઉછેર પાછળ દિલ નીચોવી નાખ્યું હતું. મનોજ બિઝનેસમાં ગળાડૂબ રહેતો. અક્ષતના સંસ્કાર સિંચનમાં તેણે પોતાનું દિલ લગાવી દીધું. મનોજ - પુરુષની જરૂરિયાતો - શરીરધર્મ તરફ તે બેદરકાર નો'તી થઈ? તો મનોજ પણ તેના પ્રત્યે બેદરકાર નો' તો થયો? જીવનમાં શરીર ધર્મ સિવાય બીજી કોઈ ફરજો ન હોઈ શકે? પુત્રના જીવનના ઉછેર તરફ તો મા- બાપ બંનેની ફરજ હોય ને!

હવે ઊર્મિને ખ્યાલ આવ્યો કે છેલ્લાં બે-ત્રણ વરસથી મનોજ તેના પ્રત્યે સાવ બેદરકાર હતો. પોતે માનો ધર્મ ને ક્યારેક પત્નીનો ધર્મ બજાવતી. પણ એવે વખતે મનોજમાં પહેલા જેવો સ્નેહ નો'તો રહ્યો, ઉપરાંત પોતાને, પોતાને... એ વાત તેણે કદી મનોજને ન કહી, તેને પરેશાન કરવા પ્રયત્ન નો' તો કર્યો, એ તે જોઈ શક્યો નહીં હોય? જીવનના રાહમાં આવેલા સામાજિક કાંટાઓ સામે તે એકલી લડી હતી. તો?

બીજે દિવસે, મનોજે ડાઈવોર્સ પેપર્સ, તેની શર્તો સાથે ઊર્મિને આપ્યા. મનોજ ઊર્મિ સામે જોઈ રહ્યો. જે સ્રીએ જીવનના પંદર વર્ષ તેની ને પુત્ર પાછળ નીચવો નાખ્યા તે એકાએક તેને અજનબી લાગી. ઊર્મિના મોંના ભાવો તેને સમુદ્રની લહરો જેવા લાગ્યા અને છેવટે વિસ્ફોટ થયો. તે ધ્રુસ્કે ધ્રુસ્કે રડી ઊઠી ને પેપર્સના ચીરચીરા કરી બીજા રૂમમાં જતી રહી.

આખી રાત બંને અણજાણ વ્યક્તિઓની જેમ એક જ છત નીચે અલગ સૂતા. બીજે દિવસે મનોજ ઘરે મોડો આવ્યો તો તેણે ઊર્મિને કશુંક લખતા જોઈ. કોલેજ મેગેઝિનોમાં વાર્તાઓ લખતી. એના એ વિચારોથી જ તે આકર્ષાયો હતો ને? આજે તેણે મનોજને ડિનર વિષે પૂછ્યું પણ નહીં. જોકે મનોજ તો મેનકા સાથે હોવાથી ડિનર કરીને જ આવેલો. તેણે ઊર્મિને જમી કે નહીં એ પણ ન પૂછ્યું તે સૂઈ ગયો.

સવાર પડી. કેટલા માનવીઓના અંધકાર દૂર કરતી સવાર પડતી હશે?

બ્રેકફાસ્ટ લેતી વખતે ચૂપચાપ તે આવીને તેણે તેના ડાઈવોર્સ પેપર્સ તેની શર્તો સાથે મનોજને આપ્યા. તેણે વાંચ્યા. એને મનોજ પાસે કશું જોઈતું નો' તું. પણ ડાઈવોર્સ પહેલાં બે મહિનાની નોટિસ તેને જોઈતી હતી. એ બે મહિના બંનેએ પહેલાંની જેમ નોર્મલ લાઈફજીવન જીવવાનું. અક્ષતની પરીક્ષાઓ બે મહિના પછી હતી. ડાઈવોર્સનું ટેન્શન તેના કુમળા મગજને ઠેસ ન પહોંચાડે તે માટે બે મહિના તેણે માગ્યા હતા કે એથી વધુ બીજું કશું હતું?

વધુ તો એની બીજી શર્તે મનોજને ચમકાવી દીધો. એ બે મહિના સુહાગરાતે જેમ મનોજ ઊર્મિને બાહોમાં ભરી પલંગમાં લઈ ગયો હતો ને રોજ સવારે તેડી, બ્રેકફાસ્ટ ટેબલ પર દોરી લાવતો, એજ પ્રમાણે બે મહિના તેણે કરવાનું. ઊર્મિનું ચસકી તો નહીં ગયું હોય? પંદર વર્ષ પછી આવી માગણી? પણ મનોજે તે સ્વીકાર્યું. ફક્ત બે જ મહિનાની વાત હતી ને?

છેલ્લાં બે વર્ષોથી મનોજ ને ઊર્મિને શારીરિક સંબંધો તો હતા જ નહીં. પહેલે દિવસે મનોજ એ પ્રમાણે ઊર્મિને ઊંચકીને શયનખંડમાં લાવ્યો, થોડું વિચિત્ર લાગ્યું. સ્નેહ વગર આવું થઈ શકે? અક્ષતે એ જોયું. થોડો સમજણો થયો હતો. તે બંનેને એ રીતે જોઈ તેણે તેના બે નાના હાથોથી ખુશીની તાળીઓ પાડી.

''પપ્પા! તમે બંને કેવા સરસ આમ લાગો છો!''

એ સાંભળી ન જાણે મનોજના દિલમાં દર્દ ઊભરાઈ આવ્યું. ત્યાં ઊર્મિ ધીમા સ્વરે બોલી ''પ્લીઝ ! અક્ષતને આપણા ડાઈવોર્સ વિશે કશું ન કહેતા સવારે પણ તેને બ્રેકફાસ્ટ ટેબલ પાસે લઈ આવી. તે ઓફિસે ગયો. પણ આજે તેનું મન બેચેન હતું.''

ઊર્મિએ ઘરકામ પતાવ્યું. અક્ષત સ્કૂલે ગયો. તે ઉઘાડી બારી પાસે ગઈ ને ક્ષિતિજને જોઈ રહી. ઉઘાડી બારી! લગ્ન કરી સ્રી જ્યારે પોતાના ઘરમાં આવી, તેને સજાવે ને સ્વચ્છ હવા માટે બારીબારણા ખોલે, તેમાંથી જેમ પવન આવે તેમ એ જ પવન, સુંગધી હવાની સાથે ઘરનો, સ્રી પુરુષનો પ્રેમ કાં તો ઘાયલ થાય કે કાં તો ફના થઈ જાય. આ જ ઊર્મિનો પ્રેમ ફના- તલતલ કરીને થઈ રહ્યો હતો. બે મહિના પછી..?

બીજે દિવસે જ્યારે મનોજે રાત્રે ઊર્મિને ઊંચકી તો એટલું અજુગતું ન લાગ્યું. ઊર્મિએ સ્નેહથી માથું મનોજની છાતીએ ઢાળ્યું. મનોજને પહેલાં તો ઊર્મિના દેહની સુગંધ આવી. આટલાં વર્ષો પછી મનોજે ધ્યાનથી ઊર્મિ તરફ જોયું. લગ્ન પછી પુરુષ સ્રીને - પત્નીને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' કરી લે છે.પ્રિયતમા પત્ની બનતા ઘરસંસારમાં અટવાઈ જાય છે. તેણ કદી ઊર્મિની ખુશીઓ તરફ ધ્યાન પણ નો' તું આપ્યું. પોતે બિઝનેસ જમાવવામાં ખોવાઈ ગયો ને ઊર્મિ ઘર ને અક્ષતમાં! તેણે કદી ઊર્મિના નાનાં નાનાં કાર્યોની પ્રશંસા પણ નો' તી કરી. પત્નીના ઋજુ સ્વભાવની નોંધ પણ નો' તી લીધી. કદીક તેણે કહ્યું હોત કે ''ઊર્મિ! આજે રસોઈ સુંદર બની છે? ઊર્મિ! આ સાડીમાં તું ખૂબ સુંદર લાગે છે! જીવનની નાની નાની ખુશીઓની પ્રશંસા કરવામાં પુરુષ કેમ આટલો બેદરકાર બની જતો હશે?''

આજે મનોજે જાણ્યું કે ઊર્મિના દેહમાંથી સ્નેહ નિતરી રહ્યો છે. આજે પિસ્તાલીસ વરસની ઉંમરે લમણા પાસે આછી સફેદી તેણે જોઈ પોતાને પણ હશે ને? એ વિચારે એ ચમક્યો. પહેલી વાર તેને લાગ્યું કે ઊર્મિનું વજન ઘટી ગયું છે. તે કૃશ લાગી. સંસારના તાપે? કે પછી પોતાના વર્તને? મનોજના દિલમાં અનુકંપા ઊપજી. થોડો ઊર્મિને અવગણવાનો અપરાધભાવ જાગ્યો.

ચોથા દિવસે મનોજે ઊર્મિને ઊંચકી તો એક 'સ્વ'ની લાગણી તેનામાં ઊપજી અને વિચાર્યું ' આ જ સ્રીએ તેને જીવનમાં પંદર વર્ષ સુખદ:ખમાં આપ્યા. બે ચાર દિવસો જતાં બંનેના શરીર ને મન જાણે 'નજીકતા' અનુભવવા લાગ્યા અને મહિનો થતાં જાણે પહેલાંની આત્માની એકતા ઉદ્‌ભવી ઘટ્ટ બનવા લાગી. પણ ઊર્મિના પોષાકો જાણે હવે તેના શરીર પર ઢીલા લાગતા હતા તે મનોજે જોયું. એટલે જ સાહજિકતાથી તેને ઊંચકી શકતો હતો તે? ના ના, મનોજને ખ્યાલ આવ્યો. તેના મનની ઉઘાડી બારીમાંથી તેણે જોયું કે પોતાના વર્તને ઊર્મિને ઘાયલ કરી હતી. તેનું દિલ આદ્ર થયું ને સ્નેહથી તેણે ઊર્મિનું માથું છાતી દબાવ્યું. અક્ષતે તે જોયું. તે માતાપિતા પાસે આવ્યો, ત્રણેએ એકબીજાને આલિંગન આપ્યું. ઊર્મિના મોં પર અપાર સ્નેહ ને શાંતિ હતા. તેણે તેના બંને હાથો મનોજના ગળે વીંટાળ્યા. મનોજે તેના દેહને સ્નેહથી ભીંસ્યો, જેમ લગ્નની રાતે ભીંસ્યો હતો તેમ જ !

પણ તેના કૃશ દેહથી મનોજ હવે ચિંતામાં પડ્યો. છેલ્લે દિવસે તે બોલ્યો, ''ઊર્મિ! મને ખ્યાલ જ નો'તો કે સ્રી ને પુરુષ બંનેને શારીરિક ને આત્મિક નિકટતાની જરૂર હોય છે. એમાંય આ ઉંમરે તો આત્મિક નિકટતાની તો ખાસ. અને સ્નેહથી ઊર્મિને તેણે પ્યાર કર્યો. સવારે જ બ્રેકફાસ્ટ કરતાં બંને ખુશી ખુશી વાતો કરી રહ્યા ને મનોજે ઓફિસે જવા કાર ચાલુ કરી. આજે તેના વર્તનમાં અધીરતા, ઉતાવળ હતી. પહોંચીને તેણે મેનકાને તુરત ફોન કર્યો, ''મેનકા! હું ઊર્મિને ડાઈવોર્સ નથી આપવાનો! સોરી! આપણો સંબંધ પૂરો થાય છે.'' ને મન બદલાઈ ન જાય તેથી તેણે ઝડપથી રિસિવર મૂકી દીધું. 'અનટીલ ડેથ ડુ અસ એપાર્ટ' જીવનભરના સાથના શપથ જે સાત ફેરા લેતી વખતે લીધા હતા તે મનોજે યાદ આવી ગયા. હવે તો ઊર્મિએ જ તેના મનનો કબજો લઈ લીધો હતો. કામના મન ન ચોંટ્યું. તે ઓફિસમાંથી નીચે ઊતર્યો ને 'ફ્લોરીસ્ટ' ની દુકાને ગયો. બુકે લીધો. ઊર્મિને ગુલછડી ખૂબ ગમતી. તેના દેહની જેમ ગુલછડીની સુગંધ પણ આખા બંગલામાં પ્રસરી જતી.

* * *

મનોજના જતાં પહેલીવાર ઊર્મિ ખુશીમાં ઉઘાડી બારી પાસે ગઈ. આજે જાણે એ ઉઘાડી બારીમાંથી ઊડી ગયેલો પ્રેમ પાછો આવતો લાગ્યો. બધું જ તેને પહેલાંની જેમ સુંદર સુંદર લાગવા માંડ્યું હતું. 'હાશ! હવે અક્ષતને ડાઈવોર્સની પ્રતિક્રિયાઓ ઉઠાવવી નહીં પડે. હવે તે મોટો થઈ ગયો છે. જાતને સંભાળી જ લેશે. મનોજ પણ હવે આગળ શું કરવું તે સમજી જ શકશે. હવે તે ફના થવા તૈયાર હતી. હવે પોતાને શું થઈ રહ્યું હતું તેની જાણ ભલે મનોજને થાય. આ ઉઘાડી બારી... તે પાછી ફરી. બારીએથી ખસી, થાક લાગતો હતો. પલંગમાં જઈ તે સુતી. એક નિરાંતે તેના મોં પર ફરી વળી.

* * *

મનોજ ઉતાવળે બંગલામાં પ્રવેશ્યો. હાથમાં ગુલછડીનો બુકે હતો. ''ઊર્મિ. ઊર્મિ! જો તારા માટે શું લાવ્યો છું?'' તે શયનખંડમાં આવ્યો. ઊર્મિના કૃશ દેહને જોઈ રહ્યો. તે શાંતિથી સૂતેલી લાગી. ત્યાં પેલી ઉઘાડી બારીમાંથી પવનનું મંદ ઝોકું આવ્યું ને ટેબલ લેમ્પ પાસે પડેલો કાગળ ફરફરી ઉઠ્યો. મનોજે આસ્તેથી તે ઉપાડ્યો. ગાયનેકોલોજિસ્ટનો રિપોર્ટ હતો.' તમારા આખા ગર્ભાશયમાં કેન્સર ફેલાઈ ચુકી, બીજા અંગોમાં પ્રસરવા લાગ્યું છે. બે ચાર મહિનામાં..''

હવે મનોજને ખ્યાલ આવ્યો કે ઊર્મિએ બે મહિના કેમ માગ્યા હતા જેથી પોતાના દીકરા અક્ષતના મનમાં તેની પ્રિય પિતાની છાપ ન ભુંસાય. તે ફસડાઈ પડ્યો, ઉઘાડી બારી તરફ નજર ગઈ, ઊર્મિનો સ્નેહ ને ઊર્મિ ખુદ તેમાંથી ઊડી ગયા હતા. ■

feedback@bombaysamachar.com

## આરોગ્યનાં એંધાણ

જ્યોતિષી આશિષ રાવલ

# મીન રાશિમાં સૂર્ય-બુધ-રાહુની ત્રિપુટી થવાથી શ્ર્વાસથી પીડિત દર્દીઓએ માટે કપરો સમય.

આ સપ્તાહમાં ગ્રહમંડળના રાજાદી ગ્રહ

| | |
|---|---|
| સૂર્ય | મીન રાશિ |
| મંગળ | કુંભ રાશિ |
| બુધ | મીન તા.૨૫ મેષ રાશિમાં પ્રવેશ |
| ગુરુ | મેષ રાશિ |
| શુક્ર | કુંભ રાશિ |
| શનિ - | કુંભ(સ્વગૃહી)રાશિ |
| રાહુ | મીન રાશિ વક્રીભ્રમણ |
| કેતુ- | કન્યા રાશિ વક્રીભ્રમણ |

આ સપ્તાહની શરૂઆત મીન સંક્રાંતિ સાથે રહેશે. કમૂરતા, મીનારક કે ખર માસ જેવા શબ્દ પ્રયોગ તરીકે ઓળખવામા આવે છે.વિધાર્થીવર્ગની પરીક્ષાના મહત્ત્વ વિષયોની પરીક્ષાઓ સમાપન થશે. કોઈપણ વિદ્યાર્થીગણે માનસિક ફોબિયા રાખવાની જરૂરત નથી, પરંતુ આત્મવિશ્ર્વાસ સાથે પરીક્ષામાં પેપરો લખવા.ખાવા-પીવાની ચીજવસ્તુઓ કાળજી રાખવી. મીન રાશિમાં સૂર્ય-બુધ-રાહુની ત્રિપુટી થવાથી શ્ર્વાસથી પીડિત દર્દીઓએ માટે કપરો સમય. લાંબા સમયથી ધૂંટણથી પીડિત દર્દીઓને ઓપરેશન આવી શકે. તા.૨૫ પછી ઝાડા-ઉલટી કે ફૂડ પોઈઝનના બનાવો બહાર આવે. બેવડી ઋતુના મારથી દર્દીઓ ઊભરાય.



(૧) મેષ (અ,લ,ઇ):- સંધ્યા સમયે માથાનો દુખાવો જણાય. દંત સમસ્યાઓથી પીડિત જાતકોએ વિશેષ સંભાળવું. નિત્ય ઈષ્ટદેવ સ્મરણ પૂજન સાથે ગણપતિના મંત્ર જાપ ૧૦૮ કરશો.

(૨)વૃષભ (બ,વ,ઉ):- આ સપ્તાહ આરોગ્ય માટે ઉત્તમ રહેશે. સાધારણ વજન વધી શકે.સૂર્યોદય પહેલા ઊઠવુ. દંતમંજન સવાર-સાંજ અવશ્ય કરશો. શુક્રના યંત્રની પૂજા કરશો. કુળદેવી સાથે ગ્રામ્ય દેવીના દર્શન કરશો.

(૨)મિથુન (ક,છ,ઘ):- પાચનશકિત મંદ લાગે. તાવ, શરદી ઉધરસ સપ્તાહના અંતે જણાય. નિત્ય દેવાધિદેવ મહાદેવના દર્શન ઉત્તમ સાથે જળાભિષેક કરશો.

(૪)કર્ક (હ,ડ):- નોકરી-ધંધાના કામકાજ માટે મુસાફરી થવાથી શારીરિક થાક આવવાથી તાવ ચડી શકે. યુરિનમાં ઇન્ફેક્શન સંભવ. ગાયત્રીમંત્ર જાપ કરશો. દરરોજ પશુ પંખીને ચણ નાખશો.

(૫)સિંહ (મ,ટ):- પેટમાં અપચો લાગ્યા કરે. વાહન-અકસ્માત સંભવ.સૂર્યગ્રહને શુદ્ધ જળનો અર્ગ આપશો. ગાયત્રીમંત્ર જાપ નિત્ય કરશો. વડીલોને માન-સન્માન આપશો.

(૬)કન્યા (પ,ઠ,ણ):- સુકો થાઇરોઇડ આવવાના સંભાવના તાત્કાલિક યોગ્ય રિપોર્ટ કઢાવવો. આંખની ઉપર ભ્રમણના વાળ ખરવાની શક્યતા રહેલી છે. ગાયને લીલું ઘાસ ખવડાવશો.

(૭) તુલા (ર,ત):- આ સપ્તાહ આરોગ્ય માટે મધ્યમ રહેશે. ઉંમરલાયક માણસોને શરીર ઝકડાઇ જવાની સંભાવના. શેરમાર્કેટમાં નુકસાની આવવાથી ઊંઘ હરામ થાય. દિન દુખિયા વચ્ચે તેલની બોટલ વહેંચશો. રાત્રિના સમયે મોં માં લવિંગ રાખીને સૂઇ જશો.

( ૮ ) વૃશ્ચિક (ન,ય):- સપ્તાહની શરૂઆતમાં અકસ્માત થવાના એંધાણ વર્તાય છે વાહન ચલાવામા તકેદારી રાખશો નહીંતર હોસ્પિટલમાં રહેવું પડે !! માનસિક ભય ચિંતાઓ રહ્યા કરે. નિત્ય પૂજામાં મા દૈવી ઉપાસના કરશો. મહિલા વર્ગને યથાશકિત મદદ કરશો.

(૯) ધન (ભ,ધ,ફ,ઢ):-ડાયાબિટીસના દર્દીઓએને વધી શકે. વધુ પડતી દવાઓ ખાવાથી શરીરમાં આળસ વધી શકે. બ્રાહ્મણને ચણાની દાળ દાન કરશો. ગુરુ ગ્રહના યંત્રની પૂજા કરશો.

(૧૦)મકર (ખ,જ):-આ સપ્તાહ આરોગ્ય માટે સાનુકૂળ રહેશે.ઊંમરલાયક માણસોને શરીર ઝકડાઇ જવાની ફરિયાદ યથાવત રહે. ગરીબો વચ્ચે જૂનાં કપડાં વહેંચશો. હનુમાનજી મંદિર દર્શન સંધ્યા સમયે કરશો.

(૧૧)કુંભ (ગ,શ,સ):- અસાધ્ય બીમારીઓ આવવાનો ભય વધારે તબિયત બગાડી શકે. કબજિયાતની તકલીફ નિયંત્રિત થાય. શનિ ગ્રહનો મંત્ર જાપ નિત્ય કરશો.ગરીબો પરિવારમાં યથાશકિત મદદરૂપ બનશો.

(૧૨)મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહના અંતે ઉબકા આવવાની શિકાયત જણાય. સંધ્યા સમયે બેચેની અનુભવાય. નિત્ય પૂજા સાથે ગુરુદેવ સ્મરણ પૂજન અર્ચન કરશો.

અસાધ્ય કે લાંબા સમયથી પીડિત દર્દીઓએ તા.૨૪ માર્ચ ફાગણ સુદ પૂનમ હૂતાસણી, હોળી પ્રગટાવવામાં

આવ્યા પછી દર્શન કરતી વખતે શ્રીફળ,ખજૂર, ધાણી સાથે પતાસા અર્પણ કરીને એકી સંખ્યામાં પ્રદક્ષિણા કરશો ચોક્કસ રાહત જણાશે. ■

feedback@bombaysamachar.com

## સ્વાસ્થ્ય

રાજેશ યાજ્ઞિક

# ગરમીની શરૂઆત સાથે જ માથું ઊંચકતા રોગો



તમે આ લેખ વાંચી રહ્યા હશો ત્યારે હોળીને એક અઠવાડિયું બાકી હશે. આપણે ત્યાં મનાય છે, હોળી પ્રાકટ્ય પછી દેશમાં ધીમેધીમે ઉનાળાનો પ્રવેશ શરૂ થઇ જાય છે. જોકે, પૃથ્વીના જળવાયુ પરિવર્તનને કારણે આપણને ગરમીનો અહેસાસ પહેલેથી જ થવા લાગે છે. ગરમીની શરૂઆત સાથે આરોગ્યને લગતા અનેક પ્રશ્નો પણ ઊભા થાય છે. ગયા વર્ષે ઉત્તર પ્રદેશના બલિયામાં ચાર દિવસમાં ૫૭ લોકો મૃત્યુ પામ્યાં હતાં અને ૪૦૦ ને હોસ્પિટલમાં ભરતી કરવા પડ્યા હતા. એ જ સમયે બિહારમાં લૂ લાગવાથી ૪૫ લોકોનાં મૃત્યુના સમાચાર સામે આવ્યા હતા. જો તમને લાગે કે તમે ફિટ અને સ્વસ્થ છો તો પણ તમારે ઉનાળાના રોગો સામે જરૂરી નિવારક પગલાં લેવાં જોઈએ. માટે એ જાણવું જરૂરી છે કે ગરમીને કારણે કેવી બીમારીઓના શિકાર બનવું પડે છે.

### હીટ સ્ટ્રોક

જો ઉનાળાના ગરમ દિવસે, તમને માથાનો દુખાવો, ત્વચા સૂકવી, ખેંચાણ, નબળાઇ, ઉલટી, હૃદયના ધબકારા વધવા અથવા ટૂંકા શ્ર્વાસનો અનુભવ થાય છે, તો શક્ય છે કે તમે હીટ સ્ટ્રોકથી પીડાતા હો. હીટ સ્ટ્રોકની પ્રથમ નિશાની છે ચક્કર જે સામાન્ય રીતે ઉબકા, આંચકી વગેરે જેવી અન્ય સ્થિતિઓ તરફ દોરી જાય છે, પરંતુ જ્યારે તે ગંભીર બને છે, ત્યારે તે સામાન્ય રીતે કોમાની સ્થિતિ તરફ દોરી જાય છે. હીટ સ્ટ્રોકથી બચવા માટે, ડોકટરો સલાહ આપે છે કે વ્યક્તિએ એવા કપડાંનો વધુ પડતો ટાળવો જોઈએ, જે સામાન્ય રીતે શરીરની ગરમીને અંદર જ જાળવે છે અને સમસ્યાઓનું કારણ બને છે. વધુમાં, ઠંડા વિસ્તારોમાં રહેવાથી હીટ સ્ટ્રોકની સ્થિતિ ટાળવામાં મદદ મળે છે.

### સન બર્ન્સ

શરીરમાં અલ્ટ્રા વાયોલેટ કિરણોના પ્રવેશને કારણે લાંબા સમય સુધી સૂર્યના સંપર્કમાં રહેવું મનુષ્યો અથવા પ્રાણીઓ માટે સ્વાસ્થ્યપ્રદ નથી. જે લોકોમાં મેલાનિનની રચના ધીમી અથવા ઓછી થાય છે તેઓ ચામડીના કેન્સરની સંભાવના પણ ધરાવે છે કારણ કે તે મેલાનોમાનું કારણ બને છે. ઉનાળાના ગરમ દિવસોમાં જ્યારે લોકો લાંબા સમય સુધી સૂર્યના સંપર્કમાં રહે છે, ત્યારે તેમની ત્વચા લાલ, શુષ્ક, ઉપરાંત



ત્વચામાં ખંજવાળ અને ફાટી જવા જેવી સમસ્યા ઊભી થાય છે. પછીથી, પીડિતને સામાન્ય રીતે ઠંડી લાગે છે, ઉબકા આવે છે, ઊલટી થાય છે, તાવ આવે છે અને ક્યારેક ફલૂ જેવાં લક્ષણો જોવા મળે છે. જો ત્વચાના કોષો ખૂબ બળે, તો પછી ત્વચા પર ફોલ્લાઓ દેખાઈ શકે છે અને પછીના તબક્કે સૂકી/મૃત ત્વચાની છાલ આવી શકે છે.

### ત્વચા પર ચકામા

ઉનાળા દરમિયાન, ત્વચા પર ફોલ્લીઓ એ બાળકો અને પુખ્ત વયના લોકોમાં ત્વચાની સામાન્ય સમસ્યા છે. જેમને પુષ્કળ પરસેવો થતો હોય તેમનામાં આ સામાન્ય ફરિયાદ જોવા મળે છે. કપડાંમાં પરસેવો એકઠો થાય છે અને પરસેવાથી ભરેલા કપડા લાંબા સમય સુધી સતત ત્વચાના સંપર્કમાં રહેવાથી ખંજવાળ આવે છે અને પછી ફોલ્લીઓ થાય છે. ત્વચાની લાલાશ, શુષ્કતા, બળતરા એ ત્વચા પર ફોલ્લીઓના દેખાતા ચિહ્નો છે.

### ચિકન પોક્સ

અછબડા ઉનાળાના સૌથી સામાન્ય રોગમાંથી એક છે. તે ૧૦૨ ફેરનહીટ જેટલો તાવ સાથે પ્રવાહી યુક્ત, લાલ અને નાની ફોલ્લીઓના સ્વરૂપમાં શરૂ થાય છે અને અંતે તે પ્રવાહીથી ભરેલા ફોલ્લાઓમાં ફેરવાય છે જે ત્વચા પરના નિશાન છોડીને પોપડા થઈ જાય છે. ડાયાબિટીસ, કેન્સર, બ્લડ પ્રેશરની સમસ્યા, એચ.આય.વી, ટ્યુબરક્યુલોસિસ, ચોક્કસ સ્ટીરોઈડ લેનાર અથવા નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને અછબડા થવાની સંભાવના રહે છે.

સામાન્ય રીતે, વાયરસ (વેરિસેલા-ઝોસ્ટર) ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા છીંક અથવા ખાંસી દરમિયાન વાતાવરણમાં ફેલાય છે, જેથી બીજાને પણ તેનો ચેપ લાગે છે. જ્યાં સુધી તેને ફરીથી આગળ વધવા માટે ઝડપથી અનુકૂળ હવામાન પરિસ્થિતિઓ ન મળે ત્યાં સુધી આ વાયરસ શરીરમાં નિષ્ક્રિય રહે છે. ચિકનપોક્સનાં સામાન્ય લક્ષણોમાં ફોલ્લાઓ, ત્વચા પર ખંજવાળ, લાલાશ, ઉચ્ચ સ્તરનો તાવ, ભૂખ ન લાગવી અને માથાનો દુખાવોનો સમાવેશ થાય છે જે સામાન્ય રીતે એક કે બે અઠવાડિયાથી વધુ સમય સુધી રહે છે.

### ઓરી

ઓરી, જેને રુબેલા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પેરામિક્સો વાયરસથી થાય છે, જે ઉચ્ચ તાવ, ગળામાં દુખાવો, આંખમાં બળતરા વગેરે જેવાં લક્ષણોનું કારણ બની શકે છે. રસીકરણ એ એકમાત્ર નિવારણ છે. એ જ રીતે ઉનાળામાં શીતળા પણ વધે છે અને તેનાથી બચવા માટે તમારે તેની રસી લેવી જોઈએ. તેનો ફેલાવો પણ વધતેઓછે અંશે અછબડાની જેમ જ થાય છે.

### કમળો

કમળો એક સામાન્ય પાણીજન્ય રોગ છે. તે હેપેટાઇટિસ એનું પરિણામ હોઈ શકે છે અને તે મુખ્યત્વે દૂષિત ખોરાક અને પાણીના વપરાશને કારણે થાય છે. હેપેટાઇટિસ એ ને કારણે ફેલાતો કમળો મળ-મૌખિક માર્ગ દ્વારા ફેલાય છે. તે ત્યારે થાય છે જ્યારે કોઈ ચેપમુક્ત વ્યક્તિ ચેપગ્રસ્ત વ્યક્તિના દૂષિત ખોરાક અથવા પાણીનું સેવન કરે છે. તે કાં તો ખોરાકજન્ય અથવા પાણીજન્ય હોઈ શકે છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો આ રોગ યકૃતની કાર્યક્ષમતાને અસર કરી શકે છે જે પિત્તના વધુ ઉત્પાદન તરફ દોરી જાય છે.

દેખાતાં લક્ષણોમાં ત્વચાનો પીળો રંગ, મ્યુકોસ મેમ્બ્રેન અને આંખોની સફેદી, હળવા રંગનો મળ, ઘેરા રંગનો પેશાબ અને ત્વચાની ખંજવાળનો સમાવેશ થાય છે.

### ટાઇફોઇડ

ટાઈફોઈડ પણ ઉનાળામાં સૌથી ઝડપથી ફેલાતો રોગ છે. આ રોગ દૂષિત ખોરાક અને પાણીના સેવનથી થાય છે. ટાઈફોઈડના કેટલાંક સામાન્ય લક્ષણોમાં તાવ, તાપમાનમાં વધઘટ, થાક, નિંદ્રા અને ઝાડાનો સમાવેશ થાય છે. ટાઇફોઇડને સમયસર અટકાવવા માટે, તાત્કાલિક સારવાર મેળવવી મહત્ત્વપૂર્ણ છે. જ્યારે સેલ્મોનેલા ટાઈફી બેક્ટેરિયા મૌખિક-ફેકલ માર્ગમાંથી પસાર થાય છે ત્યારે તે ફેલાય છે.

### ગાલપચોળિયાં

ઉનાળાના તમામ રોગોમાં ગાલપચોળિયાં એ બીજો અત્યંત ચેપી વાયરલ રોગ છે. અત્યારે તેનો ખાસ ઉલ્લેખ એટલે પણ કરવો જરૂરી છે, કેમકે જિલ્લામાં મોટી સંખ્યામાં ગાલપચોળિયાંના કેસ નોંધાયા બાદ કાસરગોડમાં આરોગ્ય વિભાગે જાહેર ચેતવણી જારી કરી છે. જિલ્લા તબીબી અધિકારી (ડીએમઓ) એ.વી. રામદાસે જણાવ્યું હતું કે માત્ર એક મહિનામાં જિલ્લામાં ૨૦૦થી વધુ કેસ મળી આવ્યા છે.

ભારતમાં તે મુખ્યત્વે ઉનાળાના સમય દરમિયાન બાળકોમાં જોવા મળે છે. તે પ્રકૃતિમાં ચેપી છે અને જ્યારે ચેપગ્રસ્ત વ્યક્તિ ખાંસી કે છીંક ખાય છે ત્યારે તે ફેલાય છે. કેટલાંક દેખાતાં લક્ષણો છેઃ લાળ ગ્રંથિ પર સોજો, સ્નાયુમાં દુખાવો, તાવ, માથાનો દુખાવો, ભૂખ ન લાગવી અને નબળાઇ અટકાવવા માટે ડોક્ટર સારવાર દરમિયાન એમએમઆર (ઓરી, ગાલપચોળિયાં અને રૂબેલા) રસીની ભલામણ કરે છે. ■

shrilekha.yajnik@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# ઠંડાઈઃ મગજથી લઈને જઠરને બનાવે ઠંડા-ઠંડા કુલ -કુલ



ભારતીયોના પ્રત્યેક તહેવારની ઊજવણી સ્વાદિષ્ટ મીઠાઈ વગર અધૂરી છે, જેમ કે ગણપતિમાં લાડુ, જનમાષ્ટમીમાં પંજરી, નવરાત્રિમાં સીંગપાક, દિવાળીમાં મગજ કે બુંદીના લાડુ, ઉત્તરાયણમાં ચિક્કી, શિવરાત્રીમાં ભાંગ તો હોળીમાં ઠંડાઈની સાથે ગુજિયા, પૂરણપોળી કે માલપુઆની પરંપરા ચાલી આવે છે.એમાંય મહાશિવરાત્રિ આવે ત્યારે હોશે હોશે રસિયાઓ ફરાળની વાનગીઓની સાથે ભાંગનો રસાસ્વાદ માણતાં માણતાં શિવજીની ભક્તિમાં લીન બની જાય છે તો હોળીમાં વિવિધ રંગોમાં ભીંજાતા-ભીંજાતા, ઠંડાઈની ચૂસકી રંગરસિયાઓને ઠંડા-ઠંડા...કુલ-કુલ' બનાવી દે છે.

હોળીના તહેવારની ખાસ વાત એટલે ભારતના પ્રત્યેક રાજ્યમાં તેની ઉજવણી રંગોની સાથે વિવિધ વ્યંજનોની જ્યાફત માણીને કરવામાં આવે છે, જેમ કે ગુજરાતમાં હોળીના દિવસે મગજના લાડુ, મહારાષ્ટ્રમાં ચણાની દાળની પૂરણપોળી, બિહારમાં કેલે કા પુઆ, મધ્ય પ્રદેશમાં દાલ-બાટી-ચુરમા, રાજસ્થાનમાં ગુજિયા, ઉત્તરાખંડમાં આલુ કે ગુટકે-ભાંગની ચટણી, બંગાળમાં પનીર જલેબી, પંજાબમાં લસ્સી, ભાંગના પકોડા, કર્ણાટકમાં કાંજી વડા- ખીર.

હોળી નજીક આવી રહી છે, ભારતના પ્રત્યેક રાજ્યમાં હોળીના દિવસે ખાસ તન-મનને ટાઢક પહોંચાડે તેવું ગટગટાવાતું પીણું એટલે ઠંડાઈ.

ઠંડાઈ એક ઔષધિ ગણાય છે. એને બદામ, ખસ-ખસ, કાળા મરી, ઈલાયચી, કેસર, દેશી ગુલાબ, મગજતરીના બી, ખડી સાકર તેમજ વરિયાળીના અનોખા મિશ્રણ સાથે તૈયાર કરવામાં આવે છે. ઠંડાઈ સ્વાદની સાથે સંપૂર્ણ શરીર માટે લાભકારક ગણાય છે. ઠંડાઈ ઍન્ટિ-ઓક્સિડન્ટથી સમૃદ્ધ છે. હાર્મોનને સંતુલિત બનાવીને જઠરને તંદુરસ્ત બનાવે છે. પેટમાં અનુકૂળ બેક્ટેરિયાનું પુનઃ નિર્માણ કરીને એસિડિટી, બ્લોટિંગની સાથે પાચન સંબંધિત અન્ય સમસ્યા દૂર કરે છે.

## ઠંડાઈના સ્વાસ્થ્ય લાભ પણ જાણી લઈએ

### એ ઝટપટ ઊર્જા ભરે છે

અનેક વખત એવું બનતું હોય છે કે વધુ પડતું શારીરિક કે માનસિક કામ કર્યા બાદ શરીરમાં નબળાઈ આવી જાય છે. તન-મનને થોડાં આરામની આવશ્યક્તા પડે છે. આવા સંજોગોમાં એરિયેટેડ પીણાં પીવાની જગ્યાએ જો ઠંડાઈને અડધું દૂધ તેમજ અડધા પાણી સાથે પીવામાં આવે તો શરીરમાં શક્તિનો સંચાર થઈ જાય છે. ઠંડાઈમાં કાજુ-બદામ-પિસ્તા, મગજતરીના બી, ખડી સાકર જેવી વિવિધ ચીજોનો સમન્વય થયો હોય છે, જે કુદરતી બળ પ્રદાન કરે છે.

### પેટ ફૂલવાની સમસ્યાથી છુટકારો

આપણે ભોજન બાદ મુખવાસ અચૂક લેવાનું પસંદ કરીએ છીએ. તેની પાછળનું મુખ્ય કારણ મુખવાસ ભોજનને બરાબર પચાવે છે. ઠંડાઈમાં વરિયાળીનો સમાવેશ સારા પ્રમાણમાં કરવામાં આવે છે, જેને કારણે ઠંડાઈ પીધા બાદ પેટ ફૂલી જવાની સમસ્યાથી બચી શકાય છે. વરિયાળીમાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જે પાચન પ્રક્રિયાને સુધારવામાં મદદ કરે છે.

### યાદશક્તિ વધારે છે

ઠંડાઈમાં વિવિધ પ્રકારના સૂકામેવાનો સમાવેશ થાય છે, જેમાં વિટામિન તેમજ ખનીજની માત્રા વધુ હોય છે. એ મગજની કાર્યશક્તિ મજબૂત કરવામાં મદદ કરે છે. પ્રોટીન, ઓમેગા- ૩, વિટામિન તેમજ ઝિંક સમાયેલું હોય છે. જે યાદશક્તિ વધારે છે.

### માનસિક તાણ દૂર કરે છે

વિવિધ પ્રકારના વિટામિન, ખનીજ, ફાઈબરના ગુણો ઠંડાઈમાં હોય છે. તેથી માનસિક તાણ વધી જાય ત્યારે તેને દૂર કરવા શરીરને શક્તિ આપે તેવી ઠંડાઈનો ગ્લાસ ગટગટાવી જવો જોઈએ. સ્મોકિંગ કે ગુટકાનો ઉપયોગ શરીરને માટે ઝેર સમાન છે. જ્યારે ઠંડાઈનો ઉપયોગ શરીરને માટે ઉત્તમ ઔષધિ બની રહેશે.

## ઠંડાઈ બનાવવાની રીત

સામગ્રી : અડધો કપ કાજુ, અડધો કપ બદામ, અડધો કપ પિસ્તા, ૧૦-૧૧ નંગ ઈલાયચી, ૨-૪ ચમચી મગજતરીના બીજ, ૧ નાનો ટુકડો તજ, ૪ ચમચી વરિયાળી, ચપટી જાયફળ પાઉડર, ૨ ચમચી ખસખસ, ૮-૧૦ તાંતણાં કેસર, ૪-૫ નંગ મરી, ૩-૪ નંગ લવિંગ, ૧ નાનો ટુકડો જાવંત્રી, ખડી સાકરનો ભૂકો ૨ કપ. ૨ નંગ દેશી ગુલાબના સૂકા પાન.

બનાવવાની રીત : સૌ પ્રથમ મિક્સર જારમાં કાજુ-બદામ-પિસ્તાને થોડાં શેકીને લેવાં. તેમાં મગજતરીના બી, વરિયાળી, જાયફળ પાઉડર, ખસખસ, કેસરનાં તાંતણા, તજ, લવિંગ, મરી, જાવંત્રી, દેશી ગુલાબના પાન વગેરે ભેળવવું. તેમાં ખડી સાકર ભેળવીને પાઉડર બનાવી લેવો. આ ઠંડાઈનો પાઉડર ૨-૩ મહિના સુધી સાચવી શકાય છે. તાજો પાઉડર ઠંડા દૂધમાં ભેળવીને પીવાથી શરીરમાં તાજગી અનુભવાશે.

### કબજિયાતને દૂર કરે

કબજિયાતની તકલીફ હોય એમને માટે ઠંડાઈ લાભકારક પીણું છે. ઠંડાઈમાં થોડા પ્રમાણમાં પલાળેલી ખસખસનો ઉપયોગ કરવામાં આવે છે. જે ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ બળતરાંથી રાહત પહોંચાડવામાં મદદ કરે છે. કબજિયાતની તકલીફથી છુટકારો અપાવે છે. ખસખસના બીજ ઘણા પૌષ્ટિક હોય છે. તેમાં ફાઈબર, પ્રોટિન, કેલ્શિયમ તેમજ ખનિજના ગુણો હોય છે.

### રોગપ્રતિકારક શક્તિ વધારે છે

ઠંડાઈનો ઉપયોગ ગરમીમાં કરવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. ઠંડાઈમાં લવિંગ, મરી તેમજ કેસર હોય છે. જે પાચનક્રિયામાં સુધારો લાવે છે. કેસરને કારણે દિલો-દિમાગમાં એક પ્રકારની ઠંડક પ્રસરી જતી હોય છે. કેસર ઍન્ટિ-ડિપ્રેસન તથા ઍન્ટિ-ઓક્સિડેટિવ ગુણો ધરાવે છે, જે સંપૂર્ણ શરીરને રોગથી બચાવે છે.

### શરીરને આરામ પૂરો પાડે છે

ઠંડાઈમાં ઉપયોગમાં લેવાતી ખસખસમાં શરીરને આરામ પહોંચાડે તેવા ગુણો છે. ઈન્ટરનેશનલ જર્નલ ઓફ ટોક્સિકોલોજીમાં પ્રકાશિત એક લેખ અનુસાર ખસખસનો ઉપયોગ ઠંડાઈમાં હોવાથી તન-મન ઠંડક અનુભવવા લાગે છે. અકારણ માનસિક તાણને દૂર કરવામાં મદદ કરે છે. નામ પ્રમાણે ગુણ ધરાવતી ઠંડાઈનો ઉપયોગ ભોજન બાદ કે કસરત બાદ કરવાથી શરીરમાં ઠંડક પ્રસરી જતી હોય છે. મન આનંદિત બની જતું હોય છે. વ્યાયામ બાદ શરીરને ત્વરિત બળ આપતું પાણી હોય કે દૂધમાં બનાવેલી ઠંડાઈ શરીરમાં શક્તિનો સંચાર કરવામાં પ્રભાવશાળી પીણું ગણાય છે.

ઠંડાઈ બે પ્રકારની હોય છે. એક ભાંગવાળી બીજી ભાંગ વગરની. અનેક લોકો ભાંગવાળી ઠંડાઈથી બચવાનું પસંદ કરે છે.એનું કારણ કે એમને ડર હોય છે કે તેનાથી નશો ચડશે. પ્રમાણભાન રાખીને ભાંગનું સેવન કરવાથી નશો ચડતો નથી. જે શરીરને નુકસાન ન પહોંચાડતા શરીરને ઠંડક પહોચાડે છે. ભાંગને તબીબી ભાષામાં 'ટેટ્રાહાઈડ્રોકાર્બનિબિનોલ' કહે છે. એના ઉપયોગથી એક અજબ પ્રકારનો આનંદ મળે છે. મગજને સક્રિય બનાવે છે.

ભાંગમાં ઔષધિય ગુણો સમાયેલાં હોય છે. તેથી જ તેનો ઉપયોગ દવા તરીકે કરવામાં આવે છે. ભાંગ માટે પ્રમાણભાન અત્યંત અગત્યનું ગણાય છે. 'કેનબિસ' ભાંગમાં રહેલાં વિશિષ્ટ ગુણોને એને 'યુનાઈટેડ નેશન' દ્વારા દવા તરીકે માન્યતા આપવામાં આવી છે

હવે રંગોનો તહેવાર ગણાતી હોળીના દિવસો ઢૂંકડા આવી રહ્યા છે ત્યારે ઘરે બનાવેલી સ્વાદિષ્ટ ઠંડાઈ પીને તેમજ હોળીના ખેલૈયાઓને પીવડાવીને મોજ-મસ્તીને બમણી કરવાનો મોકો છોડવા જેવો નથી. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# પાચનતંત્ર માટે રામબાણ વનસ્પતિઓ



આપણે એ જાણવું જરૂરી છે કે આપણા શરીરમાં ભોજન પચે છે કે સડે છે. ખાવાનો કોળિયો ચાવીએ ત્યારે ત્યાંથી પચવાનું કામ શરૂ થઇ જાય છે. પેટમાં ભોજન પહોંચતા જ હાઇડ્રોક્લોરિક એસિડ (જે પેટમાં રહેલું છે) ખાવાનું પચાવવાનું શરૂ કરી દે છે. જો ભોજનમાં અપ્રાકૃતિક તત્ત્વોથી બનેલું હોય તો એસિડ વધુ પેદા થાય છે. તે જ એસીડીટીનું કારણ કબજિયાતનું કારણ અગ્નિમાંધનું કારણ, અપચાનું કારણ હોય છે. જો પાચન કામ બરાબર ન થાય તો તેનું પરિણામ અલગ અલગ પ્રકારના રોગો પેદા થાય છે. પાચનને દુરસ્ત રાખવા ભોજન પ્રાકૃતિક હોવું જરૂરી છે. ટેક્નોલોજી દ્વારા બનેલો ખોરાક પેટ પચાવી શકતું નથી. એટલે કે ટેક્નોલોજી બહાર ચાલશે પણ પેટ તેને સ્વીકારતું નથી.

પાચનતંત્રમાં રોગોને દૂર કરતી વનસ્પતિઓ અને ઔષધીનો સમજપૂર્વક ઉપયોગ કરવાથી પાચનની સમસ્યા રહેતી નથી. પાચનતંત્ર બરાબર ન ચાલે તો શરીરમાં ઝેરી તત્ત્વો વધતાં જાય છે. દવાઓથી પણ આ ઝેરી તત્ત્વો નીકળતાં નથી અને દવાઓના કારણે હજુ વધુ ઝેર શરીરમાં ઉત્પન્ન થાય છે.

ટેક્નોલોજીથી બનતાં ખાદ્ય પદાર્થો થોડા પ્રમાણમાં ઝેરી હોય છે. ફેકટરીઓમાં એલ્યુમિનિયમના તેમ જ સ્ટીલના કે લોખંડનાં વાસણો વપરાય છે. તે વધુ ગરમ થતાં તેમાંથી તે ધાતુના કણ છૂટા પડે છે ને ખોરાકને ઝેરી બનાવી દે છે. ખાદ્ય પદાર્થને ટકાવવા વપરાતા કેમિકલનાં સંયોજનો વગેરે ઝેરી પદાર્થનું સ્વરૂપ લઇ લે છે. ઘણીવાર હોટલ કે બહારના ખાદ્ય પદાર્થથી 'ફૂડ પોઇઝન'થઇ જાય છે અને પાંચનતંત્ર અસ્તવ્યસ્ત થઇ જાય છે. પાચનતંત્રને દુરસ્ત રાખવાવાળી વનસ્પતિઓ અને ઔષધીઓ વિશે જાણીએ.

પાલક ભાજી લીલા ઘેરા રંગના પાંદડાવાળી ભાજી પાંચનતંત્ર માટે રામબાણ છે. શરીરમાં રહેલા ઝેરનો નાશ કરે છે. તેમ જ શરીરનું નવસર્જન કરે છે. સવારના એક કપ જેટલો પાલકનો કાચો રસ અથવા પાલકને ગરમ પાણીમાં નાખીને થોડીવાર ઢાંકીને રાખવું તેનો સ્ટોક પીવો.

તાંદળજો ભાજી-નાના પાંદડાવાળી ભાજી, શરીરને દરેક રોગોથી દૂર રાખે છે. સાપનું ઝેર, વીંછીનું ઝેર કે અન્ય કોઇપણ કીટાણુ ઝેર અથવા કેમિકલથી થતું ઝેર કાઢી નાખે છે. પાચનને ગતિ આપે છે. આનો તાજો કાચો રસ સુપ અથવા શાક રોજના ભોજનમાં હોવું જરૂરી છે. લગભગ બારે મહિના આ ભાજી મળે છે.

સરગવાના પાન ચોમાસાની ઋતુમાં આ પાન મળે છે. શરીરમાંથી તંબાકુનું ઝેર કાઢી નાખે છે. પગનાં દુઃખાવા મટી જાય છે. કોલેસ્ટ્રોલને દુરસ્ત કરી નાખે છે. ચોમાસાની ઋતુમાં થતાં રોગનો રામબાણ ઇલાજ છે. આનો રસ, સુપ, શાક, ચટણી બનાવી લઇ શકાય છે. ગુટકા કે બીડી સિગારેટ પીતા વ્યક્તિએ આનો ઉપયોગ જરૂરથી કરવો.

ગરમાળો અથવા અમલતાસ-કબજિયાત કે અગ્નિમાંધ કે એસીડીટી કાઢવા માટે દુનિયાની બધી દવા આની સામે ફેલ છે. ગરમાળો એ માનવ જાતિ માટે કબજિયાત કાઢવા માટે વરદાન સ્વરૂપ છે. જે શરીરની ચરબીને પણ કાઢી નાખે છે. પાચનને લગતી બધી જ બીમારીનો ઇલાજ કરે છે.

અળસી લગભગ બધા જ ઝેર કાઢવામાં સક્ષમ છે. પારાથી બનતી દવાઓ જે શરીરમાં પાચનનું પ્રમાણ વધારી દે છે. ઘણાં રોગો થાય છે. નિકલનું ઝેર આર્સૌનિકનું સીસાનું, ધતૂરાનું, કોપર, ફાર્માડીહાઇડનું વગેરે જે દવાઓ કે ખાદ્ય પદાર્થમાં વપરાય છે. તેની માટે અળસીનું દૂધ અથવા ઉકાળો લેવો જોઇએ.

રીંગણા જે પાચનતંત્રને સુદૃઢ બનાવે છે. તેમ જ શરીરમાંથી ધતૂરાનું ઝેર કાઢી નાખે છે. રીંગણા ઘણા રંગના તેમ જ ઘણીયે જાતિના મળે છે.

જવ જવની રોટલી કે ઉકાળો લેવાથી પાંચનતંત્રની દરેક હાનિ દુરસ્ત થાય છે. બધી જ ધાતુના ઝેર બહાર કાઢે છે. કીડનીમાંના દરેક ઝેર બહાર કાઢે છે.

સફેદ કેળાના દાંડા પાચનતંત્રને ગતિ આપે છે. પથ્થર જેવા જામેલા મળ કે દરેક પ્રકારની પથરી કાઢી નાખે છે. આનો તાજો રસ પીવો જોઇએ અથવા શેરડીની જેમ ચૂસી શકાય.

ત્રિફળાચૂર્ણ સદીઓથી વપરાય છે. ચરક ઋષિના મત અનુસાર ત્રિફળાચૂર્ણ ને ઘડામાં રાખી વાપરવો તેમ જ તેનો વરઘોડો કાઢવો. પાચનતંત્રની રામબાણ ઔષધી છે. આમળા, બહેડા, હરડે ત્રણેયનું સરખા માપના લઇ ચૂર્ણ બનાવવું આ ચૂર્ણથી કોઇ અજાણ નથી.

પાચનતંત્ર દુરસ્ત રાખતા લીંબુ, છાસ, ઇસબગુલ, હીંગ, ગાજર, કોથમીર, મૂળા, કાંદા-લસણ, જાંબુ, નાગરવેલના પાન વગેરેનો ઉપયોગ રોજબરોજ થવો જોઇએ. ઘણી વસ્તુ ઋતુ પ્રમાણે હોય તો તે ઋતુમાં તેનો ભરપૂર ઉપયોગ કરવો જોઇએ. શરીરને ઝેર મુક્ત રાખવા કે પાચનતંત્રને દુરસ્ત રાખવા સતત પ્રયત્ન અને પ્રાકૃતિક ભોજન જરૂરી છે. અપ્રાકૃતિક ખાઇને વનસ્પતિ કે ઔષધી વાપરવી એક મર્યાદા સુધી જ કામ કરે છે. માટે અપ્રાકૃતિક ખાદ્ય પદાર્થથી દૂરી જરૂરી છે. ઘણીવાર પ્રાકૃતિક ભોજન વધુ પડતું કે મર્યાદાની બહારનું ખાઇ લેવાથી કે શ્રમ વગર ભોજન કરવાથી પણ કબજિયાત કે પાચનની મુશ્કેલી રહે છે. ત્યારે આ વનસ્પતિ કે ઔષધી જરૂરથી કામ કરે છે.■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

મધુ સિંહ

# સ્વસ્થ હોળી, સલામત હોળી કેવી રીતે રમશે? ઘરે કુદરતી રંગો બનાવો, નિર્દોષ આનંદ મેળવો



રંગોનો તહેવાર હોળી તેની સાથે ઘણી ખુશીઓ લઈને આવે છે. પરંતુ ઘણી વખત આપણી પોતાની બેદરકારી અને મસ્તીના કારણે આપણે આ ખુશીઓને સમસ્યાઓમાં ફેરવી દઈએ છીએ. કેમિકલ રંગોથી હોળી રમવાને કારણે આ સમસ્યા થાય છે. તેથી જો આપણે તંદુરસ્ત અને સલામત હોળીનો આનંદ માણવા માગતા હોય તો આપણે ફક્ત ઓર્ગેનિક રંગોથી જ હોળી રમવી જોઈએ. જો આ ઓર્ગેનિક રંગો બજારમાંથી મેળવવા મુશ્કેલ હોય તો તે ખૂબ જ સરળતાથી બનાવી શકાય છે. ચાલો જાણીએ કેવી રીતે ...

### હળદર જેવો પીળો રંગ

આપણે બધા જાણીએ છીએ કે પીળો રંગ ખૂબ જ પવિત્ર અને શુભ પ્રસંગોનું પ્રતીક છે. તેથી હળદર જેવા પીળા રંગથી હોળી રમવાનું હંમેશા સારું લાગે છે. તેને ઘરે ખૂબ જ સરળતાથી બનાવી શકાય છે. આ માટે ૫૦ ગ્રામ હળદર લો અને તેમાં લગભગ ૧૦૦ ગ્રામ ચણાનો લોટ નાખો. જો તમારે ભીનો રંગ બનાવવો હોય તો હળદરને પાણીમાં ઓગાળીને બેફિકરતાથી હોળી રમો. હળદર સિવાય પીળારંગના ફૂલોને સૂકવીને પણ પીળો રંગ બનાવી શકાય છે.

### શુષ્ક લાલ રંગ

ચંદન આપણી ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેથી બજારમાંથી સૂકો લાલ ગુલાલ ખરીદવાને બદલે, તેને લાલ ચંદનથી ઘરે બનાવો. આ માટે એલોવેરાના ફૂલોને સૂકવીને તેનો પાવડર બનાવી લો અને પછી જુઓ કે તે કેવો આકર્ષક રંગ આપે છે. જો સૂકો પાઉડર ઓછો હોય અને વધુ કલર બનાવવો હોય તો તેમાં થોડો લોટ પણ ઉમેરી શકાય. જો તમે સૂકાને બદલે ભીનો લાલ રંગ બનાવવા માગો છો, તો લાલ ચંદનના પાવડરને થોડી વાર પાણીમાં ઉકાળો અને આ લાલ રંગના પાણીથી હોળી રમો. પાણીનો આ સ્પ્રે પર્યાવરણને સુગંધિત તો બનાવશે જ, સાથે જ ત્વચા પર કોઈપણ પ્રકારના ડાઘ થવાનું જોખમ પણ રહેશે નહીં. એ જ રીતે દાડમના દાણાને પાણીમાં ઉકાળીને કુદરતી લાલ રંગ બનાવી શકાય છે.

### કિરમજી(મજેંટા)

કિરમજી રંગ મેળવવો એ થોડો મુશ્કેલ લાગે છે, પરંતુ એવું નથી. બીટ રુટ આ માટે શ્રેષ્ઠ છે. હોળીના થોડા દિવસો પહેલા બીટના મૂળને સૂકવી દો.જ્યારે તે સંપૂર્ણપણે સુકાઈ જાય, ત્યારે તેને પીસી લો. તે પાવડરની જેમ બારીક બની જશે જે હોળીને રંગીન બનાવવામાં ઉપયોગી થશે. જો તમારે આછું કિરમજી મેળવવું હોય તો થોડી વધુ મહેનત કરો એટલે કે ડુંગળીની છાલને અડધો લિટર પાણીમાં ઉકાળો, તેનાથી આછો કિરમજી રંગ તૈયાર થશે.

### જાંબલી

જાંબલી રંગ મેળવવા માટે કાળી દ્રાક્ષ અથવા બ્લેકબેરીને ઉકાળી શકાય છે. ધ્યાન રાખો કે પાણી ઠંડુ થાય પછી જ રંગીન પાણીનો ઉપયોગ કરો. ઓર્ગેનિક રંગોની કોઈ આડઅસર થતી નથી. પરંતુ તેને બનાવતી વખતે સંપૂર્ણ સાવધાની રાખો. ખાસ કરીને જ્યારે કોઈપણ ફૂલ કે શાકભાજીને છત કે બાલ્કનીમાં સૂકવવા માટે રાખવામાં આવે છે. ત્યારે આવા સમયે જંતુઓ આવીને ચોંટી જવાનો ભય રહે છે. જો કાળજી લેવામાં ન આવે તો, આ જંતુઓ આંખોમાં પ્રવેશી શકે છે અને આપણી આંખોને નુકસાન કરી શકે છે.

હકીકતમાં એક સમય હતો જ્યારે લોકો હોળી રમવા માટે માત્ર કુદરતી રંગોનો ઉપયોગ કરતા હતા. પરંતુ પાછળથી ખતરનાક કેમિકલ રંગોનો ઉપયોગ થવા લાગ્યો. જેમાં આલ્કલી, કાચનો ભૂકો, એસિડ અને અન્ય ઘણા ખતરનાક તત્વો હોય છે. જે હોળીના અવસરે મોટા પાયે વેચાય છે. આની ત્વચા પર ખરાબ અસર પડે છે. આ રંગો આંખોને પણ નુકસાન પહોંચાડે છે. આંખો સિવાય, તેઓ શ્વસન સંબંધી ઘણા રોગોનું કારણ બની શકે છે. આવા રંગો ખાસ કરીને આંખો માટે અત્યંત જોખમી છે. હોળી રમતી વખતે કેટલાક લોકો તેમની આંખોને આ ખતરનાક રંગોની અસરોથી સુરક્ષિત કરી શકતા નથી, જેના કારણે તેઓને નુકસાન થઈ શકે છે. હોળી દરમિયાન બજારમાં વેચાતા માત્ર સૂકા રંગો જ નહીં, પણ કલર પેસ્ટમાં લીડ ઓક્સાઈડ, કોપર સલ્ફેટ, મર્ક્યુરી સલ્ફાઈટ જેવા રસાયણો હોય છે. જે આંખમાં બળતરા, સોજો અને અસ્થાયી અંધત્વનું કારણ બની શકે છે. આ જ વાત હોળીના અવસર પર બજારમાં ખુલ્લેઆમ વેચાતા ગુલાલને પણ લાગુ પડે છે. ગુલાલમાં ક્રોમિયમ, સીસું, કેડમિયમ, નિકલ, પારો, જસત, આયર્ન જેવી ભારે ધાતુઓની ભેળસેળ કરવામાં આવે છે, જે આપણી કિડની, નર્વસ સિસ્ટમ અને પ્રજનન તંત્ર માટે ખૂબ જ નુકસાનકારક છે. તેથી હોળીના અવસર પર ખુશી જાળવી રાખવા માટે ફક્ત ઓર્ગેનિક રંગોથી જ હોળી રમવી જોઇએ. ઓર્ગેનિક ગુલાલ પણ બજારમાં સરળતાથી મળી રહે છે.

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય

નિધિ ભટ્ટ

# બજારમાં વેચાતી દ્રાક્ષ અને સ્ટ્રોબેરી ખાતા પહેલા આ રીતે ધોઈ લો નહીં તો બીમાર પડી જશો

### દ્રાક્ષને કેવી રીતે સાફ કરવી



મોસમી ફળો સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. પરંતુ આ ફળો પર હાજર જંતુનાશકો સ્વાસ્થ્યને ઘણું નુકસાન પહોંચાડે છે. આવી સ્થિતિમાં તેને ખાતા પહેલા તેને સારી રીતે ધોઈ લેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. મોસમી ફળ ખાવું સ્વાસ્થ્ય માટે સૌથી વધુ ફાયદાકારક છે. સ્વસ્થ રહેવા માટે હંમેશા સ્થાનિક બજારમાંથી ફળો અને શાકભાજી ખરીદવાની સલાહ આપવામાં આવે છે. આ સિઝનમાં બજારમાં દ્રાક્ષ અને સ્ટ્રોબેરી પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આને ખાવાથી વારંવાર ગળામાં ઈન્ફેક્શન થાય છે. એટલું જ નહીં જંતુનાશકો અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ પણ બને છે. આવી સ્થિતિમાં દ્રાક્ષ કે સ્ટ્રોબેરીને ખાતા પહેલા તેને કેવી રીતે ધોવી તે જાણવું જરૂરી છે., માટે દ્રાક્ષ કે સ્ટ્રોબેરીને ખાતા પહેલા બે, ત્રણ વાર ચોખ્ખા પાણીથી ધોઇને સૂકા કોટનના કપડાથી સાફ કરીને પછી જ આરોગવી જોઇએ. દ્રાક્ષને ખાતા પહેલા ગરમ પાણીથી ધોઇ શકો છો. સ્ટ્રોબેરીને ખાતા પહેલા પાણી ના નળ નીચે ૪,૫ મીનિટ સુધી ધોઇ લેવી અને ત્યાર બાદ ખાવી હિતાવહ છે.

### ફળો પર જંતુનાશકો ખતરનાક બની શકે છે

ફળો પર જંતુનાશકોનો છંટકાવ કરવામાં આવે છે. જેથી દ્રાક્ષ, સ્ટ્રોબેરી જેવા ફળોમાં નુકસાન થાય છે. દ્રાક્ષ, સ્ટ્રોબેરી જેવા ફળો સીધા જ ખાવામાં આવે છે. તેમની છાલ દૂર કરવામાં આવતી નથી. જેના કારણે તેના પર અટવાયેલા જંતુનાશકના કણો સીધા પેટમાં જાય છે. ખાસ કરીને જંતુનાશકો સ્ટ્રોબેરીના દરેક ખૂણા પર ચોંટી જાય છે. ફળો પર જંતુનાશકો જો રહી જાય તો આવા ફળો ખાવાથી આરોગ્યને નુકસાન થાય છે.

### જંતુનાશકો આ રીતે શરીરને નુકસાન પહોંચાડે છે

ગળામાં ઇન્ફેક્શન, ઉલટી, ચક્કર, માથાનો દુખાવો જેવી અનેક સમસ્યાઓ સર્જાય શકે છે. ■

# લોકસભા-વિધાનસભા પેટાચૂંટણીના ભાજપ-કૉંગ્રેસના તમામ ઉમેદવારો ચાલુ સપ્તાહમાં જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત થઇ ગઇ છે. ગુજરાતની ૨૬ બેઠક માટે ભાજપના ચાર તથા કોંગ્રેસના ૧૭ તેમજ પેટાચૂંટણી માટેના અન્ય પાંચ ઉમેદવારની જાહેરાત ક્યારે થાય છે તેના પર બન્ને પક્ષના કાર્યકરોની નજર છે. ભાજપે અત્યાર સુધીમાં ૨૨ તથા કોંગ્રેસ દ્વારા સાત ઉમેદવાર જાહેર કરાયા છે અને આ તમામ ઉમેદવારોએ પોતાના મતવિસ્તારમાં પ્રચારની કામગીરી શરૂ કરી દીધી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશમાં સાત તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજવાનો કાર્યક્રમ શનિવારે જાહેર કર્યો છે. એમાં ગુજરાતની તમામ ૨૬ બેઠક માટે એક સાથે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થવાનું છે, એની સાથે છ પૈકી પાંચ વિધાનસભાની બેઠક માટે પણ ચૂંટણી યોજાશે. આમ, ૫૧ દિવસ સુધી ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોને મતદારોને રિઝવવાનો સમય મળ્યો છે.

ભાજપ દ્વારા મહેસાણા, અમરેલી, જૂનાગઢ અને સુરેન્દ્રનગર એમ ચાર લોકસભા બેઠક માટે ઉમેદવારોની પસંદગીમાં કોઇ રાજકીય ગણિત ચાલી રહ્યું છે, તેવું જાણવા મળ્યું છે. મહેસાણા અને અમરેલી એમ બે બેઠક પર સ્વાભાવિક રીતે પાટીદાર ચહેરાની પસંદગી કરવાની થાય. આ પાટીદાર ચહેરામાં કઇ બેઠક પર મહિલા ઉમેદવાર ઉતારવો તેના મુદ્દે હાલ ક્યાસ કાઢવામાં આવી રહ્યો છે. ભાજપ બાકીના ચારેય ઉમેદવારોમાં આશ્ચર્યજનક ચહેરા જ પસંદ કરશે એ નિશ્ચિત છે અને મોટાભાગે વર્તમાન એકપણ સાંસદને રિપીટ ન કરે એ સ્પષ્ટ છે. આ સંજોગોમાં હવે જૂનાગઢમાં કોળી સમાજના ઉમેદવાર પસંદ થાય તો સુરેન્દ્રનગરમાં બ્રાહ્મણ અથવા ક્ષત્રિય સમાજમાંથી ઉમેદવાર પર પસંદગી ઊતરે એવું અનુમાન કાર્યકરો લગાવી રહ્યા છે. હાલ તો આ ચારેય લોકસભા મતવિસ્તારોમાં સ્થાનિક સંગઠન દ્વારા ચૂંટણી પ્રચાર માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જોકે ભાજપના બાકી ચાર અને પેટાચૂંટણીના ચહેરાની ચર્ચા માટે ચાલુ સપ્તાહે એકાદ બે દિવસમાં જ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, સંગઠન મહામંત્રી રત્નાકર દિલ્હી જશે અને કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડ, કોર કમિટીની બેઠકમાં હાજરી આપી પરત ફરશે. ત્યારબાદ ઉમેદવારો જાહેર થઇ જશે.

દરમિયાન છેલ્લા ત્રણ માસમાં કોંગ્રેસમાંથી ચાર, આપના એક અને એક અપક્ષ મળી કુલ છ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યાં છે અને આ તમામ ધારાસભ્યોએ ભાજપના ખેસ પહેર્યા છે. હાલ કોઇ કારણોસર ચૂંટણી પંચે માણાવદર, ખંભાત, વિજાપુર, પોરબંદર, વાઘોડિયા એમ પાંચ બેઠકોની પેટા ચૂંટણી જાહેર કરી છે અને સૌથી પહેલી ખાલી પડેલી વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી જાહેર થઇ નથી. આ સંજોગોમાં ભાજપ એકાદ બે બેઠકને બાદ કરતા પેટા ચૂંટણીમાં જે તે પક્ષના જ સભ્યોને ટિકિટ આપશે એ નિશ્ચિત મનાય છે અને આ તમામ ઉમેદવારોએ સ્થાનિક ભાજપ સંગઠન સાથે સંકલન કરી તે દિશામાં તૈયારી શરૂ કરી દીધી છે. આ પાંચેય બેઠકોમાં કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી વચ્ચે રાષ્ટ્રીયસ્તરે પ્રવર્તમાન ગઠબંધનને પગલે કઇ બેઠક આપને ફાળે જાય છે એ જોવું રહ્યું. શનિવારે આ મુદ્દે પ્રદેશ સ્તરના બન્ને પક્ષના નેતાઓની બેઠક મળી હતી. કોંગ્રેસના બાકી ૧૭ ઉમેદવારો માટેની પ્રાથમિક ચર્ચા પૂરી થઇ છે અને પ્રદેશ સ્તરેથી મળેલી રજૂઆતો કેન્દ્રીય કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠકમાં ૧૯મી માર્ચે ચર્ચામાં હાથ પર લેવાશે. સંભવતઃ એ દિવસ કે બીજા દિવસે ઉમેદવારો જાહેર થઇ શકે છે. આ બેઠકમાં ગઠબંધનના ભાગરૂપે આપ અને કોંગ્રેસ બન્ને ભેગા મળીને ક્યાં કેવી રીતે પ્રચાર કરશે તેની પણ રૂપરેખાની ચર્ચા થઇ હતી. ■

# ભાજપ હવે ચાર બેઠકોનું બાકી રહેલું કોકડું ઉકેલશે

## મુખ્ય પ્રધાન અને પ્રદેશ પ્રમુખ દિલ્હી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીની તારીખ પણ જાહેર કરી દેવામાં આવી છે. ગુજરાતની લોકસભાની બાકી ચાર બેઠકો માટે સોમવારે દિલ્હીમાં મનોમંથન કરવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીને સેન્ટ્રલ ઇલેક્શન કમિટી બેઠક સોમવારે મોડી રાતે મળશે. જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ આ બેઠકમાં હાજરી આપવા દિલ્હી જશે. જેમા અમરેલી, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને મહેસાણા બેઠકના નામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી. આ ઉપરાંત વિધાનસભાની પાંચ બેઠકો માટે યોજાનારી પેટાચૂંટણીના ઉમેદવારોના નામો પર પણ મનોમંથન કરવામાં આવશે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠક માટે ભાજપે અત્યાર સુધી ૨૨ ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે પહેલી યાદીમાં ૧૫ તો બીજી યાદીમાં સાત ઉમેદવાર જાહેર કર્યા હતા. ભાજપે ૨૨માંથી ૧૨ ઉમેદવારો રિપીટ કર્યા છે અને ૧૦ ઉમેદવાર નવા છે. જોકે ચાર બેઠક, અમરેલી, જૂનાગઢ, મહેસાણા અને સુરેન્દ્રનગરના ઉમેદવારના નામ જાહેર કરવાના હજુ બાકી છે. હવે જોવાનું એ રહે છે કે બાકીના ચારમાં જૂના કે નવા કોનો નંબર લાગી શકે છે. બીજી બાજુ ખંભાત, વિજાપુર,વાઘોડિયા, પોરબંદર અને માણાવદરમાં પેટાચૂંટણી યોજાશે. માણાવદરના કૉંગ્રેસ ધારાસભ્ય પદેથી અરવિંદ લાડાણીએ રાજીનામું આપ્યું હતું. જેનો હાઈ કોર્ટમાં કેસ ચાલતો હોવાથી પેટાચૂંટણી જાહેર કરવામાં આવી નથી. ખંભાતના કૉંગ્રેસ ધારાસભ્ય પદેથી ચિરાગ પટેલનું રાજીનામું આપ્યું હતું. વિજાપુરના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી સી.જે.ચાવડાનું રાજીનામું આપ્યું હતું. પોરબંદરના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી અર્જુન મોઢવાડિયાએ પણ રાજીનામું આપ્યું હતું. વિસાવદરના આપના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ પણ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. વાઘોડિયાના અપક્ષના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. આથી આ તમામ બેઠક પર પેટાચુંટણી યોજાશે. મોટાભાગે રાજીનામું આપનાર તમામને ટિકિટની ફાળવણી કરવામાં આવશે તે વાત નક્કી છે આ મામલે વિધિવત્ આવતીકાલ મંગળવારે સુધીમાં જાહેરાત થઈ શકે છે. ■

# યાત્રાધામ ડાકોર અને પ્રસિદ્ધ દ્વારકા મંદિરોમાં તા.૨૪ અને ૨૫ એ દર્શનના સમયમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હોળી પર્વ નજીક આવી રહ્યું છે, રંગોના તહેવારની ઉજવણીની ઉત્સાહભેર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. યાત્રાધામ ડાકોર મંદિરમાં તા.૨૫મી માર્ચે ફાગણી પૂર્ણિમા ઉત્સવ ઉજવાશે. જ્યારે દ્વારકામાં ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. હોળી પર્વને લઈને ડાકોર મંદિર અને દ્વારકાધીશ જગત મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા જિલ્લાના ડાકોર રણછોડરાયજી મંદિરે તા.૨૪ મી અને તા.૨૫મી માર્ચે ભગવાનના દર્શનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. તા.૨૪મી માર્ચે વહેલી સવારે ૫ કલાકે મંગળા આરતી અને ૨૫મી માર્ચે વહેલી સવારે ૪ કલાકે મંગળા આરતી થશે. ડાકોરમાં આમલકી એકાદશીથી પૂર્ણિમા સુધી હોળી ફાગણી પૂનમ મેળો યોજાશે. આ ઉત્સવના દર્શનનો લાભ લેવા રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં પદયાત્રિકો સહિત શ્રદ્ધાળુઓનો મહેરામણ ઊમટી પડશે. ઉત્સવને લઇને ડાકોર મંદિર અને વહીવટી તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

હોળીના દિવસ દ્વારકા મંદિર ઉત્સવ સમાન હોય છે. આ દિવસે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડતા હોય છે. દ્વારકામાં ફૂલડોલ મહોત્સવ દરમિયાન મંદિરના સમયમાં ફેરફાર કરાયો છે. જગત મંદિર ખાતે દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. તા.૨૫મી સોમવારે સવારે ૬ વાગ્યે થશે મંગળા આરતી બપોરે ૧ વાગ્યા સુધી નિત્યક્રમ મુજબ થશે દર્શન જ્યારે ઉત્સવ આરતી બપોરે ૨ વાગ્યે કરાશે ફૂલડોલ ઉત્સવ બપોરે ૨થી ૩ વાગ્યા સુધી ઉજવાશે બપોરે ૩થી ૫ વાગ્યા સુધી મંદિર રહેશે બંધ, સાંજે ૫ વાગ્યાથી ફરી દર્શન કરી શકાશે .દ્વારકા મંદિરમાં ફૂલડોલ ઉત્સવને લઇ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણતાના આરે છે. દ્વારકામાં હાલ ભક્તિમય માહોલ જામ્યો છે. દ્વારકામાં કીર્તિસ્તંભથી દ્વારકાધીશ મંદિર સુધી જવા માટે બેરી ગેટ અને ડોમની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. દ્વારકામાં ફૂલડોલ ઉત્સવ પર લાખો યાત્રિકો પગપાળા અને વાહનોથી દ્વારકામાં ખાસ ફૂલડોલ ઉત્સવ પર આવતા હોય છે ત્યારે યાત્રિકોની સલામતીને ધ્યાને લઇ દ્વારકામાં દર્શન માટે વિશેષ આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વચ્ચે દ્વારકા મંદિરમાં ભક્તો માટે દર્શનનો સમય બદલાયો છે. ■

# હિન્દુવાદી કાજલ હિન્દુસ્તાનીના પાટીદાર સમાજ વિરોધી ઉચ્ચારણો સામે રાજ્યમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તેજાબી ભાષણ કરવામાં પ્રખ્યાત કાજલ હિન્દુસ્તાની સામે હવે પાટીદાર સમાજે મોરચો માંડ્યો છે. મોરબીમાં રહેતા પાટીદાર સમાજના આગેવાન અને પાસ અગ્રણીએ કાજલ હિંદુસ્તાની વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

મોરબી પાટીદાર સમાજના યુવા આગેવાન અને કોંગ્રેસના અગ્રણી મનોજભાઈ પનારાએ કાજલ હિન્દુસ્તાની સામે ફરિયાદ દાખલ કરી હતી. કાજલ હિન્દુસ્તાનીનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં તે પાટીદાર સમાજની દીકરીઓ વિશે વિવાદાસ્પદ નિવેદન આપતા મામલો ગરમાયો છે. કાજલ હિન્દુસ્તાની કહે છે કે, 'પિતા બહુ પૈસા કમાવવામાં વ્યસ્ત છે. માતા રીલ બનાવવા પોતાની મસ્તીમાં મસ્ત છે. ઘરમાં લાખો રૂપિયા પડ્યા છે, તિજોરીમાંથી ૨-૫ લાખ રૂપિયા લઈ લે તો કોને ખબર પડવાની છે. આ છોકરીઓની ઉંમર ૧૬-૧૭ વર્ષની છે. હવે વિચારી લ્યો આપણો સમાજ કઇ જગ્યાએ જઇ રહ્યો છે.' મનોજભાઈ પનારાએ કહ્યું કે, જાહેરમાં કાજલ હિન્દુસ્તાની પાટીદાર સમાજની માફી નહીં માગે તો હાઇ કોર્ટમાં જઈશું. કાજલ હિન્દુસ્તાનીએ મોરબી પાટીદાર સમાજની દીકરીઓ વિશે વિવાદિત ટિપ્પણી કરી હતી. ગુજરાતભરનો પાટીદાર સમાજ કાજલ હિન્દુસ્તાની સામે રોષે ભરાયો છે. મોરબીમાં રહેતા પાટીદાર સમાજના યુવા આગેવાનો મેદાને આવ્યા છે. કોંગ્રેસના અગ્રણી મનોજભાઈ પનારાએ કાજલ સામે ફરિયાદ દાખલ કરી છે. આ વાયરલ વીડિયો તા. ૮મી જૂન ૨૦૨૩નો છે. શ્રી ગાધકડા મિત્ર મંડળ સુરતે આયોજિત ૩૯મા સ્નેહમિલન સમારોહનો વીડિયો વાયરલ થતા વિવાદ વકર્યો છે. એસપીજી મહેસાણા જિલ્લાના અધ્યક્ષ લાલજી પટેલે કહ્યું હતું કે, પાટીદાર આગેવાન મનોજ પનારા ફરિયાદ નોંધવાનાર છે. તેને અમે સપોર્ટ કરીશું. પાટીદાર સમાજ વતી આ વાત અમે વખોડિયે છીએ. કાજલ હિન્દુસ્તાની એ પાટીદાર દીકરીઓ વિશે ખરાબ ટિપ્પણી કરી છે જે યોગ્ય નથી. કાજલ હિન્દુસ્તાનીનો જે જગ્યા કાર્યક્રમ હશે તે જગ્યા પર અમે વિરોધ કરીશું. ■

# ગુજરાત યુનિ. ના વિદ્યાર્થીઓના ઘર્ષણના મામલે એસ્ટેટ એન્જિનિયરની હકાલપટ્ટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ગુજરાત યુનિવર્સિટીમાં રમઝાનમાં નમાઝ અદા કરવાના મુદ્દે વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો થયો હતો. માહિતી એવી પણ મળી રહી છે કે, વિદેશી વિદ્યાર્થીઓએ આ ઘટનાને ફેસબુક પર લાઈવ કરી પોતાના દેશ પાસે મદદ પણ માંગી હતી. આ મામલે ગુજરાત સરકાર પણ એક્શન મોડમાં આવી ગઇ હતી. આ મામલામાં એઆઈએમએઆઈએમ, કોંગ્રેસે ઝંપલાવતા આ મામલાએ રાજકીય સ્વરૂપ ધારણ કર્યુ હતું.

આ મામલામાં અમદાવાદ પોલીસ કમિશનરે પણ કડકમાં કડક કાર્યવાહી કરવાના આદેશ આપીને પોલીસ અલગ અલગ નવ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. આ મામલામાં ગુજરાત યુનિવર્સિટીના એસ્ટેટ એન્જિનિયર શૈલેષ ગોસ્વામીની હકાલપટ્ટી કરવામાં આવી હતી. આ સાથે ફોરેન સ્ટુડન્ટ એડવાઈઝરીની રચના કરવામાં આવી હતી. તમામ બ્લોકમાં એજન્સીને પૂર્વ આર્મીમેન ગોઠવવાની સૂચનામાં પણ આપવામાં આવી હતી.

વિદેશી વિદ્યાર્થીઓને નવી હોસ્ટેલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં પોલીસે ૨૫ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત યુનિવર્સિટી મારામારીની ઘટના બન્યા બાદ અચાનક કુલપતિએ રાતોરાત વિદ્યાર્થીઓ માટે એનઆરઆઈ હોસ્ટેલ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓને રહેવા માટે અલગ એનઆરઆઈ હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવી છે. લાંબા સમયથી આ હોસ્ટેલ તૈયાર હોવા છતાં તેમાં વિદ્યાર્થીઓને રખાતા નથી. હવે વિદેશી વિદ્યાર્થીઓનો વિવાદ બહાર આવ્યા બાદ યુનિવર્સિટી સત્તાધીશોએ જાહેર નિવેદન બહાર પાડીને આગામી ત્રણ દિવસમાં વિદેશી વિદ્યાર્થીઓને એનઆરઆઈ બ્લોકમાં ટ્રાન્સફર કરવાની જાહેરાત કરવામાં આવી છે.

શહેરની ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ કેમ્પસમાં ઘર્ષણ થયું છે. વિદેશના વિદ્યાર્થીઓ અને સ્થાનિક વિદ્યાર્થીઓ વચ્ચે શાબ્દિક બોલચાલ બાદ વાત મારામારી સુધી પહોંચી હતી. જે બાદ આ મારામારીના વીડિયો વાયરલ થયા હતા.

ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે પણ યુનિવર્સિટી હોસ્ટેલ પહોંચી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. જોકે, વિદ્યાર્થીઓએ વાહનમાં તોડફોડ પણ કરી હતી. ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મારામારીમાં વિદેશના નાગરિકો ઘાયલ થતા સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ગુજરાત યુનિવર્સિટીની આ ઘટનામાં રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી ગઇ હતી. આ ઘટનાને ધ્યાનમાં રાખીને રાજ્યના ગૃહપ્રધાન હર્ષ સંઘવી, અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિક, ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાય, ક્રાઈમ બ્રાન્ચ સાઈબર ક્રાઈમ સહિતના તમામ અધિકારીઓની બેઠક સવારના સમયે સર્કિટ હાઉસ ખાતે ચાલી હતી, જ્યાં એક કલાકની બેઠક દરમિયાન રાતના સમયે બનેલી ઘટનાના તમામ ફૂટેજીસ મેળવવામાં આવ્યા હતા. ■

# ગુજરાત યુનિ.માં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલા કેસમાં વધુ ત્રણ આરોપી ઝડપાયા

## કુલ પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલના એ બ્લોક પાસે વિદેશી વિદ્યાર્થીઓ પર શનિવારની મોડી રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. પથ્થરમારો અને તોડફોડ કરાઈ હતી. આ ગુનામાં પોલીસે રવિવારે બે આરોપીઓને ઝડપ્યા હતા અને સોમવારે વધુ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ બનાવમાં અત્યારસુધીમાં કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલના એ બ્લોકમાં શનિવાર રાત્રે સાડા દસ વાગ્યાની આસપાસ નમાઝ પઢવા બાબતે બોલાચાલી બાદ મારામારી અને તોડફોડની ઘટના બની હતી. જેમાં ૨૦થી ૨૫ લોકોનું ટોળું ધસી આવ્યું હતું અને હુમલો કર્યો હતો. જેમાં કેટલાક વિદેશી વિદ્યાર્થીઓને ઇજા પહોંચતા સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. વિદેશમંત્રી દ્વારા પણ તપાસના આદેશ અપાયા હતા. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ તાબડતોડ બેઠક કરી હતી અને કડક પગલા ભરવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને આપવામાં આવી હતી. રવિવારે ક્રાઇમ બ્રાન્ચે શહેરના સોલા વિસ્તારમાં રહેતા હિતેશ મેવાડા, વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા ભરત પટેલની ધરપકડ કરી હતી અને ગુજરાત યુનિવર્સિટી પોલીસને સોંપવામાં આવ્યા હતા. સોમવારે ક્રાઇમ બ્રાન્ચે ક્ષિતિજ કમલેશભાઈ પાંડે, જીતેન્દ્ર ઘનશ્યામભાઇ પટેલ અને સાહીલ અરૂણભાઇ દુધતીઆની ધરપકડ કરી હતી. ■

# અમદાવાદમાં ભાજપનું મીડિયા સેન્ટર શરૂ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઇને ભાજપએ તમામ તૈયારીઓ કરી લીધી છે. આ વખતની ચૂંટણીમાં ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠક અને એ પણ ૫ લાખથી વધુની લીડ સાથે જીતવાના સંકલ્પ સાથે ભારતીય પાર્ટી ચૂંટણી જંગમાં ઉતરી છે. તમામ લોકસભા બેઠકો પર મધ્યસ્થ કાર્યાલયની શરૂઆત બાદ સોમવારે અમદાવાદ ખાતે મીડિયા સેન્ટર શરૂ કરવામાં આવ્યું હતું. આ મીડિયા સેન્ટરનો પ્રારંભ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે કરાવ્યો હતો.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, દેશમા લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઇ ગઇ છે અને ગુજરાતમાં દરેક બેઠક પાંચ લાખની લીડ સાથે જીતવાનો સંકલ્પ કાર્યકર્તાઓએ કર્યો છે ત્યારે લોકસભા ચૂંટણીમાં પત્રકારોને ભારતીય જનતા પાર્ટીની દરેક માહિતી સરળતાથી મળી રહે તે માટે મીડિયા સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ભાજપના મીડિયા સેન્ટર પરથી પક્ષના આગામી કાર્યક્રમોની માહિતી, કેન્દ્રીય તેમજ પ્રદેશના પદાધિકારીઓના પ્રવાસ, જાહેરસભા, ગ્રૂપ મીટિંગો, સામાજિક સંમેલનો બાબતની પ્રેસનોટ તેમજ ભાજપના પ્રવક્તાઓની કોઇ પણ મુદ્દે પ્રતિક્રિયા જોઇતી હશે તે અહીંથી સરળતાથી મળી રહેશે. દેશમાં આ વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગેરંટી પર સૌને વિશ્વાસ છે અને ફરી એક વાર મોદી સરકાર બનવા જઇ રહી છે.

પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, દેશના ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકો પર ભાજપ જીતની હેટટ્રિક કરશે. તેમજ દરેક બેઠક પાંચ લાખથી વધુની લીડથી જીતવાનો સંકલ્પ સરળતાથી પ્રાપ્ત થાય તેવો પ્રયાસ કરવામાં આવશે. ■

# ગુજરાતનાં ૧૪ નગર ૩૬ ડિગ્રીના તાપથી શેકાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે. ગુજરાતના અનેક શહેરો આગની જેમ શેકાતા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના ૧૪ શહેરમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. તો ૫ શહેરમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને તેથી વધુ નોંધાયું છે. ૩૮ ડિગ્રી સાથે નલિયા સૌથી વધુ ગરમ રહ્યું છે. રાજ્યમાં કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. રાજ્યના તમામ શહેરોમાં તાપમાન ઊંચકાયું છે. રાજ્યમાં તાપમાનનો પારો ૩૮ ડિગ્રી પાર પહોંચ્યો છે. તો શિયાળામાં સૌથી વધુ ઠંડું રહેતું કચ્છનું નલિયા શહેર ઉનાળામાં સૌથી વધુ ગરમ હોય છે. ગુજરાતમાં સૌથી વધુ તાપમાન નલિયામાં સૌથી વધુ ૩૮.૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યના ૧૪ શહેરમાં તાપમાન ૩૬ ડિગ્રી પાર નોંધાયું છે. અમદાવાદમાં તાપમાન ૩૬.૧ ડિગ્રી પાર નોંધાયું છે. રાજ્યમાં હજુ પણ તાપમાન ઊંચકાવવાની આગાહી છે.

રાજ્ય હવામાન વિભાગે પવનની ગતિ ૧૫થી ૨૦ પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પૂર્વોત્તર દિશાથી પવન ફૂંકાશે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં પૂર્વ દિશાથી પવન ચાલશે અને માર્ચના અંત સુધીમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી જવાની શક્યતા છે. માર્ચના છેલ્લા સપ્તાહમાં કેટલાક ભાગોમાં હિટવેવની શક્યતા પણ જોવા મળી શકે છે. ■

# કચ્છમાં સૌથી વધુ વરસાદ બાદ પણ ઉનાળાના આરંભે ત્રણ ડેમ ખાલીખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ જિલ્લામાં ઉનાળાની શરૂઆતમાં જ મોટા ભાગના ડેમો તળિયા ઝાટક થયા છે. .

જિલ્લામાં ૨૦ જેટલા મધ્યમ સિંચાઇના ડેમો આવેલા છે જેમાંથી ત્રણ ડેમમાં પાણીનો જથ્થો નહિવત છે. ત્યારે આગામી દિવસોમાં ઉનાળો આકરો બને તેવા એંધાણ જોવા મળી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કચ્છ જિલ્લામાં ઉનાળામાં પાણીની વિકટ સમસ્યા સર્જાય તેવું અત્યારથી લાગી રહ્યું છે.

જિલ્લામાં આગામી સમયમાં ગરમીનો માહોલ વધશે ત્યારે જિલ્લાના મધ્યમ કક્ષાના ૨૦ ડેમમાં હવે માત્ર ૩૭.૦૫ ટકા જેટલું જ પાણી છે.

૨૦ ડેમોમાં ૧૨૩.૧૨ મિલિયન ક્યુબિક ફીટ પાણીનો સંગ્રહ હવે બાકી રહ્યો છે. જિલ્લામાં મધ્યમ સિંચાઇ યોજનાના ૨૦ ડેમ આવેલા છે.

છેલ્લા અઠવાડિયાથી ગરમીનો માહોલ જામી રહ્યો છે. ત્યારે ભુજ તાલુકાના સૌથી મોટા ડેમમાં પાંચ ટકા જેટલું પાણી પણ નથી બચ્યું.

આગામી સમયમાં ઉનાળાના પગલે પાણીની માગમાં વધારો થશે, પરંતુ ડેમની જળસંગ્રહ શક્તિમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ■

# સુરેન્દ્રનગરમાં અકસ્માતમાં કારનો ભુક્કો બોલી ગયો

## કારની બોડી ચીરીને ત્રણ મૃતદેહ બહાર કઢાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં માલવણ - અમદાવાદ હાઇવે પર ટ્રેલર અને કાર વચ્ચે અકસ્માતમાં ત્રણ યુવકનાં મોત નિપજ્યા હતા. ટ્રેલર પાછળ પૂરપાટ ઝડપે આવતી કાર ધડાકાભેર અથડાતા ઘટના સ્થળે જ કારમાં સવાર ત્રણ યુવકનાં મોત નિપજ્યા હતા. પોલીસે ગુનો નોંધી ત્રણેય મૃતદેહ પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે પ્રાથમિક તપાસમાં મૃતક યુવકો ગેડિયા ગામના હોવાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ધ્રાંગધ્રા માલવણ હાઇવે પર સીએનજી પંપ નજીક કાર લઇને પસાર થઇ રહેલા ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને કાર આગળ જઇ રહેલી ટ્રક પાછળ ઘુસી ગઇ હતી. અકસ્માતમાં કારનો બુકડો બોલી ગયો હતો. કારનો આગળનો ભાગ ભંગાર બની ગયો હતો. ત્રણેય યુવક કારમાં ફસાયા હતા. કારની બોડી ચીરીને યુવકોના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. ત્રણેય યુવકોના મૃતદેહો ક્ષતવિક્ષત હાલતમાં હતા. અકસ્માતની ઘટનાની જાણ થતા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અમદાવાદમાં તાવ, શરદી, ખાંસી સહિતના વાઈરલ ઈન્ફેક્શન ૧૬૨૪ કેસ

## સ્વાઇન ફ્લૂના પાંચ કેસ નોંધાયા

અમદાવાદઃ શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં શરદી, તાવ, ખાંસી સહિતના વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓનો રાફડો ફાટ્યો છે. અમદાવાદ શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં વાયરલ ઈન્ફેક્શનના ૧૬૨૪ કેસ નોંધાયા છે જ્યારે ડેન્ગ્યુના ૧૦૨ શંકાસ્પદ અને મેલેરિયાના ૨૩૦ શંકાસ્પદ દર્દીઓ સારવાર માટે આવ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી સ્વાઈન ફ્લૂના કેસ નિયંત્રણમાં હતા પરંતુ સોલા સિવિલ ખાતે એક સપ્તાહ દરમિયાન સ્વાઈન ફ્લૂના ૧૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જે પૈકી પાંચ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

સોલા સિવિલ ખાતે તા.૧૨મીથી તા.૧૮મી ફેબ્રુઆરીમાં સ્વાઈન ફ્લૂનો એક કેસ, તા.૧૯મી ફેબ્રુઆરીથી ૨૫ ફેબ્રુઆરીના એક જ્યારે તા.૨૬મી ફેબ્રુઆરીથી ૩ માર્ચમાં સ્વાઈન ફ્લૂના ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આમ, ફેબ્રુઆરી-માર્ચમાં સોલા સિવિલ ખાતે સ્વાઈન ફ્લૂના કુલ ૧૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. ગુજરાતમાં ગત વર્ષે સ્વાઇન ફ્લૂના ૨૧૨ કેસ નોંધાયા હતા અને ત્રણ દર્દીના મૃત્યુ થયા હતા. વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૩ દરમિયાન ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કુલ ૭૩૧૮ કેસ નોંધાયા છે જ્યારે ૨૨૯ વ્યક્તિના મૃત્યુ થયા હતા. શહેરમાં મોડી રાત્રે ઠંડીનો સાધારણ ચમકારો અને દિવસે ગરમીથી વાયરલ ઈન્ફેક્શન, શરદી, ઉધરસના દર્દીમાં સતત વધારો થઈ રહ્યો છે. સોલા સિવિલ ખાતે એક સપ્તાહમાં વાયરલ ઈન્ફેક્શનના ૧૬૨૪ કેસ નોંધાઈ ચૂક્યા છે. ૨૬ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ એમ ૧૨ દિવસમાં વાયરલ ઈન્ફેક્શનના ૩૨૬૬ દર્દી નોંધાયા છે. ■

# ચૈતર વસાવાના જૂના સાથીઓને ભાજપે પ્રચારના મેદાનમાં ઉતાર્યા

અમદાવાદઃ ગુજરાતમાં સૌથી મોટી ટક્કર હોય તો ભરૂચ લોકસભાની બેઠક પર છે. ભાજપ ૨૬માંથી ૨૬ બેઠક જીતવા માગે છે પણ અહીં રસાકસી જામવાની છે. ભાજપ પાસે ૭ વિધાનસભા સીટ હોવા છતાં ભાજપ અહીં ચૈતર વસાવાનો સામનો કરી રહ્યું છે. ભાજપે શામ, દામ અને દંડ ભેદમાં માહેર પૂર્વ ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજાને અહીંની જવાબદારી સોંપી છે. પ્રદીપસિંહ સારી રીતે જાણે છે કે એક ઉમેદવારને કઈ રીતે ટેકલ કરવો. ગુજરાતમાં ભાજપ ૨૬માંથી ૨૬ બેઠક જીતવા માગે છે. કોંગ્રેસ અને આપે આ બેઠક પર ગઠબંધન કર્યું છે પણ સ્થાનિક સ્તરે કોંગ્રેસમાં આ ગઠબંધન સામે નારાજગી છે.

ભરૂચ લોકસભામાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધો જંગ જામશે, બંને પક્ષે પ્રચાર પસાર શરૂ કરી દીધા છે. લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ હવે ઉમેદવારો મેદાનમાં પણ ઊતરી ગયા છે. ભાજપે અહીં મનસુખ વસાવાને ફરી રિપીટ કર્યા છે, આ સાથે ચૈતર વસાવાનો તોડ કાઢી લીધો છે. ચૈતર વસાવા જેની આંગળી પકડીને રાજકારણમાં આવ્યા છે એ મહેશ વસાવા હવે ભાજપમાં છે. ભરૂચ લોકસભામાં ડેડિયાપાડા અને સાગબારાના તાલુકાના ૨.૨૨ લાખ મતદારો ખૂબ મહત્ત્વના છે. બંને ઉમેદવારો આદિવાસી મતદારોને રીઝવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ડેડિયાપાડા ખાતે કાર્યકર્તા સંમેલનમાં પૂર્વ ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજા, મનસુખભાઈ વસાવાના પ્રચાર સમારંભમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. ■

# મહિલા આરસીબીની ચૅમ્પિયન ટીમ સાથે વીડિયોથી કનેક્ટ થયા બાદ કોહલી પણ નાચ્યો

## મંધાના અને તેની ટીમનાં સ્લોગન 'ઈ સાલા કપ નામદે'નો શું અર્થ થાય?

નવી દિલ્હીઃ રવિવારે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની બીજી સીઝનની ચૅમ્પિયન ટીમ બન્યા બાદ રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી)ની કૅપ્ટન સ્મૃતિ મંધાના અને તેની સાથી ખેલાડીઓ તેમ જ કોચિંગ સ્ટાફ મેદાન પર જ વિજયના સેલિબ્રેશનમાં ખૂબ નાચ્યાં હતાં અને એ જ ઘડીએ તેમણે વીડિયો મારફત મેન્સ આરસીબીના ભૂતપૂર્વ કૅપ્ટન અને મુખ્ય બૅટર વિરાટ કોહલી સાથે સંપર્ક કર્યો હતો.

મેન્સ આઇપીએલમાં આરસીબીની ટીમ ૧૬ વર્ષમાં નથી જીતી શકી એ ટાઇટલ વિમેન આરસીબીએ બીજા જ વર્ષે જીતી લીધું છે. મેન્સ આરસીબી ટીમ ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૬માં આઇપીએલની ફાઇનલમાં પહોંચી હતી, પણ ટાઇટલ જીતવામાં નિષ્ફળ ગઈ હતી.

કોહલીએ સૌથી પહેલાં તો વિમેન્સ આરસીબીની આખી ટીમને બીજી જ સીઝનમાં ટાઇટલ જીતવા બદલ હાર્દિક અભિનંદન આપ્યા હતા. કોહલીના 'થમ્બ્સ અપ'નો સંકેતના જવાબમાં સ્મૃતિ મંધાનાએ પણ એ સાઇનમાં તેનું અભિવાદન કર્યું હતું. જોકે કોહલી અભિનંદન આપતી વખતે બીજું શું બોલ્યો એ મંધાનાને નહોતું સંભળાયું, પણ આરસીબીની ખેલાડીઓને મેદાન પર નાચી રહેલાં જોઈને કોહલીથી પણ નહોતું રહેવાયું અને તે પણ નાચવા લાગ્યો હતો. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં વિમેન આરસીબીના ઐતિહાસિક વિજય બાદ હજારો પ્રેક્ષકોમાં પણ અભૂતપૂર્વ રોમાંચ હતો અને ખેલાડીઓને વીડિયોમાં કોહલી સાથેના કનેક્ટ થયા બાદ મંધાનાની ટીમને નાચી રહેલી જોઈને પ્રેક્ષકો પણ ઝૂમવા લાગ્યા હતા અને 'કોહલી...કોહલી...'ની બૂમો પાડવા લાગ્યા હતા. મંધાના અને તેની સાથી ખેલાડીઓ રવિવારે ચૅમ્પિયન બન્યા પછી આનંદના આવેશમાં વારંવાર બોલી હતી, 'ઈ સાલા કપ નામદે' (આ વર્ષે કપ આપણો છે).

રવિવારની ફાઇનલમાં દિલ્હી કૅપિટલ્સની ટીમ બૅટિંગ પસંદ કર્યા પછી ફક્ત ૧૧૩ રન બનાવી શકી હતી. આરસીબીની સ્પિનર શ્રેયંકા પાટીલે ચાર વિકેટ, સૉફી મૉલીન્યૂક્સે ત્રણ અને આશા શોભનાએ બે વિકેટ લીધી હતી. આરસીબીએ મંધાનાનાં ૩૧ રન, સૉફી ડિવાઇનનાં ૩૨ રન અને એલીસ પેરીનાં અણનમ ૩૫ રન તેમ જ રિચા ઘોષનાં અણનમ ૧૭ રનની મદદથી ૧૯.૩ ઓવરમાં બે વિકેટે ૧૧૫ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. ■



રવિવારે આરસીબીની પ્લેયરોએ જીત માણી (જમણે) ત્યારે વિરાટ કોહલી વીડિયો મારફત એ સેલિબ્રેશનમાં જોડાયો હતો (ડાબે).

### ગયા વર્ષે હું માનસિક દબાણમાં હતીઃ સ્મૃતિ મંધાના

નવી દિલ્હીઃ મુંબઈ શહેરની સ્મૃતિ મંધાના રવિવારે બૅન્ગલોરના ફ્રેન્ચાઇઝીને જીત અપાવ્યા પછી બેહદ ખુશ હતી. ગયા વર્ષની પ્રથમ ડબ્લ્યૂપીએલમાં તે ખુદ બૅટર તરીકે ફ્લૉપ રહી હતી અને તેની ટીમ પાંચ ટીમમાં છેક ચોથા નંબર પર હતી. તેણે પત્રકારો સાથેની વાતચીતમાં નિખાલસપણે કહ્યું, 'ગયા વર્ષે હું માનસિક દબાણમાં હતી અને આત્મવિશ્વાસ પણ ગુમાવી બેઠી હતી, પરંતુ આ વખતે એ બધી કચાશ મેં દૂર કરી લીધી અને પોતાનાં પરનો વિશ્વાસ પાછો મેળવીને સારી બૅટિંગ કરી (ફૉર્થ-બેસ્ટ ૩૦૦ રન બનાવ્યા) અને કૅપ્ટન્સી પણ કોઈ પણ પ્રકારના દબાણ વગર સંભાળી શકી.'








**વિમેન્સ પ્રીમિયર લીગની નવી મહારાણીઓઃ** બીજી સીઝનમાં રવિવારે ફાઇનલમાં રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી)ની ટીમે મેગ લેનિંગની દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ની ટીમને હરાવી દીધી ત્યાર બાદ મોડી રાતે ક્વીન્સ૨૦૨૪ના બૅનર હેઠળ સ્મૃતિ મંધાનાની ટીમે યાદગાર સેલિબ્રેશન કર્યું હતું. મંધાનાને એ ટ્રોફી બીસીસીઆઇના પ્રેસિડન્ટ રોજર બિન્ની અને સેક્રેટરી જય શાહે એનાયત કરી હતી. બીજી તરફ, બેન્ગલૂરુમાં ક્રિકેટપ્રેમીઓએ મોડી રાત સુધી ઉજવણી કરી હતી. (પીટીઆઇ અને ટ્વિટર)

## વિમેન આરસીબીની શાનદાર જીત પછી ઇનામોની થઈ લહાણી

(૧) સ્મૃતિ મંધાનાની ચૅમ્પિયન બૅન્ગલોરની ટીમને ટ્રોફી સાથે મળ્યા હાઇએસ્ટ છ કરોડ રૂપિયા.
(૨) મેગ લેનિંગની રનર-અપ દિલ્હી કૅપિટલ્સની ટીમને ટ્રોફી સાથે ત્રણ કરોડ રૂપિયાનું ઇનામ મળ્યું.
(૩) બૅન્ગલોરની સ્પિનર શ્રેયંકા પાટીલને બેસ્ટ ઇમર્જિંગ પ્લેયર બદલ પાંચ લાખ રૂપિયાની પ્રાઇઝ મળી.
(૪) હાઈએસ્ટ ૧૩ વિકેટ બદલ પર્પલ કૅપ અને પાંચ લાખ પણ શ્રેયંકા પાટીલને મળી.
(૫) ડબ્લ્યૂપીએલમાં હાઇએસ્ટ ૩૪૭ રન બનાવવા બદલ આરસીબીની એલીસ પેરીને ઑરેન્જ કૅપની સાથે પાંચ લાખ રૂપિયા મળ્યા.
(૬) મોસ્ટ વૅલ્યૂએબલ પ્લેયરનો પાંચ લાખ રૂપિયાનો અવૉર્ડ યુપી વૉરિયર્ઝની દીપ્તિ શર્માને મળ્યો.
(૭) દિલ્હીની શેફાલી વર્માને હાઇએસ્ટ ૨૦ સિક્સર બદલ પાંચ લાખ રૂપિયા અપાયાં.
(૮) આરસીબીની જ્યોર્જિયા વેરહૅમનો ૧૬૩.૨૪નો સ્ટ્રાઇક રેટ બેસ્ટ, મળ્યા પાંચ લાખ રૂપિયા
(૯) મુંબઈની એસ. સજનાને બેસ્ટ કૅચ બદલ પાંચ લાખ રૂપિયાની પ્રાઇઝ મળી.
(૧૦) પાંચ લાખનો ફેર પ્લે અવૉર્ડ આરસીબીની ટીમને ફાળે આવ્યો. ■

# રોહિતના માર્ગદર્શનથી જ મુંબઈ ઇન્ડિયન્સની પરંપરાને આગળ વધારવાનો છુંઃ હાર્દિક પંડ્યા

## એમઆઇના નવા કૅપ્ટને કહ્યું, 'મને હવે શારીરિક રીતે કોઈ તકલીફ નથી, બધી મૅચો રમીશ'

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સને પાંચ ટાઇટલ અપાવનાર રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને ગુજરાત ટાઇટન્સ પાસેથી મેળવીને મુંબઈની ટીમનું સુકાન સોંપવામાં આવ્યું એ વિશે છેલ્લા થોડા મહિના દરમ્યાન જાત જાતની અટકળો અને કાલ્પનિક સ્ટોરીઓ મીડિયામાં વાંચવા મળી. જોકે સોમવારે બપોરે હાર્દિક મુંબઈમાં આયોજિત આઇપીએલ પહેલાંની પ્રથમ પ્રેસ કૉન્ફરન્સમાં રોહિત વિશે નિવેદનો આપીને તમામ અટકળો તો શાંત પાડી જ છે, રોહિત પાસેથી સુકાન પાછું લેવાતાં હાર્દિક વિશે નારાજ થયેલા ક્રિકેટચાહકોને પણ હવે હાર્દિક પર ફરી માન થાય એવું તે (હાર્દિક) બોલ્યો છે.

૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સને ડેબ્યૂમાં જ ટાઇટલ અપાવનાર હાર્દિકે રોહિત વિશે પત્રકારોને કહ્યું, 'મુંબઈ ઇન્ડિયન્સની ટીમે જે સફળતાઓ મેળવી છે એ રોહિતની કૅપ્ટન્સી અને માર્ગદર્શન હેઠળ જ હાંસલ કરી છે. હું તો માત્ર આ ટીમની સફળતાને આગળ વધારવાનો છું. રોહિત મુંબઈના કૅપ્ટનપદે નહીં હોય એનાથી સ્થિતિમાં કોઈ ફેરફાર નહીં થાય. મને મદદ કરવા તે હંમેશાં મારી પડખે હશે જ. મારા ખભા પર તેનો હાથ રહેશે જ (મને જરૂર પડશે ત્યારે તેનું માર્ગદર્શન મને મળશે જ). અમે હંમેશાં ફૅન્સનું સન્માન કરતા હોઈએ છીએ, પરંતુ અમારું લક્ષ પર્ફોર્મ કરવા પર જ અને જીતવા માટે શું જરૂરી છે એના પર જ હોય છે.'

હાર્દિકને ઑક્ટોબરમાં વન-ડેના વર્લ્ડ કપ દરમ્યાન પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી જે પછી તે નહોતો રમ્યો અને હવે મેદાન પર કમબૅક કરી રહ્યો છે. હાર્દિકે પત્રકારોને કહ્યું, 'મને શારીરિક રીતે હવે કોઈ જ તકલીફ નથી. હું બધી મૅચ રમવાનો પ્રયત્ન કરીશ. આમ પણ આઇપીએલમાં મેં બહુ ઓછી મૅચો ગુમાવી છે. આ વખતે હું ઈજાને લીધે ત્રણ મહિના મેદાનથી દૂર રહ્યો. જોકે અગાઉની ઈજા સાથે આ ઇન્જરીને કંઈ જ લેવાદેવા નથી. હું બૉલ રોકવા ગયો અને પગ મચકોડાઈ ગયો હતો.'

હાર્દિકના સુકાનમાં ગુજરાત ટાઇટન્સની ટીમ ૨૦૨૨માં ટાઇટલ જીતી અને ૨૦૨૩માં રનર-અપ રહી એટલે આ વખતે મુંબઈ ઇન્ડિયન્સની ટીમ તેની પાસે બહુ મોટી અપેક્ષા રાખશે. મુંબઈ ઇન્ડિયન્સના ચાહકો ઇચ્છશે કે હાર્દિકના સુકાનમાં આ વખતે તો મુંબઈને છઠ્ઠી ટ્રોફી મળવી જ જોઈએ.

હાર્દિકે આ મુદ્દે સવાલ પૂછાતાં કહ્યું, 'મુંબઈ ઇન્ડિયન્સમાં અપેક્ષાઓ હંમેશાં રહેવાની જ. અમારી સામે જે સ્થિતિ હશે એના પર અમે એકાગ્રતા રાખીશું. કાલને કાલ હું નથી જીતી શકવાનો, આપણે બે મહિના રાહ જોવી પડશે. અમે એવી બ્રૅન્ડ રચીશું (એવું પર્ફોર્મ કરીશું) કે જેને દરેક વ્યક્તિ એન્જૉય કરશે.'

આ પ્રેસ કૉન્ફરન્સમાં મુંબઈ ઇન્ડિયન્સનો હેડ-કોચ માર્ક બાઉચર પણ હતો અને તેને રોહિત શર્માનો ટીમમાં હવે કેવા પ્રકારની ભૂમિકા હશે એ વિશે સવાલ પૂછવામાં આવ્યો હતો.

બાઉચરે જવાબમાં કહ્યું, 'રોહિત બહુ જ સારા ફૉર્મમાં છે. રોહિત મેદાન પર ઊતરીને પોતાની નૅચરલ ગેમ રમશે એવી અમારા બધાની અપેક્ષા છે. તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની બૅટિંગ આપણે બધાએ જોઈ જ હતી. તેની બૅટિંગ અફલાતૂન છે.'

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર બાઉચરે મુંબઈ ઇન્ડિયન્સના ખેલાડીઓ વિશેના સવાલના જવાબમાં કહ્યું, 'અમારી ટીમના પ્લેયરો સારા ફૉર્મમાં છે. થોડા ઘણા ખેલાડીઓને ઈજા તો હોય, પણ એ સ્થિતિને બરાબર મૅનેજ કરવી પડે જે અમે કરી રહ્યા છીએ. ટીમમાં સામેલ કરાયેલા નવા ચહેરા માટે શું ભૂમિકા રહેશે એ પણ અમે નક્કી કરી રહ્યા છીએ. અમારે આવનારી મૅચોમાં કેવું રમવાનું છે એની દિશા અમે અમારા ખેલાડીઓને સમજાવી રહ્યા છીએ.' ■



મુંબઈમાં સોમવારે પત્રકાર પરિષદ દરમ્યાન પ્રતીકાત્મક વ્હાઇટ બૉલ પર ઑટોગ્રાફ આપી રહેલો હાર્દિક પંડ્યા. આ કૉન્ફરન્સમાં મુંબઈ ઇન્ડિયન્સનો હેડ-કોચ માર્ક બાઉચર પણ હાજર હતો. (અમય ખરાડે)

# મહિલાઓએ મેદાન માર્યા પછી હવે આરસીબીના પુરુષો આઇપીએલમાં પરચો બતાવવા તૈયાર

## બાવીસ માર્ચની પ્રથમ મૅચ સીએસકે સામેઃ ૨૦૦૮ પછી બૅન્ગલોરની ટીમે ચેન્નઈમાં એક પણ જીત નથી મેળવી

બેન્ગલૂરુઃ બાવીસમી માર્ચે શરૂ થઈ રહેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ૧૬ વર્ષના ઇતિહાસમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ સૌથી વધુ પાંચ-પાંચ વખત ટાઇટલ જીતી ચૂકી છે એટલે હવે છઠ્ઠી વાર ટ્રોફી જીતશે તો એના ચાહકોને જેટલો આનંદ થશે એની તુલનામાં જો રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી)ની ટીમ ટ્રોફી જીતશે એના ચાહકોનો આનંદ અનેકગણો હશે. કારણ સ્પષ્ટ છે. આરસીબીની ટીમ ૨૦૦૯થી ૨૦૧૬ દરમ્યાન ત્રણ વાર ફાઇનલમાં પહોંચ્યા પછી પણ ટ્રોફી નહોતી જીતી શકી અને રનર-અપ રહી હતી. બીજું, પહેલી વાર છેલ્લી લાગલગાટ ચાર સીઝનમાં આ ટીમ પ્લે-ઑફમાં પણ નથી પહોંચી શકી. આ બધુ જોતાં જો આ વખતે આરસીબી પહેલી વાર ચૅમ્પિયન બનશે તો બેન્ગલૂરુમાં માહોલ અભૂતપૂર્વ હશે અને આરસીબીના ચાહકોના દિલોદિમાગમાં આનંદ પણ સમાય નહીં એટલો હશે.

પુરુષોની આરસીબી ટીમ દોઢ દાયકાથી પણ વધુ સમયથી ક્રિકેટજગતની સૌથી મોટી ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટમાં રમતી હોવા છતાં ટાઇટલ નથી જીતી. એની સરખામણીમાં સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં આરબીસીની મહિલાઓની ટીમ રવિવારે ડબ્લ્યૂપીએલની બીજી જ સીઝનમાં ચૅમ્પિયન બની હોવાથી આ વખતે આઇપીએલમાં આરસીબીના કરોડો ફૅન્સ ખાસ કરીને પીઢ ખેલાડી વિરાટ કોહલી તેમ જ કૅપ્ટન ફૅફ ડુ પ્લેસી પાસે અગાઉ કરતાં વધુ અપેક્ષા રાખશે.

૨૦૨૩ની સીઝનમાં સાત વિજય અને સાત પરાજયને કારણે આરસીબીની ટીમ છેક છઠ્ઠા નંબર પર રહી હતી. કૅમેરન ગ્રીન પહેલી બે મૅચમાં કદાચ નહીં રમે એવું અગાઉ કહેવાતું હતું, પણ તે બાવીસમી માર્ચની પ્રથમ મૅચ પહેલાં જ ભારત આવી જશે. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે તેને શેફીલ્ડ શીલ્ડની ફાઇનલમાંથી નીકળી જવા મંજૂરી આપી હોવાથી સમયસર ભારત આવી રહ્યો છે. વિરાટ કોહલી બીજી વાર પિતા બન્યા પછી હવે પાછો રમવા આવી રહ્યા છે.

રજત પાટીદારને તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ટેસ્ટમાં ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો હતો, પણ તે ત્રણેય ટેસ્ટમાં ફ્લૉપ ગયો હતો. હવે તેણે આઇપીએલમાં ફરી અસલ ટચ બતાવીને ચાહકોના દિલ જીતવાના છે.

બાવીસમી માર્ચે (રાતે ૮.૦૦ વાગ્યાથી) આરસીબીની પ્રથમ મૅચ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ સામે છે. એ મુકાબલો ચેન્નઈમાં છે અને ત્યાં આરસીબીની ટીમ ૨૦૦૮થી અત્યાર સુધીમાં ક્યારેય સીએસકેને નથી હરાવી શકી. ■

**આરસીબીની ટીમઃ** ફૅફ ડુ પ્લેસી (કૅપ્ટન), વિરાટ કોહલી, ગ્લેન મૅક્સવેલ, રજત પાટીદાર, અનુજ રાવત (વિકેટકીપર), દિનેશ કાર્તિક (વિકેટકીપર), સુયશ પ્રભુદેસાઈ, વિલ જૅક્સ, મહિપાલ લૉમરૉર, કર્ણ શર્મા, મનોજ ભંડાગે, મયંક ડાગર, વિજયકુમાર વૈશાક, આકાશ દીપ, મોહમ્મદ સિરાજ, રીસ ટૉપ્લી, હિમાંશુ શર્મા, રાજન કુમાર, કૅમેરન ગ્રીન, અલ્ઝારી જોસેફ, યશ દયાલ, ટૉમ કરૅન, લૉકી ફર્ગ્યુસન, સ્વપ્નિલ સિંહ અને સૌરવ ચૌહાણ.





**આરસીબીને ટાઇટલ અપાવવા અમે પણ તૈયાર**

બેન્ગલૂરુમાં સોમવારે પ્રૅક્ટિસ વખતે વિરાટ કોહલી અને કૅપ્ટન ફૅફ ડુ પ્લેસી. કોહલી બીજી વાર પિતા બન્યા પછી પહેલી વાર મેદાન પર આવ્યો છે. (પીટીઆઇ)

# ૨૪.૭૫ કરોડ રૂપિયાવાળો સૌથી મોંઘો મિચલ સ્ટાર્ક ભારતમાં

## કેકેઆરનો ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર આઠ વર્ષ પછી પાછો આઇપીએલમાં રમતો જોવા મળશે

કોલકાતાઃ ૧૯મી નવેમ્બરે અમદાવાદમાં વન-ડેના વર્લ્ડ કપની ફાઇનલમાં શુભમન ગિલ, કેએલ રાહુલ અને મોહમ્મદ શમીની વિકેટ લઈને ઑસ્ટ્રેલિયાને શાનદાર જીત અપાવવામાં મોટું યોગદાન આપનાર ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક એ વિજય બાદ ભારતથી રવાના થયો ત્યારે તેણે કલ્પના પણ નહીં કરી હોય કે ચાર મહિના પછી તે ૨૪.૭૫ કરોડ રૂપિયાનો આસામી બનીને ભારત પાછો આવશે.

આઇપીએલમાં આઠ વર્ષ સુધી ન રમી શક્યા બાદ જો કોઈ ખેલાડી આ ટૂર્નામેન્ટના ઇતિહાસના સૌથી મોંઘા ખેલાડી તરીકે રમવા આવે તો તેના માટે જ નહીં, પણ તેના ફ્રેન્ચાઇઝી માટે, તેના સાથી ખેલાડીઓ માટે અને કરોડો ચાહકો માટે બહુ મોટો અવસર કહેવાય. આ ખેલાડી સ્ટાર્ક છે જે આઇપીએલમાં પુનરાગમન કરવા આવી ગયો છે.

સ્ટાર્ક અગાઉ ૨૦૧૫માં આઇપીએલમાં રમ્યો હતો. ત્યારે તે રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી)નો હિસ્સો હતો. ત્યારે તે છેલ્લી મૅચ ચેન્નઈ સામે રમ્યો હતો. એ ક્વૉલિફાયર-ટૂ મૅચ હતી જેમાં સ્ટાર્કે ૨૭ રનમાં એક વિકેટ લીધી હતી.

સ્ટાર્ક હવે કલકત્તા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વતી રમવાનો છે અને પચીસ કરોડ રૂપિયા જેટલા તોતિંગ કૉન્ટ્રૅક્ટ-મની મળતાં તે કેવું રમે છે એ જોવું રહ્યું. જોકે ફાસ્ટ બોલરને પગની, ખભાની કે શરીરના અન્ય ભાગોના સ્નાયુઓની ઈજા થવી સામાન્ય બાબત છે એટલે સ્ટાર્ક આ આઇપીએલમાં કેટલું રમે છે એ પણ જોવું પડશે. જે ખેલાડી જેટલી મૅચ રમે અથવા જેટલી મૅચમાં રમવા ઉપલબ્ધ રહે એટલી જ મૅચના પૈસા તેને આપવામાં આવે છે.

સ્ટાર્ક ભારતમાં આવી પહોંચ્યો છે એની તસવીરો સોશિયલ મીડિયા પર શૅર કરવામાં આવી છે. તે આગમન વખતે બેહદ ખુશ હતો. તેનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાભાવિક છે કે જેને પચીસ કરોડ રૂપિયા જેટલી મહાકાય કમાણી કરવા મળવાની હોય એ પ્લેયર ટૂર્નામેન્ટમાં આગમન કરતી વખતે ઉત્સાહિત અને રોમાંચિત હોય જ. સ્ટાર્કના ચહેરા પર આવો જ ઉત્સાહ અને રોમાંચ નજરે પડતા હતા.

સ્ટાર્ક ૨૦૧૪ અને ૨૦૧૫ની આઇપીએલમાં આરસીબી વતી રમ્યો હતો જેમાં તેણે ૨૬ ઇનિંગ્સમાં ૨૦.૩૮ની સરેરાશે ૩૪ વિકેટ લીધી હતી. ૭.૧૭ તેનો ઇકોનોમી રેટ હતો. તેણે કુલ ૯૬ રન પણ બનાવ્યા હતા. આ વખતે સ્ટાર્ક કેવું પર્ફોર્મ કરે છે એના પર સૌની નજર રહેશે. ■




## ક્લાસિફાઇડ

### ૯. લગ્ન સંબંધી

**38 YEARS OLD HAST MELAP**
Marriage Bureau Pravina Mehta - Ghatkopar (E) M: 9869004894 - 9869000490 - 7304132551 - 9969371273 - 8355885945. (No Dowry). (B-13834)

### ૧૪. નોકરી ખાલી છે

■ સુવર્ણસંધી પાર્ટ ટાઈમ નિવૃત્ત/ગૃહિણી માટે. પગાર + મેડિકલ : 8369475229/ 9324476063. (બી-૧૩૯૩૧)

■ પગાર-7000 એડવોકેટ ઓફિસ માટે એડમિન (પુરુષ/સ્ત્રી) બેક ઓફિસ જોબઃ 1થી 7 ચર્ચગેટ ફોન 9833366968. (બી-૧૩૪૨૮)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો - શોરૂમ**
નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

**BANK માટે 2500' ફૂટ**
**સાયન, વડાલા (વેસ્ટ), અંધેરી-લોખંડવાલા, લોઅર પરેલ-કમલા મીલ પાસે, ગ્રાઉન્ડ ફલોર જોઈએ છે. 8879181869. (૧૪૨૬૬-એ)**

### ૩૩. ધંધાદારી

**ડિસ્ટ્રીબ્યુટર- (દુકાન)**
મુંબઈના દરેક પરામાં સીંગ/તલ/કોપરેલ/રાઈ/ એરંડીયું/બદામ સનફ્લાવર કચ્છીઘાણીનું (ફિલ્ટર વગરનું કોલ પ્રેસ) તેલ માટે નીમવાના. રવજીભાઈ 9820000473, શૈલેશ 9327755577. (૧૪૨૭૬-એ)

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રક્ચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(જેપી/૪૯૦૪-બી)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શુભલક્ષ્મી જ્યોતિષ***
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન, ગૃહકલેશ, સૌતનત્રાશ, સંતાન, વિવાહ, પ્યારમાં ધોકા, લવ પ્રોબ્લમ સ્પેશિયાલિસ્ટ. 9324622253 (મુંબઈ). (બી-૧૩૯૧૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફિંગ**
ટેરેસ, આઉટસાઈડ, ક્રેક ફિલિંગ, બાથરૂમ ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ પેઈન્ટિંગ- 9076066069. (જેપી/૪૯૦૬-એ)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**
આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસાપાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723/ 02242764276. (બી-૧૩૯૭૬)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# સાવચેતીના માનસ વચ્ચે અફડાતફડીમાંથી પસાર થયેલો નિફ્ટી ૨૨,૦૦૦ની સપાટી માંડ જાળવી શક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની ફેડરલલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણયની જાહેરાત અને ક્રૂડ ઓઇલના વધતા ભાવને કારણે સર્જાયેલા સાવચેતીના માનસને કારણે શેરબજારમાં સપ્તાહના પહેલા દિવસે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. રોકાણકારો મોટા લેણસોદાથી અળગા રહેવાનું પસદં કર્યું હોવા છતાં અફડાતફડીમાંથી પસાર થયેલો નિફ્ટી બેન્ચમાર્ક સાધારણ સુધારા સાથે ૨૨,૦૦૦ પોઇન્ટની સપાટી જાલવવામાં સફળ રહ્યો હતો.

બીએસઇનો ત્રીસ શેરોવાળો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૦૪.૯૯ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૭૨,૭૪૮.૪૨ પોઇન્ટના સ્તર પર સેટલ થયો છે. દિવસ દરમિયાન, સેન્સેક્સ ૭૨,૯૮૫.૮૯ પોઇન્ટની ઊંચી અને ૭૨,૩૧૪.૧૬ પોઇન્ટની નીચી સપાટી વચ્ચે અથડાતો રહ્યો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૩૨.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૨૨,૦૫૫.૭૦ પોઇન્ટ પર પહોંચ્યો હતો. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, શેરબજારમાં વૈશ્વિક પરિબળો સાથે સ્થાનિક સ્તરે ઇલેક્શનની જાહેરાતને પગલે સાવચેતીના માહોલ વચ્ચે ઉથલપાથલ અને અફડાતફડીનો દોર તીવ્ર બન્યો છે. લેવેચના ઉપરાછાપરી દોર વચ્ચે એન.એસ.ઈ.નો બેન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૨૨,૦૦૦ની નીચે જઈ પાછો ફર્યો હતો.

જોકે હાલ ઉછાળે વેચવાલીનો તાલ પણ જોવા મળે છે, એટલે ચોક્કસ ટ્રેન્ડ પકડાતો નથી. પ્રારંભિક સત્રમાં ભારતીય ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ સોમવારે ફ્લેટ ટ્રેડિંગ સાથે શરૂઆત કરી હતી, કારણ કે રોકાણકારો ઊંચા સ્તરે સાવચેત વલણ અપનાવી રહ્યા હતા.

જોકે પાછળથી પસંદગીના શેરમાં નીચા મથાળે લેવાલી પણ જોવા મળી હતી. સવારના સત્રમાં એમએન્ડએમ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ ટોપ ગેઇનર રહ્યા હતા, જ્યારે ખાનગી બેન્કો અને ઇન્ફોસિસના શેરમાં નોંધપાત્ર વેચવાલી અને પીછેહટ જોવા મળી હતી.

સત્રને અંતે સેન્સેક્સના શેરોમાં ટાટા સ્ટીલ પાંચ ટકાથી વધુ ઉછાળા સાથે ટોપ ગેઇનર બન્યો હતો. સૌથી વધુ ઉછાળો નોંધાવનાર અન્ય શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા મોટર્સ, એક્સિસ બેંક, સન ફાર્મા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને મારૂતિનો સમાવેશ રહ્યો હતો.

ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસ, ટાઇટન, વિપ્રો, હિન્દુસ્તાન યુનિલિવર અને નેસ્લેનો ટોપ લૂઝર્સ શેરોમાં સમાવેશ હતો.ઓટો, મેટલ, કોમોડિટીઝ અને હેલ્થકેર શેર્સમાં વધારો થયો જ્યારે આઇટી અને ટેકનોલોજી શેરોમાં વેચવાલી અને નુકસાન નોંધાયું હતું.

સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહી હોવાથી, મિડ અને સ્મોલકેપ શેરઆંકોમાં પણ નિરાશાજનક વલણ જોવા મળ્યું છે. સાર્વત્રિક વેચવાલીના માહોલમાં સેક્ટરલ ધોરણે માત્ર પીએસયુ બેંકો, મીડિયા અને ઓટોએ આગેકૂચ સાથે ઊંચા મથાળે વેપાર કર્યા હતા, બાકીના તમામ શેરાંકોમાં પ્રોફીટ બુકિંગ હોવા મળ્યું હતું. બુધવાર, ૨૦મી માર્ચના રોજ ફેડરલ રિઝર્વના નિર્ણય સાથે, બજારની અસ્થિરતા વધુ તીવ્ર થવાની ધારણા છે. રોકાણકારોનું ધ્યાન આગામી લોકસભાની ચૂંટણીઓ તરફ પણ જઈ રહ્યું છે, જે ૧૯ એપ્રિલે શરૂ થશે અને ૪ જૂને પૂર્ણ થશે.

માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા એસએમઇ આપીઓ, સ્મોલ કેપ અને મિડકેપના વેલ્યુએશન્સ સહિત બજારના એકથી વધુ સેગમેન્ટ અંગે જાહેર કરાયેલી આશંકા, મ્યુચ્યુઅલ ફંડ્સના તણાવ પરીક્ષણના પરિણામો, ફરજિયાત રિડેમ્પશન જેવા પરિબળો બજાર પર સંભવતઃ દબાણ લાવી શકે છે.

અગ્રણી ટેકનિકલ એનાલિસ્ટ કહે છે કે, નિફ્ટી માટે ૨૧,૫૩૦ પોઇન્ટના સ્તર પર મુખ્ય સપોર્ટ સાથે, ઇન્ટ્રાડે સપોર્ટ લેવલ ૨૧,૮૬૧ની સપાટી પર છે. જ્યારે તાત્કાલિક પ્રતિકાર સપાટી ૨૨,૨૫૦ પોઇન્ટના સ્તર પર છે. પ્રવર્તમાન અનિશ્ચિતતાઓ વચ્ચે રોકાણકારોએ સાવચેત રહેવું આવશ્યક છે. વિશ્વબજારમાં એશિયન બજારોમાં, સિઓલ, ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગ પોઇઝટીવ ઝોનમાં સ્થિર થયા હતા. યુરોપિયન બજારો ખૂલતા સત્રમાં ગ્રઈન ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે અમેરિકી બજારો નેગેટીવ ઝોનમાં બંધ બંધ રહ્યા હતા. એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૮૪૮.૫૬ કરોડની ઇક્વિટી ખરીદી હતી. ઓ બાબત નોંધવી રહી કે, એફઆઇઆઇએ માર્ચ મહિનામાં અત્યાર સુધી રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધુની લેવાલી નોંધાવી છે. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૭ ટકા વધીને ૮૬.૦૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

શુક્રવારે બીએસઈનો ૩૦ શેરનો બેન્ચમાર્ક ૪૫૩.૮૫ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા ઘટીને ૭૨,૬૪૩.૪૩ પર સેટલ થયો હતો. એનએસઇનો નિફ્ટી ૧૨૩.૩૦ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૨૨,૦૨૩.૩૫ પર આવી ગયો હતો.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર સાંકડી વધઘટે ટકેલા ધોરણે થયાના અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં એકંદરે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૨થી ૩૬૭૨માં ટકેલા ધોરણે થયા હતા.

# ફેડરલની બેઠક પૂર્વે સોનામાં ₹ ૫૩નો સુધારો અને ચાંદીમાં ₹ ૫૪નો ઘટાડો

મુંબઈઃ આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલો છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં ખાસ કરીને સોનામા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતર વધી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩નો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવ કિલોદીઠ રૂ. ૫૪ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૫૪ ઘટીને રૂ. ૭૪,૧૫૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ડૉલર સામે રૂપિયો નબળો પડતાં આયાત પડતર વધવાને કારણે હાજરમાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩ના સાધારણ સુધારા સાથે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૩૫૦ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૫,૬૧૨ના મથાળે રહ્યા હતા. એકંદરે આજે સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત હોળાષ્ટકને કારણે રિટેલ સ્તરની માગ પણ સુસ્ત રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. આવતીકાલથી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકનો આરંભ થવાનો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સોના-ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવતા હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૧૪૮.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૨૧૫૧.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના વાયદામાં પણ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ બે દિવસીય બેઠકના અંતે વ્યાજદર તો યથાવત્ રાખે તેવી શક્યતા છે, પરંતુ ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલ આગામી જૂનથી વ્યાજદરમાં કપાતની શરૂઆતના સંકેત આપવાની સાથે વ્યાજદરમાં કપાતની ગતિ મંદ પાડવા અંગે કોઈ અણસાર આપે છે કે નહીં તેના પર બજાર વર્તુળો મીટ માંડીને બેઠા છે. વધુમાં રોકાણકારોની નજર આગામી ગુરુવારની બૅન્ક ઑફ ઈંગ્લેન્ડની નીતિવિષયક બેઠક પર છે. જોકે આ બેઠકના અંતે વ્યાજદર ૫.૨૫ ટકાની સપાટીએ જાળવી રાખે તેવી શક્યતા છે, જ્યારે સ્વિસ નેશનલ બૅન્ક વ્યાજદર ઘટાડે તેવી શક્યતા અમુક બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

# ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાંકડી વધઘટ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો આગળ ધપતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે પાંચ પૈસા ઘટીને ૮૨.૯૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૨.૮૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૨.૮૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૨.૯૧ અને ઉપરમાં ૮૨.૮૩ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે પાંચ પૈસા ઘટીને ૮૨.૯૧ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૩.૪ની સપાટી આસપાસ મક્કમ રહ્યો હોવાના નિર્દેશ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને બેરલદીઠ ૮૬ ડૉલરની સપાટીની ઉપર ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વહેલાસર કાપ મૂકે તેવી શક્યતા પાતળી થવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાને કારણે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનો અન્ડરટોન જળવાઈ રહે તેવી શક્યતા જણાય છે. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૪.૯૯ પૉઈન્ટનો અને ૩૨.૩૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૮૪૮.૫૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં ચીનના એકંદરે આર્થિક ડેટાઓ પ્રોત્સાહક આવ્યા હોવા છતાં પ્રોપર્ટી માર્કેટમાં હજુ સુધારાનો અણસાર ન હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને ટીન, નિક્લ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ચારથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય લીડ ઈન્ગોટ્સ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી ત્રણ વધી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં અમુક ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું જેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૫૨૨, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૧૬૬ અને રૂ. ૨૫૫૬ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૮૦૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૯૦ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે અનુક્રમે રૂ. ૬૯૪ અને રૂ. ૨૨૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# એપ્રિલથી ડિસેમ્બરમાં અમેરિકા ખાતે સ્માર્ટફોનની નિકાસ વધીને ૩.૫૩ અબજ ડૉલર

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન અમેરિકા ખાતે સ્માર્ટફોનની નિકાસ ગત સાલના સમાનગાળાના ૯૯.૮ કરોડ ડૉલર સામે ઉછળીને ૩.૫૩ અબજ ડૉલરની સપાટીએ પહોંચી હોવાનું તાજેતરમાં વાણિજ્ય મંત્રાલયે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. સતત શિપમેન્ટમાં થઈ રહેલા વધારાને કારણે ગત નાણાકીય વર્ષના સમાનગાળામાં ભારતીય સ્માર્ટફોનનો બજાર હિસ્સો જે બે ટકાના સ્તરે હતો તે આ વર્ષે વધીને ૭.૭૬ ટકાની સપાટીએ રહેવાની સાથે યુએસ ખાતે સ્મોર્ટફોનની નિકાસમાં ત્રીજા ક્રમાંકનો મોટો દેશ બન્યો છે. વધુમાં એક અધિકારીએ જણાવ્યું હતું કે એકંદરે દેશમાં સ્માર્ટફોનના ઉત્પાદનમાં વધારો થયેલો વધારો નિકાસ વધારવામાં મદદરૂપ થયો છે. આ ઉપરાંત ભારતની નિકાસ વધવાથી સમીક્ષા હેઠળના સમયગાળામાં ચીન અને વિયેટનામની નિકાસમાં ઘટાડો થયો છે. અમેરિકા ખાતે નાણાકીય વર્ષમાં ટોચના પાંચ પુરવઠાકાર દેશો પૈકી ચાર દેશોની ગત એપ્રિલથી નવેમ્બર દરમિયાન સ્માર્ટફોનની આયાત જે ૪૯.૧ અબજ ડૉલરની સપાટીએ હતી તે ઘટીને ૪૫.૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ગત એપ્રિલથી નવેમ્બર દરમિયાન અમેરિકા ખાતે ચીનની સ્માર્ટફોનની નિકાસ ગત સાલના સમાનગાળાના ૩૮.૨૬ અબજ ડૉલર સામે ઘટીને ૩૫.૧ અબજ ડૉલર, વિયેટનામની નિકાસ ઘટીને ૫.૪૭ અબજ ડૉલર (૯.૩૬ અબજ ડૉલર) અને હોંગકોંગની નિકાસ ઘટીને ૧૧.૨ કરોડ ડૉલર (૧૩.૨ કરોડ ડૉલર)ની સપાટીએ રહી હતી, જ્યારે દક્ષિણ કોરિયાની નિકાસ વધીને ૮૫.૮ કરોડ ડૉલર (૪૩.૨ કરોડ ડૉલર)ની સપાટીએ રહી હતી. વર્ષ ૨૦૨૨-૨૩થી ભારતીય સ્માર્ટફોનની બજારમાં હાજરી જોવા મળી હતી અને નિકાસ ૧૦.૯૫ અબજ ડૉલરની સપાટીએ પહોંચી હતી. આ નિકાસ વૃદ્ધિ વર્ષ ૨૦૨૩-૨૪માં પણ જળવાઈ રહેતાં આ વર્ષમાં ગત ડિસેમ્બર મહિના સુધીની સ્માર્ટફોનની કુલ નિકાસ ૧૦.૫ અબજ ડૉલરની સપાટી સુધી પહોંચી છે. પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમની જાહેરાત અને અમેરિકા સ્થિત આઈફોન ઉત્પાદક એપલ દ્વારા સ્થાનિકમાં ઉત્પાદન શરૂ કરવામાં આવતાં ભારત સ્માર્ટફોનના મુખ્ય હબ તરીકે ઉભરી આવ્યું છે.

# નિરસ વેપારે અમુક આયાતી દેશી તેલમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૦ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે શિકાગો ખાતેના સોયાતેલના વાયદાના પ્રોજેક્શનમાં ૩૦ પૉઈન્ટનો ઘટાડો દર્શાવાઈ રહ્યો હતો. આમ વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલો તેમ જ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહેતાં હાજરમાં આયાતી તેલમાં સોયા રિફાઈન્ડ અને આરબીડી પામોલિનમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ ઘટી આવ્યા હોવાથી સ્થાનિકમાં સિંગતેલ અને સરસવ તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચીના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં આગામી ૫થી ૨૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૭૮ અને ૨૦થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૨૫, ગોલ્ડન એગ્રીના રૂ. ૯૭૫ અને એએનએના રૂ. ૯૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે આજે સ્થાનિકમાં માત્ર સેલરિસેલ ધોરણે અંદાજે પાંચ-દસ ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૬૫થી ૯૬૭ આસપાસના મથાળે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૬૫થી ૯૬૭, ક્રૂડ પામતેલના રૂ. ૯૪૫થી ૯૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૦૩૦, સોયા ડિગમના રૂ. ૧૦૧૦, સન રિફાઈન્ડના રૂ. ૯૯૦, સન ક્રૂડના રૂ. ૯૨૫, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૦૨૦ અને સરસવના રૂ. ૧૦૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦થી ૨૩૬૦માં અને લૂઝના ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦થી ૧૪૭૫માં થયા હતા, જ્યારે કપાસિયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૫થી ૯૫૦માં થયાના અહેવાલ હતા.

# છેલ્લાં નવ વર્ષમાં વીમા ક્ષેત્રે ₹ ૫૪,૦૦૦ કરોડના સીધા વિદેશી રોકાણ

નવી દિલ્હીઃ સરકાર દ્વારા દરિયાપારનાં મૂડીગત આંતરપ્રવાહના ધોરણો હળવા કરવામાં આવતાં છેલ્લાં નવ વર્ષમાં વીમા ક્ષેત્રે સીધા વિદેશી રોકાણનો આંતરપ્રવાહ રૂ. ૫૪,૦૦૦ કરોડની સપાટીએ પહોંચ્યો હોવાનું નાણાં સચિવ વિવેક જોશીએ તાજેતરમાં જણાવ્યું છે.

વર્ષ ૨૦૧૪માં સીધા વિદેશી રોકાણની મર્યાદા જે ૨૬ ટકા હતી તે સરકારે વર્ષ ૨૦૧૫માં વધારીને ૪૯ ટકા કરી હતી અને ત્યાર બાદ ફરી વર્ષ ૨૦૨૧માં વધારીને ૭૪ ટકા કરવામાં આવી હોવાનું તેમણે પીટીઆઈને એક મુલાકાતમાં જણાવતા ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૯માં ઈન્શ્યોરન્સ ઈન્ટરમિડિયરીઝ માટે સીધા વિદેશી રોકાણની મર્યાદા વધારીને ૧૦૦ ટકા કરવામાં આવી હતી. પરિણામે ડિસેમ્બર, ૨૦૧૪થી જાન્યુઆરી, ૨૦૨૪ સુધીના સમયગાળામાં સીધા વિદેશી રોકાણ મારફતે વીમા કંપનીઓમાં રૂ. ૫૩,૯૦૦ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો છે. તેમ જ આ સમયગાળા દરમિયાન વીમા ક્ષેત્રની કંપનીઓ પણ જે ૫૩ હતી તે વધીને ૭૦ના સ્તરે પહોંચી છે. વર્ષ ૨૦૧૩-૧૪થી ૨૦૨૨-૨૩ દરમિયાન વીમા પ્રવેશ(પેનેટ્રેશન)ની ટકાવારી જે ૩.૯ ટકા હતી તે વધીને ચાર ટકાના સ્તરે રહી હતી, જ્યારે વીમા ઘનતા (ડેન્સિટી)જે વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૨ ડૉલરના સ્તરે હતી તે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૯૨ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે દેશમાં વીમા ક્ષેત્રના વિકાસને જોવા માટે પેનેટ્રેશન અને ડેન્સિટી એકમોને ધ્યાનમાં લેવામાં આવે છે. તેમ જ પેનેટ્રેશનનું મૂલ્યાંકન વીમા પ્રીમિયમ અને જીડીપીની ટકાવારી તરીકે ગણવામાં આવે છે અને ડેન્સિટીની ગણતરી વસતી અને માથાદીઠ પ્રીમિયમની સરાસરીથી ગણવામાં આવે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ડિઝલ એન્જિનો માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં.** EL/TRD/Tender/23-24/30. **કામનું નામઃ** વડોદરા મંડળના 8-વ્હીલર અને 4-વ્હીલર ટાવર વેગનો ડિઝલ એન્જિનો માટે બે (02) વર્ષોના સમયગાળા માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટનું કામ. **કામની અંદાજીત પડતર (રૂા.માં):** ₹ 2,54,24,839/- **બિડ સિક્યુરીટી (રૂા.માં):** ₹ 2,77,100/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળોઃ** પૂર્ણ કરવાનો સમયગાળો 24 મહિના, **ટેન્ડરનું સમયપત્રકઃ** ટેન્ડર બંધ થવાની તારીખ: તા.16-04-2024 અને બંધ થવાનો સમય એજ તારીખે 15:00 કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફિસનું સરનામું: વેબસાઈટ: @ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-349

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**નોટિસ**

15મી ડિસેમ્બર, 1984 ના રોજ નોંધાયેલ સંમતિ હુકમનામું અનુસાર, બોમ્બે ખાતે માનનીય હાઈકોર્ટ ઓફ જ્યુડીકેટરમાં 1984 ના દાવો નં. 2525 માં પસાર થયેલ, શ્રીમતી ચંપાબેન બાપુલાલ શાહ, શ્રી ભાસ્કર બાપુલાલ શાહ અને શ્રી. જનકબાપુલાલ શાહ સ્થાવર મિલકતના હકદાર બન્યા, જેમ કે અહીં લખેલ ('કહેવામાં આવેલી મિલકત') અનુસૂચિમાં વિશેષ રીતે વર્ણવવામાં આવ્યું છે.

શ્રીમતી ચંપાબેન બાપુલાલ શાહ 11.12.1985 ના રોજ મૃત્યુ પામ્યા હતા (વસિયત કર્યા વગર) અને તેમના બે પુત્રો જેમ કે તેઓ હયાત હતા. શ્રી. ભાસ્કર બાપુલાલ શાહ અને શ્રી જનક બાપુલાલ શાહ અને તેમની પરિણીત પુત્રી શ્રીમતી. અરુણા જીતેન્દ્ર શાહ.

શ્રી જનક બાપુલાલ શાહનું 24.05.2016 ના રોજ અવસાન થયું હતું (વસિયત કર્યા વગર) અને તેમના વિધવા શ્રીમતી બિંદુ જનક શાહ અને બે પુત્રો એટલે કે તેમના પરિવારમાં હતા. શ્રી દેવાંગ જનક શાહ અને શ્રી દિપેન જનક શાહ.

આથી સૂચના આપવામાં આવે છે કે અમે શ્રી ભાસ્કર બાપુલાલ શાહ, શ્રીમતી અરુણા જિતેન્દ્ર શાહ, શ્રીમતી બિંદુ જનક શાહ, શ્રી દેવાંગ જનક શાહ અને શ્રી દિપેન જનક શાહની ઉપરોક્ત મિલકતની તપાસ કરી રહ્યા છીએ.

ઉક્ત મિલકત અથવા તેના કોઈપણ ભાગ અથવા તેના પર વેચાણ, વિકાસના અધિકારો, સોંપણી, ગીરો, ટ્રસ્ટ, પૂર્વાધિકાર, ભેટ, ચાર્જ, કબજો, વારસા દ્વારા તેના પર લાવવામાં આવનાર બાંધકામ સામે અથવા તેની સામે કોઈપણ દાવો અથવા હિત ધરાવતી તમામ વ્યક્તિઓ, લીઝ, ટેનન્સી, જાળવણી, સરળતા અથવા અન્યથા કોઈપણ રીતે, આથી, સંદર્ભ નં. ટાંકીને નીચે સહી કરનારને સહાયક દસ્તાવેજી પુરાવાઓ સાથે લેખિતમાં જાણ કરવી જરૂરી છે. અહીં પ્રકાશિત થયાની તારીખથી 21 દિવસની અંદર નીચે દર્શાવેલ સરનામે નીચે જણાવવામાં આવ્યું છે કે જે નિષ્ફળ જાય તો દાવો, જો કોઈ હોય, તો તેને માફ કરવામાં આવશે.

**ઉપર દર્શાવેલ અનુસૂચિ સંદર્ભિત:**

પ્લોટ નં. 92, કેડસ્ટ્રલ સર્વે નં. 417 ધરાવતો પ્લોટ નં. 772.86 ચોરસ મીટર અથવા તેની આસપાસનો અને કેડસ્ટ્રલ સર્વે નં. 413 (ભાગ) 141. 44 ચો.મી.થી 39.44 ચો.મી. ચોરસ મીટર અથવા મલબાર અને કુંબાલા હિલ ડિવિઝનની આસપાસ અને મ્યુનિસિપલ દરો અને કર વિભાગના આકારણીકાર અને કલેક્ટર દ્વારા મૂલ્યાંકન, ડી-વોર્ડ, નંબર 2649 (3-A), શેરી નં.3 હેઠળ, બોમ્બે સિટીના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને પેટા ડિસ્ટ્રિક્ટમાં બાબુનાથ રોડ, મુંબઈ- 400 007 પર પડેલું અને આવેલું છે, જેમાં "બાપુ સ્મૃતિ" તરીકે ઓળખાતી ઇમારત "વસંત નિવાસ" તરીકે પણ ઓળખાય છે જેમાં ભોંયતળિયું વત્તા 4 ઉપરના માળનો સમાવેશ થાય છે. અને 11 યુનિટ અને ભોંય તળિયે બંધ ગેરેજ છે.

મુંબઈ, આ 19મી માર્ચ, 2024ના દિવસે તા સંદર્ભ No.VAJ/2024

વી એ જોશી,
ભાગીદાર,
મે ચિટનીસ વૈથી એન્ડ કું., એડવોકેટ એન્ડ સોલિસીટર્સ, 410/411, ગુંદિયા ચેમ્બર્સ, નગીનદાસ માસ્ટર રોડ, ફોર્ટ, મુંબઈ - 400023

**પશ્ચિમ રેલવે-રતલામ ડીવીઝન**

**ટેન્ડર નોટીસ**

**ટેન્ડર નોટીસ નં.: M247GLRSSL 302410, તારીખઃ ૧૫.૦૩.૨૦૨૪. કામનું નામઃ** ઈલેક્ટ્રિક લોકોમોટિવના સ્મૂથનિંગ રીએક્ટર્સ ટાઈપ SL-૩૦નું સમારકામ, રીહેબીલીટેશન અને મોડીફિકેશન. **સ્થળઃ** CWM/દાહોદ પ. રેલવેની ઓફિસ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૮,૧૬,૭૪,૫૮૪/-. **બીડ સુરક્ષાઃ** રૂ. ૫,૫૮,૪૦૦/-. **ઈ-ટેન્ડરની સુપ્રતિની અને ખોલવાની તારીખ અને સમયઃ** ઈ-ટેન્ડરની સુપ્રતિ ૦૮.૦૪.૨૦૨૪ના ૧૪:૩૦ કલાક સુધી અને તેજ દિવસે ૧૫:૦૦ કલાકે. ઈ-ટેન્ડર ખૂલશે. ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો પર ઉપલબ્ધ છે. **www.ireps.gov.in** / E-Tenders/Works/IR Electrical

C.W.M, દાહોદ, પ. રેલવે

EXP/17/1/474

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ટેન્ડર નોટીસ**

ટેન્ડર નોટીસ નં.: **M247GTWDETC855 R2411, તારીખઃ ૧૫.૦૩.૨૦૨૪, કામનું નામઃ** ૮ વ્હિલર DETC (પ્રકારઃ NTA૮૫૫R)ના વિવિધ ઈક્યુપમેન્ટની પેરીઓડીક ઓવરહોલિંગ, **સ્થળઃ** CWM/દાહોદ પ. રેલવેની ઓફિસ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧,૧૭,૫૧,૫૪૬/-. **બીડ સુરક્ષાઃ** રૂ. ૨,૦૮,૮૦૦/-. **ઈ-ટેન્ડરની સુપ્રતીની અને ખોલવાની તારીખ અને સમયઃ** ઈ-ટેન્ડરની સુપ્રતિ ૦૮.૦૪.૨૦૨૪ના ૧૪.૩૦ ક. સુધી અને તે જ દિવસે ૧૫:૦૦ કલાકે ઈ-ટેન્ડર ખૂલશે. ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો પર ઉપલબ્ધ છે. **www.ireps.gov.in**/E-Tenders/Works/IR Electrical.

C. W. M., દાહોદ, પ.રેલવે

EXP/17/1/475

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**સ્ટેશન વિકાસ અને અન્ય કામના સંબંધમાં OHE કામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં.** EL/TRD/Tender/23-24/15R2. **કામનું નામઃ** વડોદરા ડિવિઝનના પૂર્ણ થયેલા વિદ્યુતિકૃત ક્ષેત્રમાં સ્ટેશનના વિકાસ અને અન્ય સંબંધિત કામ તેમજ છાયાપુરી રેલવે સ્ટેશન ખાતે ફુટ ઓવરબ્રિજના બાંધકામના સંબંધમાં OHE કામ. **કામની અંદાજીત પડતર (રૂા.માં):** ₹ 1,32,03,042/- **બિડ સિક્યુરીટી (રૂા.માં):** ₹ 2,16,000/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળોઃ** પૂર્ણ કરવાનો સમયગાળો 12 મહિના, **ટેન્ડરનું સમયપત્રકઃ** ટેન્ડર બંધ થવાની તારીખ: તા.15-04-2024 અને બંધ થવાનો સમય એજ તારીખે 15:00 કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ @ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-350

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડરીંગ નોટિસ**

**NIT નં.: RTM-GSU-PSSA-1R,** તા. ૧૪-૩-૨૪, ધ ડે.સીઈ/જીએસ/રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટઃ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર દ્વારા ''ઓપન ટેન્ડર બે પેકેટ પદ્ધતિ'' મંગાવે છે. વિગતો નીચે મુજબ છે. **ઈ-ટેન્ડર નં.: RTM-GSU-PSSA-1R, કામનું નામઃ** ચીફ પ્રોજેક્ટ મેનેજર ગતિ શક્તિ યુનિટ રતલામ, પ.રે.ની હકૂમતમાં કામની વિવિધ કંસ્ટ્રક્શન સાઈટસ માટે પ્રોજેક્ટ સુપરવીઝન સર્વિસીઝ એજન્સી (PSSA)ની નિમણૂંક માટે રીકવેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP), **અંદા.જથ્થોઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદા.કિંમતઃ** ₹ ૧,૩૭,૩૯,૪૧૦/-, **બાના રકમઃ** ₹ ૨,૧૮,૭૦૦/-, **પૂર્ણતા મુદ્દતઃ** ૧૨ માસ, **લાયકાતની શરતો, ખાસ નાણાંકીય અને ટેકનિકલ ક્રાઈટેરિયાઃ** (i) કૃપયા દસ્તાવેજોમાં સંલગ્ન PSSAની નિમણૂંક માટે રીકવેસ્ટ ફોર પ્રોપોઝલના મોડલ દસ્તાવેજનો પેરા ૩.૧.૨(એ) & (સી) રીફર કરો. (ii) કૃપયા દસ્તાવેજોમાં સંલગ્ન PSSAની નિમણૂંક માટે રીકવેસ્ટ ફોર પ્રોપોઝલ મોડલ દસ્તાવેજનો પેરા ૩.૧.૨ (બી) રીફર કરો, **વેબસાઈટ પર અપલોડીંગની તાઃ** ૧૪/૩/૨૪, **ટેન્ડરની ખુલવાની તા.:** ૧૬/૪/૨૪, **દસ્તાવેજની ભૌતિક સુપ્રતિની તા.:** ક્લૉઝ ૨.૨.૧ અને/કે ક્લૉઝ ૨.૩ મુજબ, **પ્રી-બીડ કોન્ફરન્સઃ** DRM ઓફિસ, Do બત્તી, રતલામ ૪૫૭૦૦૧ (MP)માં ૨૨/૩/૨૪ના ૧૧.૦૦ ક. **પૂછપરછ પ્રાપ્ત કરવાની છેલ્લી તા.:** ૨૩/૩/૨૪ના ૧૫ ક. વિગતવાર ટેન્ડર નોટિસ, લાયકાતની શરતો અને નિયમો તથા શરતો વેબસાઈટઃ **www.ireps.gov.in** ખાતે ઉપલબ્ધ છે. ડે.ચીફ એન્જિનિયર (GSU), રતલામ ડિવિઝન.

EXP/5/1/473 પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**PUBLIC NOTICE**

We are investigating the title of RANI VIJAY AGARWAL, having address at 93-B, Maker Towers, Cuffe Parade, Mumbai 400 005, in respect of the below mentioned premises.

The title of the aforesaid owner to the said premises arises as under :-

(a) The said premises was originally purchased by (i) Rani Vijay Agarwal (ii) Kaushalya Birendra Agarwal and (iii) Surendra J. Agarwal on 15th January, 1979.

(b) By two separate Agreements, both dated 27th March, 1984, the said Kaushalya Birendra Agarwal and Surendra J. Agarwal as and by way of family arrangement transferred their respective shares in the said premises in Favour of Vijay Kumar Agarwal. The originals of the above referred two agreements are lost/misplaced/not traceable.

(c) The said Vijay Kumar Agarwal by the registered Deed of Gift dated 30th March, 2022 gifted his share in the said premises to his wife Rani Vijay Agarwal.

Any person having any claim or right on the same by way of inheritance, share, sale, mortgage, lease, licence, gift, possession, possession of original documents or otherwise is hereby required to intimate to the undersigned within ten (10) days from the date of publication of this notice of his such claim, if any, with all supporting documents failing which the claim, if any, of such person shall be treated as waived.

**SCHEDULE OF THE PREMISES**

Residential Flat being No. 93 (also known as 93-B), on 9th Floor of the building "Maker Towers", Tower B situated at Plot No. 85, C. S. No. 641 of Colaba Division, Cuffe Parade, Mumbai 400 005, together with the shares issued by Maker Towers A & B Co-operative Housing Society Ltd.

Dated this 19th day of March, 2024.

Sd/-
For M/s. Vimadalal & Co.
(S. N. Vimadalal)
Advocates & Solicitors
14, Hamam House, 3rd floor,
36, Ambalal Doshi Marg,
Fort, Mumbai 400 001.

## આજે ફક્ત એક દિવસ માટે મુંબઈમાં

# ૧૫ ટકા પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મંગળવાર, ૧૯ માર્ચના એક દિવસ પૂરતો ૧૫ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો છે. તેથી નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની અપીલ પાલિકા પ્રશાસને કરી છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પિસેમાં આવેલા બંધ પરના ગેટના ૩૨માંથી એક રબર બ્લાડરમાં શનિવાર, ૧૬ માર્ચ, ૨૦૨૪ના અચાનક સમસ્યા સર્જાઈ હતી અને પાણીનું ગળતર ચાલુ થઈ ગયું હતું. તેથી આ બ્લાડરનું સમારકામ કરવા માટે પિસેમાં પાણીની સપાટી ૩૧ મીટર સુધી નીચે લાવવા માટે ભાતસા બંધમાંથી આવતા પાણીપુરવઠાને નિયંત્રણમાં લાવવામાં આવ્યું હતું. ત્યારબાદ રબર બ્લાડરનું સમારકામ સોમવાર, ૧૮ માર્ચ, ૨૦૨૪ના હાથ ધરવામાં આવ્યું હતું. આ કામ સોમવાર સવારના આઠ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધીમાં યુદ્ધના ધોરણે (જુઓ પાનું ૪)

### થાણેમાં બુધવારે ૩૦ ટકા પાણીકાપ

થાણે મહાનગરપાલિકાના પોતાની પાણીપુરવઠા યોજના અંતર્ગત સોનાળે જંકશનથી કલ્યાણ ફાટા જંકશન સુધી પાલિકાની બે મુખ્ય પાઈપલાઈન નેશનલ હાઈવે-૩ના પહોળી કરવામાં અડચણરૂપ બની રહી છે. તેથી થાણે પાલિકાએ બુધવાર, ૨૦ માર્ચ, ૨૦૨૪ના સવારના નવ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી ૧૨ કલાક માટે પાઈપલાઈન બંધ રાખવાની છે. તેથી થાણે શહેરને ૩૦ ટકા ઓછો પાણીપુરવઠો કરવામાં આવવાનો છે. તેથી થાણે શહેરના વિવિધ ઠેકાણે ઝોનિંગ કરીને પાણીપુરવઠો કરવામાં આવશે. આ શટડાઉનને કારણે પાણીપુરવઠો પૂર્વવત્ થાય ત્યા સુધી એકાદ-બે દિવસ ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે. ■

## મનસે મહાયુતિમાં? ‣ રાજ ઠાકરે દિલ્હી રવાના ‣ બાળા નાંદગાવકરને દક્ષિણ મુંબઈની ઉમેદવારી?

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવ્યા પછી પણ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નું હજુ પણ ઓપરેશન લોટસ ચાલુ છે, જેમાં અનેક નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં અનેક નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે મરાઠી કદાવર નેતા અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે પણ ભાજપમાં જોડાઈ શકે એવી અટકળો બળવત્તર બની છે.

એની વચ્ચે ભાજપના પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરવા માટે રાજ ઠાકરે દિલ્હી રવાના થયા છે, જ્યારે ભાજપના મહારાષ્ટ્ર પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ દિલ્હીમાં છે. પાર્ટીના બંને દિગ્ગજ નેતાની ઉપસ્થિતિમાં આ મુદ્દે મહત્ત્વની ચર્ચા કરવાની શક્યતા છે. જોકે, મનસેએ દક્ષિણ મુંબઈ અને શિરડી એમ બે સીટ માગી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

લોકસભાની ચૂંટણીને લઈ ભાજપે બે યાદી જાહેર કરી છે, જ્યારે ભાજપની ત્રીજી યાદીની (જુઓ પાનું ૪)

### મહાવિકાસ આઘાડીની સીટ શેરિંગ ફોર્મ્યુલા

## શરદ જીદ મનાવવામાં સફળ થયા?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશમાં લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાંની સાથે જ બધા રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારને તેજ બનાવી દીધો છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રમાંથી બેઠકોની વહેંચણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી એમવીએ સાથી પક્ષો, શિવસેના-ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે, યુબીટી કૉંગ્રેસ અને એનસીપી-શરદચંદ્ર પવાર લોકસભા ચૂંટણી માટે રાજ્યમાં બેઠકોની વહેંચણી પર સંમત થયા છે.

મહત્ત્વની વાત એ છે કે શરદ પવાર ૧૦ બેઠક પર લડવાની જીદ પૂરી કરી શક્યા છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરે મુંબઈમાં છમાંથી પાંચ બેઠકો મેળવીને અને ૪૮માંથી ૨૨ બેઠકો પર પોતાનો દાવો ઠોકીને મોટા ભાઈ સિદ્ધ થયા છે.

**કોણ કેટલી બેઠકો પર ચૂંટણી લડશે?:** સૂત્રોના જણાવ્યા અનુસાર સીટ એલોટમેન્ટ માટે એમવીએની ફોર્મ્યુલા ૨૨, ૧૬ અને ૧૦ છે. મહારાષ્ટ્રની ૪૮ લોકસભા બેઠકોમાંથી યુબીટી ૨૨ પર, કૉંગ્રેસ ૧૬ પર અને શરદ પવાર જૂથ ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે. ત્રણેય પક્ષોના (જુઓ પાનું ૪)

## સુરત-ચેન્નઈ ગ્રીનફિલ્ડ હાઈવેનું કામ બંધ કરવાનો આદેશ

નાસિકઃ બહુચર્ચિત સુરત-ચેન્નઈ ગ્રીનફિલ્ડ હાઈવે પરનું કામ આગામી આદેશ સુધી રોકવાનો આદેશ 'નેશનલ હાઈવે ઓથોરિટી'એ આપ્યો છે. આ પત્ર હાઇવે ઓથોરિટી દ્વારા પ્રશાસનને મોકલવામાં આવ્યો છે. નાસિક - પુણે હાઈસ્પીડ રેલવે પછી જિલ્લાનો આ મહત્ત્વનો પ્રોજેક્ટ રખડી પડે તેવી શક્યતા છે.

કેન્દ્ર સરકારની ભારતમાલા યોજના હેઠળ ૧,૨૭૧ કિલોમીટર લાંબા હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. નાસિક, નગર અને સોલાપુર એમ ત્રણ જિલ્લામાંથી પસાર થતા હાઇવે માટે જમીન સંપાદિત કરવાની છે. જોકે, પ્રોજેક્ટનું નિર્માણ કરી રહેલી નેશનલ હાઇવે ઓથોરિટીએ જિલ્લા વહીવટીતંત્રને પત્ર લખીને પ્રોજેક્ટનું કામ હાલના તબક્કે અટકાવવાનો આદેશ કર્યો છે.

સુરત-ચેન્નઈ હાઈવે નાસિક જિલ્લાના સુરગાણા, પેઠ, ડિંડોરી, નિફાડ, નાસિક અને સિન્નર નામના છ તાલુકાઓમાંથી પસાર થશે. જિલ્લામાં આ હાઇવેની લંબાઈ અંદાજે ૧૨૨ કિલોમીટર છે, જેના માટે ૯૯૬ હેક્ટર જમીન સંપાદિત કરવાની છે. છ તાલુકાઓમાં ખાનગી ક્ષેત્રની મોટાભાગની ગણતરી પૂર્ણ થઈ ગઈ છે અને (જુઓ પાનું ૪)

## કોસ્ટલ રોડ પર બપોરે ત્રણથી ચાર ટ્રાફિક જામ

### ફક્ત ફરવા આવનારાઓનો ધસારો

મુંબઈઃ કોસ્ટલ રોડ મુંબઈગરા માટે એક અઠવાડિયા પહેલાં ખુલ્લો મૂકાયો છે અને એવી આશા સેવાઈ રહી છે મુંબઈગરાને આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને કારણે ટ્રાફિકજામની સમસ્યામાંથી મુક્તિ મળશે. એક અઠવાડિયામાં હજારો મુંબઈગરા આ કોસ્ટલ રોડ પ્રોજેક્ટનો લાભ લઈ ચૂક્યા છે. દરરોજ આ કોસ્ટલ રોડ પરથી પ્રવાસ કરનારાઓની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી રહી છે.

અત્યાર સુધી ૨૨,૦૦૦થી વધુ લોકોએ આ રોડ પરથી પ્રવાસ કર્યો છે. કોસ્ટલ રોડ પર વરલીથી સવારે આઠથી સાંજે પાંચ વાગ્યા સુધી અને મુંબઈથી સવારે આઠથી રાતે આઠ સુધી પ્રવાસ કરી શકાય છે.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે હજારોની સંખ્યામાં મુંબઈગરા આ કોસ્ટલ રોડનો ઉપયોગ કરી રહ્યા છે અને એને કારણે અમુક સમયે આ રોડ પર પણ ટ્રાફિક જામની સમસ્યા જોવા મળી રહી છે. સવારના સમયે વાહનવ્યવહાર એકદમ સરળતાથી થાય છે. પરંતુ બપોરે ત્રણથી ચારની વચ્ચે અહીં ટ્રાફિકજામ થતો હોવાનું અહેવાલમાં સામે આવી રહ્યું છે. સામાન્યપણે સવારે ૧૦થી બપોરે ૧૨ એ મુંબઈ માટે ધસારાનો સમય ગણાય છે પણ આ સમયે કોસ્ટલ રોડ પર ટ્રાફિકજામ નથી જોવા મળતો. આ ટ્રાફિકજામના (જુઓ પાનું ૪)

## મુંબઈ-નાશિક હાઈવે પર પોણો કલાક ટ્રાફિક ઠપ્પ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મુંબઈ-નાશિક હાઈવે પર એક સીએનજી સંચાલિત કારમાં આગ ફાટી નીકળતા લગભગ પોણો કલાક સુધી હાઈવે પર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો અને વાહનોની લાંબી લાઈન લાગી ગઈ હતી.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ મુંબઈ-નાશિક હાઈવે પર થાણે (પશ્ચિમ)માં પ્રેસ્ટિજ ગાર્ડન સોસાયટી સામે નિતીન કંપની ફ્લાયઓવર પાસે સાંજે સવા ચાર વાગે એક સીએનજી સંચાલિત હોન્ડા કારમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ કાર ઘાટકોપરથી થાણેમાં વાઘબીળ જઈ રહી હતી અને તેમાં મોટા પ્રમાણમાં ડેકોરેશનનું સામાન હતું.

કારમાં આગ લાગી હોવાની જાણ થતા જ કારનો ૨૧ વર્ષનો ડ્રાઈવર (જુઓ પાનું ૪)

## વડાલામાં પાલિકાના ગાર્ડનમાં પાણીની ટાંકીમાં પડી ગયેલાં બે બાળકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રમવા માટે મુંબઈ મહાનગરપાલિકાના ગાર્ડનમાં ગયેલાં બે માસૂમ બાળકના પાણીની ખુલ્લી ટાંકીમાં પડી જવાથી મૃત્યુ થયાં હોવાની કરુણ ઘટના વડાલામાં બની હતી.

આરએકે માર્ગ પોલીસના જણાવ્યા મુજબ બન્ને બાળકની ઓળખ અર્જુન મનોજ વાઘરી (૪) અને તેનો મોટો ભાઈ અંકુશ વાઘરી (૫) તરીકે થઈ હતી. બન્નેના મૃતદેહ સોમવારની સવારે વડાલા નજીકના મહર્ષિ કર્વે ગાર્ડનમાંની પાણીની ટાંકીમાંથી મળી આવ્યા હતા. આ પ્રકરણે એડીઆર નોંધી (જુઓ પાનું ૪)

MAHABALESHWAR
HOTEL Rajesh
Pure Veg.
stay@hotelrajesh.com
All A/C Rooms
Swimming Pool & Garden
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ideal for Destination Wedding / Events
Ph. 9769894565 / 26631503
26118994 / 26118995
www.hotelrajesh.com

## ઉત્તર પ્રદેશમાં ધમધમતા ડ્રગ્સ બનાવવાના કારખાના પર થાણે પોલીસની કાર્યવાહી

### ₹૨૫ કરોડનું ડ્રગ્સ બનાવી શકાય એટલું રસાયણિક મિશ્રણ અને ₹ ૨.૬૪ કરોડનું એમડી જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મેફેડ્રોન (એમડી) ડ્રગ સાથે પકડાયેલા વસઈના ચાર આરોપીની તપાસ બાદ થાણે પોલીસની ટીમે ઉત્તર પ્રદેશમાં ધમધમતા ડ્રગ્સ બનાવવાના કારખાનાનો પર્દાફાશ કર્યો હતો. કારખાનામાંથી લગભગ પચીસ કરોડ રૂપિયાનું ડ્રગ્સ બનાવી શકાય એટલું રસાયણિક મિશ્રણ અને ૨.૬૪ કરોડના એમડી સહિત ડ્રગ્સ બનાવવાનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં.

ઉત્તર પ્રદેશ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની મદદથી થાણે ક્રાઈમ બ્રાન્ચની ટીમે શનિવારે વારાણસી જિલ્લાના (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**





કુલીન કુમાર હોલીડેઝ – એકમાત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

100% PURE NEW ZEALAND

ઓકલેન્ડ ▸▸ બે ઓફ આઈલેન્ડ ▸▸ રોટોરૂઆ ▸▸ કવીન્સટાઉન ▸▸ માઉંટ કુક ▸▸ ક્રાઈસ્ટચર્ચ ▸▸ હેન્મર સ્પ્રિંગ્સ

- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં સફર
- લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા ભોજનનો આસ્વાદ
- ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- ભરપુર સાઈટ સીઈગનો સમાવેશ
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઈપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર

પ્રસ્થાન 2024
April: 02, 12, 15, 22, 25
May: 07, 13, 20, 23, 25

✓ All Blacks Experience ✓ Helicopter Ride ✓ Jet Boat Ride ✓ Hanmer Springs Spa etc.

KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500

Ghatkopar Cloth Stores (p) Ltd. TM
Since 1981
... where fashion meets compassion




Buy Single pieces directly from factory at factory prices !
SAREES | LEHENGAS | DRESSES
INDO - WESTERN | KURTIS
25, Gayatri Dham, M. G. Rd., Ghatkopar (E), M.-77.
: 9930520515 | Monday Closed